# જૈન ધર્મનું અજોડ કર્મ વિજ્ઞાન

૮૪

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

સંપાદક
મુનિ કલ્પરત્નવિજય મ.સા.



# જૈન ધર્મનું અજોડ કર્મ વિજ્ઞાન

(૮૪)

લેખક

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્

વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

સંપાદક

**મુનિ કલ્પરત્નવિજય મ.સા.**

## લેખક પરિચય

સિદ્ધાંત મહોદધિ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.સ્વ. આચાર્યદેવ
શ્રીમદ્‌વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના
પટ્ટાલંકાર વર્ધમાનતપોનિધિ, ન્યાય વિશારદ,
ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**સંપાદક**
મુનિશ્રી કલ્પરત્નવિજયજી


| પ્રત | કિંમત | સંવત |
|---|---|---|
| ૧૫૦૦ | ૨૦-૦૦ | ૨૦૬૬ |

**ટાઈપ સૅટિંગ :**
**પ્રિન્ટ હબ**
બી-૩૦૬, ઑક્સફર્ડ એવન્યુ,
સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ-૧૫.
ફોન : ૨૭૫૪૦૬૨૬

**મુદ્રક :**
**યશ પ્રિન્ટર્સ**
૩૮, ફરિયાવાલા એસ્ટેટ,
અવતાર હોટલની સામે,
નારોલ-ઈસનપુર હાઈવે રોડ,
અમદાવાદ ૩૮૨ ૪૪૩

**પ્રાપ્તિ સ્થાન**

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

**C/o. કુમારપાળ વી. શાહ**
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા ૩૮૭ ૮૧૦, જિ. અમદાવાદ
ફોન : ૦૨૭૧૪ - ૨૨૫૯૮૧

**અજય સેવંતીલાલ વી. જૈન**
ડી-વિંગ, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લૉર,
પાંજરાપોળ લેન, મુંબઈ-૪
ફોન : ૨૨૪૧૨૪૪૫ / ૨૨૪૦૪૭૧૭

**દિવ્યદર્શન કાર્યાલય**
**C/o. કલ્પેશ વી. શાહ**
૨૯/૩૦, વાસુપૂજ્ય બંગલો, ફન રી-પબ્લીકની સામે, રામદેવનગર ચાર રસ્તા,
સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫, ફોન : ૨૬૮૬૦૫૧૭

પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ



ધ્યાનમૂલં ગુરોમૂર્તિઃ

કમલેશભાઈ જી. શાહ તથા શૈલેષભાઈ એલ. શાહ
(શંખલપુરવાળા) પરિવારની પૂજ્યશ્રીના
ચરણારવિંદમાં કોટિશઃ વંદનાવલિ.

# પ્રકાશકીય

પરમ શ્રદ્ધેય **પૂ. આ. ભુવનભાનુસૂરિ મ.સા.** એટલે ચાંદનીના પ્રકાશમાં કલમને કંડારતા એક વિરલ મહાપુરુષ... અનેક વિષયો ઉપર પૂજ્યશ્રીએ અદ્ભુત ચિંતન દ્વારા દિવ્યદર્શન સાપ્તાહિકના માધ્યમે આપણી સામે જ્ઞાનનો પ્રકાશ પાથર્યો. એમાં જૈનધર્મ અને કર્મવાદ, જૈનધર્મનું અજોડ વિજ્ઞાન-ભૌતિક વિજ્ઞાન આદિ વિષયો ઉપર વર્ષો પૂર્વે પૂજ્યશ્રીએ અદ્ભુત પ્રકાશ પાથર્યો હતો જે દિવ્યદર્શનના સં. ૧૯૫૮ થી ૧૯૭૦ સુધીના અંકોમાં પ્રકાશિત થયેલ. આ બધા અંકોને ક્રમશઃ તે તે વર્ષની ફાઈલમાંથી કાઢી પરમ ગુરુભક્ત **મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ.સા.** એ **"જૈનધર્મનું અજોડ કર્મવિજ્ઞાન"** આ ૮૪માં પુસ્તક રૂપે આપણી સમક્ષ મૂક્યું છે તે બદલ પૂજ્ય મુનિરાજનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. સાથો સાથ આ પુસ્તકમાં દ્રવ્ય સહાયરૂપે સહાયક થનાર શંખલપુરવાળા પરિવારનો તેમજ શાસનના અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં પૂજ્યપાદશ્રીના ઉપકારને યાદ કરી પ.શા.પ્રભાવક પ્રવચનકાર પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય **મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા.** એ **"ચાંદનીનો પ્રકાશ"** પ્રસ્તાવના રૂપે લખી આપી તેમજ આ પુસ્તકને સુંદર ગેટઅપ આપવામાં સહાય થનાર નવભારત સાહિત્ય મંદિરવાળા **સુશ્રાવક મહેન્દ્રભાઈ**નો આભાર માનું છું.

**– દિવ્યદર્શન ટ્રસ્ટ**

**કુમારપાળ વી. શાહ**

## પ્રસ્તાવના

## ચાંદનીનો પ્રકાશ

**લેખક – આચાર્ય મુનિચન્દ્રસૂરિ મ.સા.**

ન્યાયવિશારદ આચાર્યદેવ ભુવનભાનુસૂરિ મ. સા. નો જીવનબાગ અનેક સુગંધી ફૂલોથી મઘમઘતો હતો. છતાં કેટલીક બાબતો એવી હતી કે એને અનન્ય સાધારણ કહી શકાય.

આવી જ એક બાબત એટલે ચાંદનીના પ્રકાશનો વિપુલ પ્રમાણમાં લેખન માટે ઉપયોગ.

અધ્યાપન અને સંઘ- શાસનની અનેકવિધ જવાબદારીના કારણે દિવસે લેખન માટે તેઓશ્રીને સમય ઓછો મળતો. એટલે દિવ્યદર્શન સાપ્તાહિક માટે પીરસાતું મોટા ભાગનું લખાણ ચાંદનીના પ્રકાશની નિપજ છે.

પ્રસ્તુત પુસ્તકમાં પૂજ્યશ્રીએ જૈન ધર્મનું કર્મ વિજ્ઞાન જેવા ગહન વિષયોની માર્મિક છણાવટ કરી છે.

કોઈ પણ પ્રશ્નની સમગ્રતયા છણાવટ કરવાની પૂજ્યશ્રીની પાસે અજબ-ગજબની કળા છે. તે વિષયમાં જિજ્ઞાસુને જે જે પ્રશ્નો થવાની સંભાવના હોય તે બધા પ્રશ્નો જાતે ઊભા કરી એની વિશદ છણાવટ તબક્કાવાર કરે છે.

વિષયોની શાસ્ત્રીય મીમાંસા પણ અહીં તલસ્પર્શી જોવા મળે છે. જે અનેક ગ્રંથોના દોહન વિના સંભવી ન શકે. જેમકે –

કાંક્ષામોહનીય કર્મ જીવ પ્રમાદના કારણે બાંધે છે, ને પ્રમાદ મન-વચન-કાયાના યોગનાં કારણે ચાલે છે. ત્યારે યોગ વીર્યના

લીધે ચાલે છે, ને વીર્ય શરીરના હિસાબે પ્રવર્તે છે. તેમ, શરીર જીવના આધારે બને છે. આમ કર્મબંધમાં છેવટનું કારણ જીવ હોવાનું આવીને ઊભું રહે છે. આવી તલસ્પર્શી અનેક બાબતો આ પુસ્તકમાં આપણને માણવા મળશે.

પૂજ્યશ્રીનો મારા પર વિશિષ્ટ ઉપકાર એ છે કે પાટણ અને ખંભાતની શિબિરોમાં મને તેઓશ્રીની વાણી સાંભળવાનો મોકો મળ્યો. પૂજ્યશ્રીનો ટીચીંગ પાવર ગજબનો હતો. શિબિરમાં શીખેલા ભાષ્યના પદાર્થો આજે પણ સહજ રીતે ઉપસ્થિત થઈ શકે એવી સ્થિતિમાં છે.

કમનસીબી એટલી કે- દીક્ષા પછી પૂજ્યશ્રીના દર્શન કરવાનો લાભ મળ્યો જ નહીં. પૂજ્યશ્રીને વંદન કરવાનો અવસર જ ન મળ્યો.

મુનિરાજશ્રી કલ્પરત્નવિજય મ.એ આ જે મને પૂજ્યશ્રીના પુસ્તકમાં બે શબ્દો લખવાનું આમંત્રણ આપી પૂજ્યશ્રીને-ભાવાંજલી આપવાનો મોકો આપ્યો છે તે બદલ ધન્યવાદ !

'દિવ્યદર્શન' સાપ્તાહિના અંકોમાં વેરાયેલી પૂજ્યશ્રીની ચિંતન ચાંદનીને ગ્રંથસ્થ કરવાનું ભગીરથ કાર્ય મુનિશ્રી કલ્પરત્ન વિજય મ. સા. છેલ્લા કેટલાક વર્ષોથી કરી રહ્યા છે. આ પ્રક્રિયામાં આજ સુધીમાં ૮૩ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યા છે. આ ૮૪મું પુસ્તક **"જૈન ધર્મનું અજોડ કર્મ વિજ્ઞાન"** રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્યશ્રીની ચિંતન ચાંદની હવે અજવાળીયામાં જ નહીં અંધારિયા પક્ષમાં પણ સુલભ બની છે. મુનિશ્રી કલ્પરત્ન મ. આપણા સહુના અભિનંદનના અધિકારી છે.

**પ. પૂ. સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ. સા. ની**
**દશમી પુન્યતિથિ પ્રસંગે**

# ગુરુગુણ ગીત

**(રાગ- આપકી નજરો ને સમજા-)**

સૂરિ ભુવન ભાનુના ચરણે, કોટિ કોટિ વંદન કરું,
સ્વીકાર કરજો હે ગુરુવર, આપને નિત નિત સ્મરું- સૂરિ.
ધન્ય ધરા ગુજરાતની જ્યાં, જૈન નગરી શોભતી (૨)
પિતા ચીમન માતા ભૂરિ ગૃહે, ભગવંત ભક્તિ ઓપતી - સૂરિ.
બાલ કાંતિ જૈન ધર્મના, મર્મને પિછાણીને (૨)
સંયમરંગે આતમરંગી, બંધુ સંગે વ્રતને ગ્રહી— સૂરિ.
ભાનુ-પદ્મની બંધુ બેલડી, જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહી (૨)
અનેક સંયમીઓ તણી ભેટ, જિન શાસન ચરણે ધરી - સૂરિ.
મનમાં સોણલા હતા ઘણાં, અદ્‌ભૂત શાસનમંદિર તણાં (૨)
પણ તેલ ખુટ્યું દીપકમાં, ને આંખડી મિંચાઈ ત્યાં - સૂરિ.
ગુરુદેવના માનસ મહીં, જે ભાવનાઓ ભરી હતી (૨)
યુવા હૃદય સમ્રાટ સૂરિ, - હેમરત્ને એ પૂરી કરી - સૂરિ.
માનસ મંદિર સોણલું, સાકાર થયું ગુરુદેવનું (૨)
ગચ્છાધિપતિ સાંનિધ્યમાં, ઉજવાતું ભવ્ય સંભારણું- સૂરિ.
સુરલોકથી આવી ગુરુવર, એકવાર દરિશન દીયો (૨)
કીરતિ ધર્મ તણી ગગનમાં, ગાજે એવી શક્તિ દ્યો- સૂરિ.


**— મુનિ કલ્પરત્નવિજય**

**માનસ મંદિરમ્**
**શાહપુર**
**ચૈ. વ. ૧૩. સં. ૨૦૫૯**


# સુકૃતના સહભાગી



માતુશ્રી સ્વ. રંભાબહેન ગાંડાલાલ શાહ (શંખલપુરવાળા)



પૂ. પિતાશ્રી લહેરચંદ અંબાલાલ (શંખલપુરવાળા)



પૂ. માતુશ્રી ઇંદિરાબહેન લહેરચંદ (શંખલપુરવાળા)

પ.પૂ. માતુશ્રી સ્વ. રંભાબહેન ગાંડાલાલ શાહ પરિવાર (શંખલપુરવાળા) તથા પૂ. પિતાશ્રી લહેરચંદ અંબાલાલ શાહ તથા પૂ. માતુશ્રી ઇંદિરાબહેન લહેરચંદ શાહ પરિવારે (શંખલપુરવાળા) જીવનમાં કરેલ અનેક સુકૃત્યોની અનુમોદનાર્થે આ પુસ્તકના સહભાગી થતાં આનંદ અનુભવીએ છીએ. પૂજ્ય મુનિશ્રી કલ્પરત્ન વિજયજી મ. સા. એ અમોને આવું સુંદર સુકૃત્ય કરવા પ્રેરણા કરી તે બદલ અમો પૂજ્યશ્રીના ઋણી છીએ.

**સૌજન્ય :**
**કમલેશભાઈ ગાંડાલાલ શાહ તથા**
**શૈલેષભાઈ લહેરચંદ શાહ શંખલપુરવાળા**


**કમલેશભાઈ જી. શાહ**
C/૨૨૪, નયન નગર
કૃષ્ણનગર, અમદાવાદ
(M) ૯૮૨૫૦૩૯૪૪૪
Tel. ૨૨૮૧૭૪૪૪

**શૈલેષભાઈ લહેરચંદ શાહ**
'હેપ્પી હોમ' એપાર્ટમેન્ટ
અંકુર રોડ, અમદાવાદ
(M) ૯૮૭૯૩૮૮૨૬૨

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | જૈનશાસ્ત્રોનું શ્રદ્ધાપૂર્વક ઊંડું અધ્યયન કરો | ૧ |
| ૨. | માનવ સમાજને સુંદર માર્ગદર્શન આપતો જૈન ધર્મનો કર્મવાદ | ૭ |
| ૩. | જૈનધર્મનું અજોડ કર્મવિજ્ઞાન | ૧૩ |
| ૪. | પુરુષાર્થનું મહત્ત્વ : કર્મનો બંધ | ૩૦ |
| ૫. | પુરુષાર્થનું મહત્ત્વ : કર્મના ઉદયાદિ પર | ૩૨ |
| ૬. | કર્મની ભ્રમણામાં પુરુષાર્થનો નાશ ન કરો. | ૩૬ |
| ૭. | કૃત્રિમ અને કિંમતી શુભ ભાવ | ૩૯ |
| ૮. | ભાવનું મહત્ત્વ : શુભ ભાવના લાભના લેખા. | ૪૩ |
| ૯. | શુભ ભાવથી શુભ જ કર્મ બંધાય ? | ૪૬ |
| ૧૦. | ભાવમાં સંમિશ્રણ | ૪૯ |
| ૧૧. | શુભ ભાવ કેમ સહેજે નથી આવતા ? | ૫૨ |
| ૧૨. | શુભ ભાવના મહાન લાભ | ૫૫ |
| ૧૩. | શુભ અધ્યવસાયની કેટકેટલી અસરો નીપજે ? | ૬૨ |
| ૧૪. | શુભ-અશુભ કર્મનાં ફળરૂપ પ્રશ્નોત્તરી | ૭૭ |
| ૧૫. | તૃષ્ણા-ખણજનું વિજ્ઞાન | ૯૨ |
| ૧૬. | દેવોને મોહોદય છતાં વિકાર કેમ નહિ ? | ૯૫ |
| ૧૭. | કાયાને સુખ એ વિટંબણો છે ? | ૯૭ |
| ૧૮. | વિજ્ઞાન પ્રત્યેનો આંધળો વિશ્વાસ ભયંકર પતન લાવશે | ૧૦૦ |
| ૧૯. | વિજ્ઞાનના આકર્ષણમાં તણાવા જેવું નથી. | ૧૦૩ |
| ૨૦. | આધુનિક વિજ્ઞાન એક તૂત | ૧૧૦ |
| ૨૧. | વિજ્ઞાન પર દર્શનનો અપૂર્વ વિજય | ૧૧૫ |
| ૨૨. | વિજ્ઞાનનું દરેક વિજ્ઞાન આખરી સત્ય નથી. | ૧૨૧ |
| ૨૩. | શિક્ષણ-શિખામણ કેમ અપાય ? | ૧૨૬ |

# જૈનશાસ્ત્રોનું શ્રદ્ધાપૂર્વક ઊંડું અધ્યયન કરો

મંગલ, કલ્યાણ કે અભ્યુદયનો વિચાર કરતાં કરતાં ધર્મનું જ શરણ લેવું પડે. ધર્મ, ન્યાય કે માર્ગનો વિચાર કરતાં કરતાં અહિંસાને આશરે જવું પડે; અને અહિંસા, કરુણા કે દયાનો વિચાર કરતાં કરતાં જીવ-અજીવનો ભેદ કરનારી પ્રજ્ઞાનો આશ્રય લેવો પડે. તે માટે વિવિધ શાસ્ત્રો વિકાસ પામ્યા છે, અને તેમણે જગતના અનેક ગૂઢ રહસ્યોને ખુલ્લાં કરી દીધાં છે.

આ રહસ્યો સમજવાનું કાર્ય અશક્ય કે દુઃશક્ય નથી, પણ તે માટે શ્રદ્ધાસંપન્ન જ્ઞાનનું બળ જોઈએ, નિરંતર ચિંતન-મનન જોઈએ અને તુલના તથા સમન્વયની શક્તિ પણ જોઈએ.

જ્ઞાન હોય પણ શ્રદ્ધાસંપન્ન ન હોય તો એની તેજરેખાઓ શંકાથી શ્યામ બનવા લાગે છે, એનું બળ રાજ્યક્ષ્માના દર્દીની જેમ ધીમે ધીમે ક્ષીણ થવા લાગે છે અને આખરે કોઈ પણ રહસ્ય સુધી પહોંચવાને બદલે તે અધવચ્ચેથી જ અટવાઈ જાય છે. થોડા વર્ષ પહેલાં એક **અમેરિકન ભૂસ્તરશાસ્ત્રી**એ તપાસ કરીને જણાવ્યું કે આ જગાએ સોનાની ખાણ છે, એટલે એક શ્રીમાન્ આગળ આવ્યા અને તેમણે મોં માંગી કિંમત આપીને તે તમામ જગા ખરીદી લીધી. પછી તે માટેનાં યંત્રો વસાવ્યાં અને માણસોને કામે લગાડ્યા. દિન-પ્રતિદિન ખાણ ખોદવા માંડી અને પેલા ભૂસ્તરશાસ્ત્રીએ કહ્યું હતું તેટલો ભાગ લગભગ ખોદાઈ ગયો પણ તેમાંથી સુવર્ણની માટીનાં દર્શન થયાં નહિ. આથી તે શ્રીમાન્‌નાં હૃદયમાં શંકા પેદા થઈ કે પેલા ભૂસ્તરશાસ્ત્રીનું કહેવું ખોટું તો નહિ હોય ! આ સંયોગોમાં મારે વધારે જોખમ ખેડવું નકામું છે. એટલે તેણે ખાણ ખોદવાનું કામ મોકૂફ રાખ્યું અને

આ ખાણ તથા તેના યંત્રો બીજાને વેચી દેવાનો નિર્ણય કર્યો. કોઈ વસ્તુ નવી વસાવવી હોય તો તેનાં મોં માગ્યા દામ આપવા પડે છે અને વેચવી હોય તો પાણીનાં મૂલે વેચાય છે, એટલે તે શ્રીમાન્‌ને એ ખાણ તથા યંત્રનાં લગભગ ચોથા હિસ્સાના પૈસા ઉપજ્યા અને એ રીતે લાખો ડોલરની ખોટ ગઈ.

હવે તે ખાણ ખરીદનારે વિચાર કર્યો કે ભૂસ્તરશાસ્ત્રીનું નિદાન ખોટું હોય નહિ, દેશની નાની-મોટી અનેક સંસ્થાઓ તેનાં જ્ઞાન પર આધાર રાખે છે અને કરોડો ડોલરનાં જોખમ ખેડે છે તો મારે તેના પ્રત્યે અવિશ્વાસ શા માટે રાખવો ? અને અમુક અંતરે સોનાની માટી ન મળી આવી તો હવે પછી પણ તે નહિ મળી આવે એમ શા માટે માનવું ? એટલે તેણે ભૂસ્તરશાસ્ત્રીનાં કથન ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખીને ખોદેલાની નજીકમાં જ કામ ચલાવ્યું અને માત્ર દશ-બાર ફૂટની ખોદાઈ થઈ કે તેમાંથી સોનાની માટીનાં દર્શન થયાં. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એ વ્યક્તિ એમાંથી માલેતુજાર બની ગઈ અને દેશ-વિદેશમાં પણ ખૂબ સન્માન પામી. તાત્પર્ય કે શ્રદ્ધા સંપન્નતા ન હોય-શ્રદ્ધાનું બળ ન હોય તો એ જ્ઞાન આપણને અંતિમ રહસ્ય સુધી લઈ જઈ શકતું નથી.

ચંદન જેમ જેમ ઘુંટાતું જાય છે તેમ તેમ વધારે સુગંધ આપે છે અને સુવર્ણ જેમ જેમ તવાતું જાય છે તેમ તેમ વધારે શુદ્ધ બને છે. તે જ રીતે શાસ્ત્રોનાં કહેલાં વચનો પર પુનઃ પુનઃ ચિંતન મનન કરવામાં આવે તો તેનો આશય સ્પષ્ટ થતો જાય છે અને એક તબક્કો એવો આવી પહોંચે છે કે તેનું રહસ્ય બરાબર સમજવા માંડે છે.

આ રીતે જૈન શાસ્ત્રોનું અવલોકન કરવામાં આવે તો અમે

માનીએ છીએ કે વર્તમાનકાળના મનુષ્યો જીવન અને જગતનાં રહસ્ય વિશે જે કંઈ જાણવા માંગે છે તે સારી રીતે જાણી શકે. અહીં તો તેનું એક ઉદાહરણ માત્ર આપીશું.

આત્માને-જીવને આપણે પ્રાણી કહીએ છીએ કારણ કે તે પ્રાણવાળો છે-પ્રાણને ધારણ કરનારો છે; પણ આ પ્રાણ એ શું વસ્તુ છે ? તેનો સ્પષ્ટ ખ્યાલ આજના વિચારકોને આવતો નથી. કેટલાક કહે છે કે સ્થાવર જંગમ સર્વ પ્રાણીઓમાં રહેલા પ્રાણનો આધાર સૂર્ય છે. સર્વ પ્રાણીઓનાં શરીરમાં જે ઉષ્ણતા (ગરમી) રહેલી જણાય છે તે આ પ્રાણતત્ત્વને લીધે છે. સર્વ પ્રાણીઓમાં રહેલા આ પ્રાણીતત્ત્વને માટે કેટલાક શાસ્ત્રોમાં હિરણ્યગર્ભ એવો શબ્દ વપરાયેલો છે. સ્થૂલ શરીરના સર્વ અવયવોને યથાયોગ્ય કામ કરવા માટે રુધિરની શુદ્ધિ રાખવી, શરીરમાં રહેલા અયોગ્ય પદાર્થોને દૂર કરવા, ખાધેલા પદાર્થોને તથા તેના રસાદિને શરીરમાં ઉચિત સ્થાને પહોંચાડવા ને તે બધી ક્રિયાઓ દ્વારા અંતઃકરણ તથા ઇન્દ્રિયાદિને સ્વસ્થ રાખવાં એ પ્રાણનું કામ છે. માટે પ્રાણીની શુદ્ધિ ઉપર મનુષ્યની શરીરસંપત્તિનો આધાર છે. સૂર્ય, પૃથ્વી, ગ્રહો, ઉપગ્રહો અને પ્રાણીશરીરોની વચ્ચે પરસ્પર ક્રિયા અને પ્રતિક્રિયા થાય છે. આ ક્રિયા અને પ્રતિક્રિયા થવાનું સાધન પ્રાણ છે. પ્રાણ એ એક ઘણો જ સૂક્ષ્મ અને ઇન્દ્રિઓથી ગ્રહણ થઈ શકે એવો પ્રવાહી પદાર્થ છે. ચરાચર સર્વ પ્રાણી-પદાર્થમાં તે રહેલો છે અને તે સર્વ પ્રકારનાં કર્મ કરી શકે છે. તથા તેના સંસ્કારો ગ્રહણ કરી શકે છે અને સમય આવ્યે તેનું ફળ આપી શકે છે.

પરંતુ આ માન્યતા પર થોડો જ વિચાર કરીએ તો તેમાં અનેક પ્રકારની વિસંગતતાઓ જણાય છે, એટલે તે આપણાં

મનનું સમાધાન કરી શકતી નથી. પ્રથમ તો આ માન્યતામાં પ્રાણ એ શી વસ્તુ છે ? તે સ્પષ્ટ થતું નથી. એકવાર તેને સૂર્યમાંથી આવેલી ઉષ્ણતા માનવામાં આવે છે, બીજી વાર તેને એક પ્રકારનો વાયુ માનવામાં આવે છે. (સ્થૂલ શરીરનાં સર્વ અવયવોને યથાયોગ્ય કામ કરવા માટે રુધિરની શુદ્ધિ રાખવી આદિ જે જે કાર્યો બતાવ્યા છે તે યોગશાસ્ત્ર તથા આયુર્વેદની દૃષ્ટિએ પાંચ પ્રકારનાં વાયુનાં કર્મો છે.) અને છેવટે તેને એક પ્રકારનો સૂક્ષ્મ પ્રવાહી પદાર્થ માનવામાં આવ્યો છે, એટલે પ્રાણ શબ્દથી કઈ વસ્તુ કે કયો પદાર્થ સમજવો તો સ્પષ્ટ થતું નથી. આ સંયોગોમાં તેનો આયામ કરવાની કે વિનિમય કરવાની ક્રિયા શી રીતે થાય ? પ્રાણાયામ કરનાર ઉષ્ણતાનો આયામ કરે છે, વાયુનો આયામ કરે છે કે કોઈ પ્રકારના સૂક્ષ્મ પ્રવાહીનો આયામ કરે છે ? તે જ રીતે પ્રાણવિનિમય (મેસ્મેરીઝમ)નામનું જે શાસ્ત્ર આધુનિક યુગમાં અસ્તિત્વમાં આવ્યુંછે, તે પ્રાણનો વિનિમય કરી શકાય છે અને તે દ્વારા તંદ્રાભાજકને અમુક વિચારોની સૂચના આપી શકાય છે એમ જણાવે છે પણ પ્રાણતત્ત્વ પોતે કઈ વસ્તુ છે ? તેનો સ્પષ્ટ ખુલાસો કરી શકતું નથી. સૂર્ય એ આ જગતમાં ઉષ્ણતા આપનારી વસ્તુ છે એટલે તેના દ્વારા ઉષ્ણતાનો પ્રચાર થાય છે અને તે જીવન ધારણામાં ઉપકારક બને છે એમ માનવામાં વાંધો નથી પણ એ ઉપકારકતા ત્યારેજ થાય છે કે જ્યારે પ્રાણીમાં પોતાના પ્રાણ રહેલા હોય. પ્રાણીમાંથી પ્રાણ ચાલ્યો ગયો હોય તો એ ઉષ્ણતા કંઈ કામ આપતી નથી. જો સૂર્યના આધારે જ પ્રાણ ટકી રહેતા હોય તો આ જગતનું કોઈ પણ પ્રાણી શા માટે મરે ? એનું અસ્તિત્વ તો આ જગતમાં કાયમ જ છે એટલે પ્રાણ એ આત્માની-જીવની જ પોતાની વિશેષતા છે. અને જૈનશાસ્ત્રોએ તેનું એજ પ્રમાણે વર્ણન કરેલું છે.

આ વિશેષતાનું સ્વરૂપ બરાબર સમજાય તે માટે તેના દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકારો પાડેલા છે. તેમાં દ્રવ્ય પ્રાણ વડે જીવન શક્ય બને છે અને ભાવપ્રાણ એ આત્માનાજ્ઞાનાદિ મૂળ ગુણો છે. આનો અર્થ એ થયો કે જેના સંયોગથી જીવને જીવન અવસ્થા પ્રાપ્ત થાય છે અને જેના વિયોગથી મરણ અવસ્થા પ્રાપ્ત થાય છે તેને પ્રાણ સમજવો એટલે કોઈ પણ જીવંત પ્રાણી પ્રાણ વિનાનું હોતું નથી.

જૈન શાસ્ત્રોએ દ્રવ્યપ્રાણની સંખ્યા દશની માની છે અને તેમાંથી કોઈ પણ પ્રાણનો અતિપાત કરવો અર્થાત્ વિયોગ કરવો તેને હિંસા કહી છે. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા શબ્દો :

**पञ्चेन्द्रियाणि त्रिविधं बलं च,**<br>
**निःश्वासमुच्छ्वासमथान्यदायु : ।**<br>
**प्राणा दशैते भगवद्‌भिरुक्ता ॥**<br>
**स्तेषां वियोगीकरणं तु हिंसा ॥**

પાંચ ઇંદ્રિયોં, ત્રિવિધ બળ એટલે મનોબળ, વચનબળ અને કાયબળ, નિઃશ્વાસ અને ઉચ્છ્‌વાસની ક્રિયા અર્થાત્ શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણો ભગવંતોએ કહેલા છે. તેનો વિયોગ કરવો તે હિંસા છે.

પ્રાણનું આ સ્વરૂપ જાણવાથી આપણે જીવન અને મૃત્યુનો સાચો અર્થ સમજી શકીએ છીએ ને વિવિધ પ્રકારની હિંસાથી પણ બચી શકીએ છીએ.

હવે એક દૃષ્ટિપાત આજના વિજ્ઞાન તરફ કરીએ અને તે મૃત્યુની કેવી વ્યાખ્યા કરે છે તેનું નિરીક્ષણ કરીએ. તે કહે છે કે'જ્યારે આ માનવશરીરના ખાસ ખાસ ભાગો (Vital Parts) જીર્ણ થઈ જાય છે, ત્યારે સમસ્ત યંત્રબંધ પડે છે. જ્યારે કોઈ

બિમારી કે દુર્ઘટનાથી આ ભાગો જખ્મી કે જીર્ણ થઈ જાય છે ત્યારે કુદરતી રીતે બધું યંત્ર બંધ પડે છે અને તે જ મૃત્યુ છે.'

આ વ્યાખ્યા પ્રથમ દૃષ્ટિપાતે ઠીક લાગે છે પણ અનુભવની કસોટી પર ટકી શકતી નથી, કારણ કે આ જગતમાં એવા ઉદાહરણો પ્રાપ્ત થયાં છે કે જેમાં ઓછામાં ઓછા ૪૮ કલાક સુધી શ્વાસ તથા હૃદયની ગતિ એકદમ બંધ રહ્યા પછી પણ મનુષ્યો જીવંત રહ્યા હોય અને એવા પણ ઉદાહરણો મળ્યાં છે કે જેમાં મનુષ્ય ૪૦ દિવસ સુધી એક પેટીમાં બંધ રહ્યા પછી પણ જીવતા નીકળ્યા હોય અને પછીથી તેમણે વિવાહ વગેરે કરીને સાંસારિક સુખો ભોગવ્યાં હોય.

આ ઉદાહરણોમાં ૪૦ દિવસ સુધી પેટીમાં બંધ રહેલા મનુષ્યનાં હૃદય, ફેફસાં અને મગજ એ ત્રણે ભાગોએ પોતાનાં કામ બંધ કરી દીધાં હતાં, કારણ કે બાહ્ય પૌદ્‌ગલિક સામગ્રીના અભાવે તે પોતાનું કામ કરી શકતાં નથી. આ સંયોગોમાં તેમને મૃત્યુ પામેલા જ કહેવાય, પણ તેઓ ખરેખર મૃત્યુ પામ્યા ન હતા ! ત્યારે આ ઘટનાનો ખુલાસો શો સમજવો ? આજનું વિજ્ઞાન એના ઉત્તરમાં મૌન સેવે છે અને પોતાનું માથું ખંજવાળે છે, પણ જૈનશાસ્ત્રો આગળ આવીને તેનો ખુલાસો કરે છે કે તેનો આયુષ્ય પ્રાણ અવશિષ્ટ રહ્યો હતો, એટલે તેના આધારે જીવન ટકી રહ્યું હતું અને ફરી પૌદ્‌ગલિક સામગ્રી પ્રાપ્ત થતાં બાકીના નવે પ્રાણો પોતાનું કામ કરવા લાગ્યા હતા અને આ ખુલાસો આપણા ગળે બરાબર ઉતરી જાય છે. એટલે વિજ્ઞાનની 'વાઇટલ પાર્ટસ થિયરી' કરતાં જૈનોનો દશ પ્રાણનો સિદ્ધાંત વધારે વાસ્તવિક લાગે છે અને હિંસા-અહિંસાનો વિવેક કરવામાં પણ તે વધારે ઉપયોગી નીવડે છે. આ રીતે જીવન અને

જગતના બીજાં રહસ્યો ઉપર પણ જૈનશાસ્ત્રો ખૂબ પ્રકાશ પાડે છે. એટલે તેનું શ્રદ્ધાપૂર્વક ઊંડું અધ્યયન કરો એ જ અભ્યર્થના.

卐

## માનવ સમાજને સુંદર માર્ગદર્શન આપતો જૈન ધર્મનો કર્મવાદ

નવા નવા આવિષ્કારો થતા જાય છે, નવાં નવાં સાધનો અસ્તિત્વમાં આવી રહ્યાં છે. અને નવી નવી યોજનાઓની જાહેરાત થઈ રહી છે, આમ છતાં મનુષ્યનાં સુખની માત્રા વધી હોય એવું એક પણ ચિહ્ન દૃષ્ટિગોચર થતું નથી.

આજથી દશ-વીશ વર્ષ પહેલાં એટલે સં. ૧૯૩૮/૪૦ આસપાસ આપણને એમ કહેવામાં આવતું હતું કે આપણાં સર્વ દુઃખોનું કારણ ગુલામી છે- પરદેશીઓનું શાસન છે, તે દૂર થઈ જાય તો આપણો દેશ સ્વર્ગ સમો બની જશે અને આપણે ખૂબ ખૂબ સુખ માણી શકીશું. કાળ બળે એ બધું બનવા પામ્યું છે, પણ આપણો દેશ નથી તો સ્વર્ગ બની ગયો કે નથી આપણે ધારેલા સુખનો અંશ પણ મેળવી શક્યા. જે દેશો લાંબા વખતથી રાજદ્વારી સ્વતંત્રતા ભોગવી રહ્યા છે, તેમની પણ શું દશા છે ?

સાચી હકીકત એ છે કે મનુષ્યનાં સુખ-દુઃખનો આધાર બાહ્ય સંયોગો કે બાહ્ય સાધનો પર નથી, પણ તેની પોતાની આંતરિક સ્થિતિ ઉપર છે. આ બાબતમાં જૈન ધર્મે કર્મવાદની પ્રરૂપણા કરીને માનવ સમાજને જે સુંદર માર્ગદર્શન આપ્યું છે, તે પુનઃ પુનઃ વિચારણીય છે.

તે જણાવે છે કે આપણે આપણા વિચારો અને વાસનાઓને

અનુરૂપ જ આપણું ભાગ્ય નિર્માણ કરીએ છીએ. We create our own destine by our own thoughts and desires. એટલે આજે આપણે જે સ્થિતિમાં છીએ તે આપણાં પૂર્વજન્મનું ફળ છે. What we are today are the result of our own past existance.

જો કોઈ એમ કહેતું હોય કે આપણી વર્તમાન અવસ્થા માટે ઈશ્વર જવાબદાર છે, તો તે બરાબર નથી. જૈન ધર્મનો કર્મવાદ આપણને સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે આત્મા કોઈ રહસ્યમય શક્તિશાળી વ્યક્તિની શક્તિ કે ઇચ્છાને આધીન નથી, તેમજ એને પોતાની અભિલાષાઓ પૂર્ણ કરવા માટે તે શક્તિશાળી વ્યક્તિ (ઈશ્વર)નો દરવાજો ખખડાવવાની કોઈ આવશ્યકતા નથી. વળી આત્માનું ઉત્થાન કરવા માટે કે પાપનો નાશ કરવા માટે કોઈ શક્તિ આગળ દયાની ભીખ માગવાની કે તેમની સામે રોવાની, આજીજી કરવાની કે મસ્તક ઝુકાવવાની પણ જરૂર નથી. સંસારના સર્વ આત્માઓમાં સરખી શક્તિ વિદ્યમાન છે. તેમાં જે ભેદ દેખાય છે તે આત્માની ન્યૂનાધિક શક્તિઓનાં વિકાસને કારણે જ દેખાય છે. જે આત્મા એ શક્તિનો પૂર્ણ વિકાસ કરે છે, તે જ ઈશ્વર કે પરમાત્મા છે. આપણે આજે અપૂર્ણ-અવિકસિત સ્થિતિમાં છીએ, એટલે આપણી શક્તિઓ મર્યાદિત લાગે છે, પણ આપણે પુરુષાર્થ કરીએ, ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકારના સિદ્ધાંતનું અનુસરણ કરીએ તો કર્મનું આવરણ સર્વથા દૂર કરી શકીએ અને વિકાસના સર્વોચ્ચ શિખર પર આરૂઢ થઈને ખુદ ઈશ્વર કે પરમાત્મા બની શકીએ.

'अप्पा सो परमप्पा' 'આત્મા છે, તે જ સત્તાથી પરમાત્મા છે' એ જૈન મહર્ષિઓએ ઉચ્ચારેલું મહાવાક્ય છે, એટલે ત્રણે કાળમાં

પરમ સત્ય છે, એના આધારે આજ સુધીમાં અનંત આત્માઓએ પુરુષાર્થ ખેડ્યો છે અને તેનાં અત્યંત સુમધુર ફળો તેમને પ્રાપ્ત થાય છે. એ વસ્તુ સતત આપણી નજર સમક્ષ રાખીએ તો આપણી સમજણ સુધરી જાય, આપણા પુરુષાર્થને પરમ વેગ મળે અને આપણે સુખની સર્વોચ્ચ સ્થિતિ શીઘ્ર પ્રાપ્ત કરી શકીએ.

આપણાં જીવનમાં મુશ્કેલીઓ, મુંઝવણો, દુઃખો કે વિપત્તિઓ અનેકવાર આવી પડે છે. ત્યારે આપણે ખૂબ ગભરાઈ જઈએ છીએ ને ભયથી આપણું મન છેક વિહ્વળ બની જાય છે. તે વખતે આપણે નિમિત્તોને દોષ દઈએ છીએ ને અનેક પ્રકારનું આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરીને આપણી ભાવી સ્થિતિ બગાડીએ છીએ. તે વખતે ઉપર્યુક્ત કર્મવાદ જ આપણને સાચા રસ્તે લઈ આવે છે. અને સમજાવે છે કે 'બાહ્ય નિમિત્તોને દોષ દેવાનો કંઈ અર્થ નથી. એ બધાં તારાં પૂર્વકર્મોને લીધે જ ખેંચાઈને આવેલાં છે. માટે તું એને સમભાવે વેદી લે. જો આ મુશ્કેલીઓ, આ મુંઝવણો, આ દુઃખો કે આ વિપત્તિઓ તને ન ગમતી હોય તો ફરી તે આવી પડે એવું કોઈ કૃત્ય, મન, વચન અને કાયાથી કરીશ નહિ.'

અન્ય મનુષ્યોને-પ્રાણીઓને દુઃખમાં સબડતાં જોઈએ ત્યારે કર્મવાદ આપણને શિક્ષા આપે છે કે કર્યા કર્મ કોઈને છોડતાં નથી, માટે તમે ચેતો અને કોઈ ખોટું કાર્ય કરશો નહિ. વળી જે દુઃખ આજે તેને પડે છે, તે કાલે તમને નહિ પડે એની શું ખાતરી ? ઢાંક્યા કર્મની કોઈને ખબર નથી, માટે દુઃખી જીવો માટે હૃદયમાં સહાનુભૂતિ રાખો, કરુણા રાખો, અનુકંપા રાખો, દયાભાવ રાખો અને તમારી શક્તિ પ્રમાણે એને મધુર વચનોથી આશ્વાસન આપો તથા શક્ય સાધનોથી સહાય કરો. 'એનાં

કર્યાં એ ભોગવશે, એમાં આપણે શું ?' એવો વિચાર કરીને તેના પ્રત્યે ઉપેક્ષા સેવવી એ એક પ્રકારની નિષ્ઠુરતા છે અને જૈન ધર્મમાં તેને મુદ્દલ સ્થાન નથી, એ વાતની દરેક પાઠકે અવશ્ય નોંધ લેવી જોઈએ.

વળી કર્મવાદ સંસારની વિચિત્રતાનો જે સ્પષ્ટ ખુલાસો કરે છે, તે અન્ય કોઈ સિદ્ધાંત કરી શકતો નથી. તે જણાવે છે કે આ સંસારમાં કોઈ વિદ્વાન છે, કોઈ મૂર્ખ છે; કોઈ સશક્ત છે, કોઈ અશક્ત છે; કોઈ ધનવાન છે, કોઈ ધનહીન છે; કોઈ નો સત્કાર થાય છે, કોઈનો તિરસ્કાર થાય છે; કોઈને રૂપે-રંગે દેખાવડું શરીર મળે છે તો કોઈનો દેખાવ નજરે જોવો પણ ગમતો નથી. દરેકનાં પ્રમાણમાં પણ ઘણો ઘણો ફેર હોય છે. વળી કેટલાકને શરૂઆતથી જ સારા સંયોગો સારું કુટુંબ-સારું કુળ મળી જાય છે તો કેટલાકની શરૂઆત જ વિપરીત સંયોગોથી હલકા કુટુંબથી- નીચ કુળથી થાય છે. કેટલાક દીર્ઘ આયુષ્ય ભોગવે છે, તો કેટલાક અધવચ્ચે જ ઊપડી જાય છે અને કેટલાક તો નામ માત્રનું જીવન જીવી પુનઃ મરણને શરણ થાય છે. એટલું જ નહિ પણ એકજ માતાના ઉદરમાં અને એક જ કુટુંબમાં જન્મેલાં બે બાળકોની સ્થિતિમાં પણ અંતર જણાય છે. એક દીર્ઘ આયુષ્ય ભોગવી, સત્કાર્યો કરી ઉજ્જવળ યશની પ્રાપ્તિ કરે છે અને બીજો અલ્પાયુષી બની, કુકર્મો કરી બદનામી વહોરી લે છે અને તેના છાંટા બીજાને પણ ઉડાડતો જાય છે. આ બધી વિચિત્રતાનું કારણ કર્મ છે.

તે આ કર્મનો સિદ્ધાંત વધારે સ્પષ્ટતાથી સમજાવવા માટે તેના આઠ વિભાગો કરે છે અને જણાવે છે કે મનુષ્યનાં જ્ઞાનમાં જે કંઈ તફાવત જણાય છે તેનું કારણ **જ્ઞાનવરણીય કર્મ** છે.

મનુષ્યનાં દર્શનમાં (સામાન્યજ્ઞાનમાં) જે કંઈ તફાવત જણાય છે તેનું કારણ **દર્શનાવરણીય કર્મ** છે. મનુષ્યને સુખ-દુઃખનાં જે વિવિધ સંવેદનો થાય છે તેનું કારણ **વેદનીય કર્મ** છે. મનુષ્યને એક વિષયમાં શ્રદ્ધા જામે છે, બીજા વિષયમાં શ્રદ્ધા જામતી નથી, તેમજ એક વિષયમાં રાગ ઉત્પન્ન થાય છે અને બીજા વિષયમાં દ્વેષ ઉત્પન્ન થાય છે, તેનું કારણ **મોહનીય કર્મ** છે. એક મનુષ્ય દીર્ઘાયુષી હોય છે, બીજો અધવચ્ચે ઉપડી જાય છે અને ત્રીજો અત્યંત અલ્પ જીવી હોય છે, તેનું કારણ તે તે પ્રકારનું **આયુષ્ય કર્મ** છે. એક મનુષ્યનાં રૂપ-રંગ, બોલી-ચાલી વગેરે સુંદર હોય છે. શુભ હોય છે અને બીજા પુરુષનાં રૂપરંગ, બોલી-ચાલી વગેરે અસુંદર-અશુભ હોય છે, તેનું કારણ **નામકર્મ** છે. એક મનુષ્ય સારા વાતાવરણમાં જન્મે છે અને બીજો ખરાબ વાતાવરણમાં જન્મે છે, તેનું કારણ **ગોત્રકર્મ** છે અને એક મનુષ્યની દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય આદિ શક્તિઓ ખૂબ વિકસિત હોય છે અને બીજાની અલ્પ વિકસિત હોય છે, તેનું કારણ **અંતરાય કર્મ** છે.

આજના વિજ્ઞાન શાસ્ત્રીઓ ભૌતિક પદાર્થોના ગુણધર્મ સમજાવવા માટે તેની વિવિધ અવસ્થાઓનું વર્ણન કરે છે અને તે માટે જુદા જુદા સિદ્ધાંતોની સ્થાપના કરે છે તેમ જૈન મહર્ષિઓએ કર્મનો આ સિદ્ધાંત સમજાવવા માટે (૧) બંધ (૨) ઉદ્‌વર્તન, (૩) અપવર્તન, (૪) સત્તા, (૫) ઉદય, (૬) ઉદીરણા, (૭) સંક્રમણ, (૮) ઉપશમન, (૯) નિધત્તિ અને (૧૦) નિકાચના એ તેની દશ અવસ્થાઓનું બારીકાઈથી વર્ણન કરેલું છે અને એ રીતે જગત્‌નાં તમામ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરી નાખેલું છે.

આજે જ્યારે જ્ઞાનની બુભુક્ષા વધી રહી છે અને નવ નવા

સાહિત્યનું અવલોકન કરવાની વૃત્તિ વિશેષ વેગ પકડી રહી છે, ત્યારે જૈન મહર્ષિઓએ રચેલાં આ વિષયનાં સાહિત્યનું ઊંડાણથી અવલોકન કરવું આવશ્યક છે. તે માટે અહીં તદ્ વિષયક કેટલાક ગ્રંથોનો ઉલ્લેખ કરી છીએ.

૧. કર્મ પ્રકૃતિ—શિવશર્મસૂરિ.

૨. પંચસંગ્રહ—શ્રી ચન્દર્ષિ મસ્તર.

૩. પ્રાચીન છ કર્મગ્રંથ

૪. સાર્દ્ધ શતક— શ્રી જિનવલ્લભગણિ.

૫. પાંચ નવીન કર્મગ્રંથ—શ્રી દેવેન્દ્રસૂરિ.

૬. સપ્તતિકા (છઠ્ઠો કર્મગ્રંથ)— શ્રી ચન્દ્રમસ્તરાચાર્ય.

૭. મનઃસ્થિરીકરણ પ્રકરણ—શ્રી મહેન્દ્રસૂરિ.

૮. સંસ્કૃત ચાર કર્મગ્રંથ—શ્રી જયતિલકસૂરિ.

૯. કર્મપ્રકૃતિ દ્વાત્રિંશિકા.

૧૦. ભાવપ્રકરણ—શ્રી વિજયવિમલગણિ.

૧૧. બંધ હેતૂદય ત્રિભંગી—શ્રી હર્ષકુલગણિ.

૧૨. બંધોદય સત્તા પ્રકરણ—શ્રી વિજયવિમલગણિ.

૧૩. કર્મ સંવેધ ભંગ પ્રકરણ-શ્રી રાજહંસ શિષ્ય દેવચંદ્ર.

૧૪. કર્મસંવેધ ભંગ પ્રકરણ.

૧૫. બંધ-શતક. વગેરે વગેરે.

આજના વિજ્ઞાન શાસ્ત્રીઓને જગતની આ વિચિત્રતાનું ભિન્ન ભિન્ન અવસ્થાનું કોઈ સરું હાથ લાગ્યું નથી અને તેમનો ભિન્નતાને લગતો કાયદો (Law of species) અલેલ ટપ્પુ

પુરવાર થયો છે, ત્યારે જૈન ધર્મનો આ કર્મવાદ વ્યવસ્થિત સ્વરૂપે બહાર આવે તો જગત્ પર કેટલો મહાન ઉપકાર થાય ?

અંતમાં પૂજ્ય આચાર્ય તથા મુનિવર્યોને અમે વિનંતિ કરીએ છીએ કે તેઓ આજના વિજ્ઞાન વગેરે અનેક દૃષ્ટિબિંદુઓ પર પૂરતું લક્ષ આપી કર્મ સાહિત્યનું નવીનરૂપે પ્રકાશન કરે અને તેનો વ્યવસ્થિત પ્રચાર થાય તેવી કોઈ યોજના ઘડી શાસનની મહાન પ્રભાવના કરે.

卐

# જૈનધર્મનું અજોડ કર્મવિજ્ઞાન

## વિશ્વ વિચિત્રતાનું રહસ્ય :-

વિરાટ વિશ્વની વિચિત્ર ઘટનાઓ શી રીતે બની રહી છે ? એનું રહસ્ય શોધી કાઢવા જગતના ચિંતકોએ ઘણી મહેનત કરી છે. 'By chance- અકસ્માત જ' આ બધું બને છે- એમ કહેનાર તો વિશ્વના સનાતન નિયમ 'Cause and Effect' કાર્ય-કારણભાવને જ ભૂલી જાય છે. જ્યારે બીજા કેટલાકો કાર્ય-કારણનો નિયમ લક્ષમાં રાખીને વિચિત્ર ઘટનાઓ પાછળ ઈશ્વરની માયા, ઈશ્વરીય શક્તિ અગર ઈશ્વરીય સામ્રાજ્યને જવાબદાર ગણે છે. એની સામે પ્રશ્ન એ ઊઠે છે કે 'ઈશ્વર તો દયાળુ ગણાય છે, તો એ દુઃખદ સર્જનો કેમ કરે ? ઘાતક શસ્ત્રાદિ અને નિર્દય ઘટનાઓ કેમ બનાવે ? અને સર્વશક્તિમાન ગણાય છે તો હલકાં, અધુરાં તેમજ નિષ્ફળ સર્જનો કેમ કરે ?' એના સમાધાનમાં તેઓ કહે છે કે 'જીવોના ભાગ્યાનુસાર ઈશ્વર ન્યાયીરીતે વિચિત્ર સર્જનો કરે છે, વિચિત્ર ઘટનાઓ બનાવે છે.' આની સામે

ચિંતકોના એક વર્ગની દલીલ છે કે 'જો વિચિત્ર સર્જનોમાં ઈશ્વરને ભાગ્યની અનિવાર્યતા જ છે, તો ભાગ્યથી જ વૈચિત્ર્યનો જવાબ મળી જાય છે માટે ભાગ્યને જ આ વૈચિત્ર્યનું કારણ માનો, ઈશ્વરને સર્જનહાર માનવાની શી જરૂર ?' ગમે તે હો, ઈશ્વરીય તત્ત્વની દરમિયાનગીરી હો યા નહિ, પણ ચિંતકવર્ગે જગતના વિચિત્ર સર્જન અને ઘટનાઓ પાછળ જુદા જુદા નામે જીવોનાં તેવા તેવા ભાગ્ય, વાસના, અદૃષ્ટ વગેરેને જવાબદાર ગણ્યા જ છે, અવશ્ય માન્ય રાખ્યા છે.

આ માનવું આવશ્યક પણ છે, કારણ કે જીવને ધારણા કે ઇચ્છા વિના કેટલાય પદાર્થ અને પ્રસંગોના યોગમાં આવવું પડે છે તે એના ભાગ્યનાં હિસાબે જ ઘટે. પૂર્વજન્મ સ્મરણાદિથી એ સિદ્ધ હકીકત છે કે આત્મા જન્મજન્માંતરોમાં નવાં નવાં શરીર ધારણ કરતો અને મૃત્યુ વખતે એ શરીરને મૂકીને જતો એક સ્વતંત્ર પદાર્થ છે, શરીરથી નિરાળી વ્યક્તિ છે. પણ આ જન્મની કાયા એજ આત્મા નથી. આજે અનેક દાખલા મળે છે કે જેમાં નાની ઉંમરના બાળકને પોતાના પૂર્વ જન્મના અનુભવોનું સ્મરણ થાય છે. ને એ દૂર દેશ, દૂર કાળ અને અપરિચિત કુટુંબ સાથેની પોતાની અનુભવેલી પૂર્વજન્મની વિગતો, નામઠામ સમયના નિર્દેશ સાથે કહે છે; અને તે ત્યાં જઈ તપાસ કરતાં બરાબર એ જ પ્રમાણે મળી આવે છે. પૂર્વ જન્મમાંથી નીકળી અહીં આવી જન્મ પામનાર એક સ્વતંત્ર આત્મદ્રવ્ય-જીવપદાર્થને માન્યા વિના પૂર્વજન્મની બાબતોનું સ્મરણ અહીંવાળાને થયું હોવાનું શી રીતે સંગત કરી શકાય ? એવો એક નિયમ છે કે 'જે અનુભવ કરે છે તેને જ પછીથી સ્મરણ થાય.' જુદા જુદા પ્રવાસે ફરી આવેલ ભાઈઓ પોતપોતાના પ્રવાસના જે સંસ્મરણો

કહે છે એ એમની તે તે પ્રદેશમાં જઈ, તે તે અનુભવ કરી આવ્યા છે એની સાબિતી છે. એમ જીવ પણ જે પોતાના અમુક ગામ-સ્થાન-નામ આદિના પૂર્વ અનુભવો કહે છે એની ત્યાંથી અહીં આવ્યાની વસ્તુસ્થિતિ સૂચવે છે.

બીજું એ પણ છે કે એક જ માતાપિતાથી જન્મ પામવાં છતાં એક પહેલવાન, બીજો દુબળો; એક બુદ્ધિમાન, બીજો જડબુદ્ધિ; એક રૂપવાન, ગુણિયલ, નિરોગી તો બીજો સામાન્ય રૂપવાળો, દોષથી ભરેલો, રોગીષ્ટ દેખાય છે વળી ખાનપાન અને બીજા વર્તન-વ્યવહારમાં એમની ભિન્ન ભિન્ન પ્રકારની રૂચિ હોય છે. એ સૂચવે છે કે એ જીવો પૂર્વજન્મમાં ભિન્ન ભિન્ન કર્મ અને અનુભવ કરીને આવેલા છે માટે અહીં આ બધો ભેદ પડે છે. નહિતર તો-આત્મા, પૂર્વજન્મ અને ત્યાં ઉપાર્જેલા કર્મ તેમજ અનુભવો વિના જ આ બધું આકસ્મિક બની આવ્યું એમ માનવા જતાં તો કાર્ય-કારણના નિયમનો ભંગ થાય ! એટલે જ આજના પાશ્ચાત્ય દેશના મહાન ચિંતકો સર ઓલિવર લોજ, લોર્ડ કોલવિન, હર્મન જેકોબી, બર્નાર્ડ શો વગેરેએ જગતમાં જડતત્ત્વ ઉપરાંત ચેતનતત્ત્વની હયાતી સ્વીકારી છે.

આમ આત્મા એક સ્વતંત્રદ્રવ્ય સિદ્ધ થયા પછી, અને તે પણ જો શાશ્વત-સનાતન દ્રવ્ય છે તો પછી, એ સવાલ થાય છે કે (૧) કોઈ જીવ ભેજાબાજ મોટો સાયન્ટીસ્ટ બને તો કોઈ કાળા અક્ષરને કૂટી મારે તેવો નિરક્ષર ભટ્ટાચાર્ય રહે છે, એવું શાથી ? (૨) એક માઇક્રોસ્કોપ, દુર્બિન કે ચશ્મા વગેરે સાધનો વગર દૂર સુદૂર જોઈ શકે છે ત્યારે બીજો જન્મથી અંધ હોય છે અથવા જોવા માટે અનેક સાધનોની અપેક્ષા રાખે છે, એમ કેમ ? (૩) એક સુખશય્યામાં મહાલતો હોય છે, બીજાને

રાતદિવસ દુઃખ-રોગની હારમાળ લાગેલી હોય છે, એ શું ? (૪) એક શાંત-ક્ષમાશીલ, નમ્ર, સરલ, સંતોષી અને સત્યનો પ્રેમી-આગ્રહી હોય છે, બીજો ક્રોધથી ધમધમતો અભિમાનથી અક્કડ, આંટીઘૂંટીમાં રમનારો, ધનવૈભવની પ્રાપ્તિ માટે રાતદિવસ મથનારો અને સત્યનો અપલાપ કરનારો, એવું કેમ હોય છે ? (૫) એક દીર્ઘાયુ ભોગવનાર હોય છે ત્યારે બીજો ગર્ભમાં કે જન્મતાં જ કેમ યમધામ પહોંચી જાય છે ? (૬) એક તાડ જેવો ઊંચો હોય છે તો બીજો સાવ બટકો, ઠિંગુજી જેવો હોય છે. એકની કીર્તિ ચોમેર વ્યાપી જાય છે, બીજાની સર્વત્ર અપકીર્તિ થતી હોય છે. એકનો પડતો બોલ ઝીલાય છે, બીજો ઘાંટા પાડે તોય એનું સાંભળવા કોઈ તૈયાર નથી. આવો તફાવત કેમ ? (૭) કોઈ ઉત્તમ કુળમાં જન્મ પામે છે, તો કોઈ હલકા કુળમાં કેમ અવતરે છે ? (૮) કોઈ દીન-દુઃખીયાને તન-મન-ધનથી મદદ કરવાના વ્યસનવાળો હોય છે, તો કોઈ મહાકૃપણ એક દમડી પણ છોડવા તૈયાર નથી હોતો. એક ધનકૂબેર બની જાય છે ત્યારે બીજો દરિદ્રનારાયણ રહે છે. એક લાખો કમાય જાય છે, બીજો એ જ બજારમાં સોના સાઠ કરીને રોતો રોતો ઘેર આવે છે. શું હશે સંસારની આ વિચિત્રતાનું કારણ ? એકની એક વ્યક્તિને પણ જુદે જુદે સમયે આવા વિરોધી અનુભવો થાય છે એ શાથી ?

આર્યદેશના દર્શનકારો એના સમાધાનમાં કહે છે, કે જીવના પૂર્વોપાર્જિત તેવા તેવા શુભાશુભ ભાગ્ય આ વિચિત્રતામાં કારણભૂત છે. એ દર્શનકારો ભાગ્યને જુદા જુદા નામથી સંબોધે છે. ન્યાય વૈશેષિક દર્શનવાળા 'અદૃષ્ટ' કહે છે. મિમાંસકો 'અપૂર્વ' કહે છે. સાંખ્યયોગ દર્શનકારો 'આશય' કહે છે. વેદાંત દર્શનમાં **'માયા, અવિદ્યા, પ્રકૃતિ'** શબ્દો બોલાય છે.

બૌદ્ધો એને 'વાસના' કહે છે. અને પાશ્ચાત્ય ફિલોસોફરો ગુડલક-બેડલક Good luck-Bad luck વગેરે શબ્દોથી ભાગ્ય-તત્ત્વને માન્ય રાખે છે. જૈનદર્શન એને 'કર્મ' કહે છે.

**જૈનદર્શનની વિશેષતા :** આ રીતે પૂર્વ-પશ્ચિમના દર્શનકારોએ ભાગ્ય-કર્મને માન્ય રાખવા છતાં કર્મસિદ્ધાંત સંબંધી જુદી જુદી વિચિત્રતાઓમાં જવાબદાર જુદાં જુદાં કર્મના વિભાગ પાડીને ખાસ વિસ્તૃત-સ્પષ્ટ-વિશિષ્ટ વિચાર જૈનદર્શન જેવો બીજાઓએ કર્યો હોય એ જોવામાં આવતું નથી; તેમજ તેવું કોઈ સાહિત્ય પણ ઉપલબ્ધ નથી. જ્યારે જૈનદર્શનમાં કર્મસંબંધી વિચાર ચોક્કસ પ્રકારના વિભાગવાર, ખૂબ સૂક્ષ્મ, વ્યવસ્થિત, સ્પષ્ટ અને વિસ્તૃત છે. કર્મ- વિષયક સાહિત્ય પણ લાખો શ્લોકો પ્રમાણ મળે છે. જૈનદર્શનમાં કર્મની બધ્યમાન અવસ્થા, સત્તા અને ઉદયાવસ્થા માનવામાં આવી છે. જૈનેત્તર દર્શનમાં પણ જુદાં જુદાં નામોથી કર્મની આ ત્રણ અવસ્થાઓનું દિગ્દર્શન આવે છે. બંધાતા કર્મને 'ક્રિયમાણ', સત્તામાં રહેલા કર્મને 'સંચિત' 'પ્રારબ્ધ' અને ઉદયમાં આવેલ કર્મને 'ભોગ' કહે છે. પણ આ જોવા નથી મળતું કે (૧) આત્માને થતા ભિન્ન ભિન્ન અનુભવો પાછળ ક્યાં ક્યાં કર્મો કામ કરી રહ્યા છે ? (૨) અમૂર્ત-ચૈતન્ય-સ્વરૂપ આત્મા જડકર્મ્ પુદ્ગલથી કેમ બંધાય છે ? (૩) એ બંધ થવાના કારણો ક્યા ? (૪) ક્યાં ક્યાં કારણોથી એ કર્મમાં કેવી કેવી શક્તિ ઉત્પન્ન થાય છે ? (૫) એ કર્મ વધારેમાં વધારે અને ઓછામાં ઓછો કેટલો કાળ આત્મા સાથે ચોંટી રહે છે ? (૬) આત્મા સાથે ચોટેલાં કર્મ કેટલો કાળ (અબાધાકાળ) ફળ આપવામાં વિલંબ કરે છે ? (૭) બંધાયેલા કર્મમાંથી અબાધાકાળને ફેરવી નાખનારી શી પ્રક્રિયા થાય છે ? (૮) ઉદયમાં આવ્યા પછી એ કર્મ કેવાં

શુભાશુભ ફળ દેખાડે છે ? (૯) એક કર્મ ઉપાર્જ્યા પછી આત્માના તે તે ચિત્તપરિણામોથી (વિચારોથી) અન્ય કર્મરૂપે કેવી રીતે સંક્રમણથી બદલાવી શકાય છે ? (૧૦) કર્મ બાંધતી વખતે એમાં જે ફળ આપવાનું સામર્થ્ય હતું તે પણ કેવી રીતે પલટાય છે ? (૧૧) જે કર્મ મોડુ ઉદયમાં આવવાનું હોય તેને વહેલું કઈ રીતે ઉદયમાં લાવી શકાય ? (૧૨) કર્મના આંશિક નાશ તેમ જ સર્વથા નાશની શી શી પ્રક્રિયા છે ? (૧૩) બહારથી દેખાતી ખાનપાન વિગેરેની ક્રિયા સમાન હોવા છતાં એ ક્રિયા વિરાગભાવે થવાથી નીચેના ગુણસ્થાનકવાળા કરતાં ઉપરનાં ગુણસ્થાનકવાળાને શુભાશુભ કર્મના બંધમાં કેવો ફરક પડે ? ...વગેરે વગેરે અનેક બાબતોનું સ્પષ્ટીકરણ, ને વિગત-વિસ્તાર અન્ય દર્શનોમાં જોવા નથી મળતો, મળવાને અવકાશ પણ નથી કેમ કે બધાં દર્શનો કર્મ ભાગ્યને અમૂર્ત, ગુણરૂપ યા સંસ્કારરૂપ માને છે. તેથી તેની ઉત્પત્તિ (બંધ) અબાધાકાળ, ઉદયાવસ્થા, એ ઉદય ચાલુ હોવા છતાં પુરુષાર્થ વિશેષથી એના રસનો અનુભવ અટકાવી દેવો યા બીજા કર્મરૂપે પલટાવી (સંક્રમિત કરી) દેવો વગેરે ઘટનાઓ આત્માના ગુણરૂપ, અમૂર્ત, ભાગ્ય માનવામાં ઘટી શકતી નથી. એ તો મૂર્ત પૌદ્‌ગલિક કર્મમાં જ ઘટે.

જૈનદર્શને કર્મસિદ્ધાંતના અદ્વિતીય વિજ્ઞાન (Science) ની જગતને ભેટ આપી છે. એ ભાગ્યને કર્મ કહે છે અને કર્મ પણ અમૂર્ત, ગુણરૂપ નહી; પરંતુ મૂર્ત પુદ્‌ગલરૂપ યાને એક જાતની રજરૂપ (અણુ સમુહાત્મક) માને છે.

**કર્મબંધનાં કારણો :-**

**૧ મિથ્યાત્વ :-** મિથ્યા માન્યતા, સત્યનો અસ્વીકાર, અતાત્ત્વિક વલણ.

**૨ અવિરતિ :-** પાપત્યાગની પ્રતિજ્ઞા ન હોવાને લીધે ચાલુ રહેતી પાપની છૂટ, પાપની અપેક્ષા, પાપની સંમતિ,

**૩ કષાય :-** ક્રોધ, માન, માયા, લોભ તથા કામ, હર્ષ-શોકાદિ.

**૪ યોગ :-** મન, વચન, કાયાની પ્રવૃત્તિ.

આ ચાર સામાન્યથી કર્મબંધનાં કારણો છે, તેલના ડાઘવાળા કપડાં ઉપર વાતાવરણમાંથી રજ ચોંટે છે તેમ રાગ-દ્વેષાદિ પરિણામવાળા આત્મા ઉપર કર્માણુઓ (કર્મરજ) ચોંટે છે.

દૂધમાં સાકર અથવા તપાવેલા લોઢાના ગોળાનાં અગ્નિ જેમ એકમેક થાય છે, તેમ આત્મા સાથે આ કર્મરજ એકમેક થાય છે.

**આઠ કર્મ :-** અનુભવાતા વિવિધ ઉદયની પાછળ જુદા જુદા કર્મ કામ કરી રહ્યા છે. કર્મના મૂળ આઠ ભેદો આમ સમજાવી શકાય. (૧) જ્ઞાન ઓછું છે, યા બહુ ગોખે, વાંચે, ભણે-મહેનત કરે છતાં જ્ઞાન ઓછું પ્રાપ્ત થાય ત્યાં **જ્ઞાનાવરણ કર્મ.** (૨) ઇંદ્રિયદર્શન ઓછા હોય, યા કાન-આંખનું તેજ ઓછું થાય. બીજી ઇન્દ્રિયોની શક્તિહીનતા હોય, ત્યાં **દર્શનાવરણ કર્મ.** (૩) ઘડીકમાં સ્વાસ્થ્ય, સુખ હોય અને ઘડીકમાં પીડા અનુભવાય ત્યાં શાતા-અશાતા રૂપ **વેદનીય કર્મ.** (૪) તર્કસિદ્ધ, યુક્તિયુક્ત, દૃષ્ટાંતસાધ્ય એવી સત્ વસ્તુ હોવા છતાં એ જચે નહિ, જચવા છતાં એનો આદર-અમલ ન થાય, ત્યાં **મોહનીય કર્મ.** (મિથ્યાત્વ મોહનીય અને ચારિત્ર મોહનીય) (૫) આત્મા શરીર સાથે જકડાયેલો જ રહે પછી ભલે ગાઢ બિમારી કે પ્રહાર, અકસ્માત પણ થયો હોય, ત્યાં **આયુષ્ય કર્મ.** (૬) જુદાં

જુદાં શરીર, શરીરના બાંધા, ચાલ, યશ અપયશ, સુસ્વર-દુસ્વર વગેરેમાં જવાબદાર તેવું તેવું કર્મ **નામ કર્મ.** (૭) ઊંચનીચ કુળમાં જન્મ થાય તેના કારણભૂત **ગોત્ર કર્મ.** અને (૮) દાનબુદ્ધિ, ભોગશક્તિ, આત્મવીર્ય, વગેરે રોકાય, ત્યાં **અંતરાય કર્મ.** આમ મૂળ આઠ પ્રકારના કર્મ કરી રહ્યા છે.

કર્મના જુદી જુદી દૃષ્ટિએ અનેક ભેદો પ્રકારો પડે છે એમાંના કેટલાક આ પ્રમાણે છે.

**ભાવકર્મ** :- દ્રવ્યકર્મ બંધાયેલા કર્મદલિકના ઉદયથી પ્રગટતાં મિથ્યાત્વ રાગ-દ્વેષ વિગેરે આત્માના પરિણામ તે ભાવકર્મ.

**દ્રવ્યકર્મ** :- ભાવકર્મના કારણરૂપ જડ-પૌદ્ગલિક કર્મરજ જે આત્માને ચોંટી છે તે.

**ઘાતીકર્મ** :- જ્ઞાન, દર્શન-વીતરાગતા અને દાનાદિ લબ્ધિ વિગેરે આત્માના વિશિષ્ટ ગુણોને ઘાત કરે તે ઘાતીકર્મ.

**અઘાતીકર્મ** :- આત્માના જ્ઞાનાદિ વિશિષ્ટ ગુણોનો ઘાત ન કરે પણ શુભાશુભ (સુખ-દુઃખ) ફળ આપીને ચાલ્યા જાય તે અઘાતીકર્મ.

આઠ કર્મના અવાંતર ૧૫૮ ભેદ પડે છે : દા.ત. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ... ચક્ષુદર્શનાવરણ. અચક્ષુદર્શનાવરણ... વગેરે.

**ચાર પ્રકારે બંધ** :- આત્મા પર કર્મ ચોંટે છે ત્યારે ચાર ચીજ નક્કી થાય છે.

(૧) પ્રકૃતિબંધ (૨) સ્થિતિબંધ (૩) રસબંધ (૪) પ્રદેશબંધ આત્મા ઉપર ચોંટતની સાથે જ એમાં- (૧) જીવના જ્ઞાનાદિ ગુણોને રોકવાનો સ્વભાવ નક્કી થાય છે તે સ્વભાવ એ

**પ્રકૃતિબંધ** (૨) એ કર્મ આત્મા સાથે કેટલો કાળ ચોંટી રહેશે તે કાળમર્યાદાનો નિર્ણય થાય છે. એ કાળમર્યાદાનો નિર્ણય તે **સ્થિતિબંધ** (૩) એ કર્મના ફળમાં તીવ્રતા કે મંદતા નક્કી થાય તે **રસબંધ** . (૪) કર્મના આઠ વિભાગમાં દરેકમાં દળપ્રમાણ નક્કી થાય તે **પ્રદેશબંધ.**

કર્મનો તે તે ગુણસ્થાનકે રહેલા જીવો અંગે વિચાર થાય છે તે મુખ્યપણે ચાર દૃષ્ટિએ, બંધ ઉદય-ઉદીરણા અને સત્તારૂપે. આમાં ઉદય પહેલાં અબાધાકાળ રહે છે.

**અબાધાકાળ શું છે ?** કર્મ બંધાયા પછી તરત જ ઉદયમાં નથી આવતું. એટલે એ બંધાયા પછી ઉદયમાં આવે તે પૂર્વેનો વચલો કાળ તે કર્મનો **અબાધાકાળ** કહેવાય છે.

**કર્મનો ઉદય એટલે શું ?** કર્મ બંધાયા પછી અને અબાધાકાળ પૂર્ણ થયા પછી કર્મ પોતાનું શુભાશુભ ફળ દેખાડવા માંડે તે એનો **ઉદય** કહેવાય.

**કર્મની ઉદીરણા એટલે શું ?** જે કેટલાક કર્મ મોડા ઉદયમાં આવવાના હોય તેને પ્રયત્નવિશેષથી વહેલા ઉદયમાં લાવવા તે **ઉદીરણા** કહેવાય.

**કર્મની સત્તા એટલે શું ?** બંધાયેલા કર્મ ઉદય વગેરેથી ભોગવાઈ જઈને પોતાના સ્વરૂપને ન છોડે, સિલીકમાં પડ્યું રહે ત્યાં સુધી તે **કર્મ સત્તામાં** કહેવાય.

પૂર્વે કર્મબંધની પ્રક્રિયા દર્શાવી એને **બંધનકરણ** કહેવાય. આત્મા સાથે બંધાયેલા કર્માણુઓમાં પાછળથી આત્માના શુભાશુભ અધ્યવસાયો (ભાવો)થી પરિવર્તન પણ આવે છે અર્થાત્ એમાં ફેરફાર પણ થાય છે. પૂર્વે બાંધેલ કર્મનો અમુક

અંશ વર્તમાનમાં બંધાતા સજાતીય બીજા પ્રકારમાં ફેરવાઈ જાય તે **સંક્રમણ**. બંધાયેલા કર્મની સ્થિતિમાં અને રસમાં હ્રાસ કે વૃદ્ધિ થાય તે અનુક્રમે **અપવર્તના** અને **ઉદ્‌વર્તના.** ઉદયપ્રાપ્ત નહિ થયેલા કર્મોને પ્રયત્ન વિશેષથી ઉદયમાં લાવવા તે **ઉદીરણા.** મોહનીય કર્મના દલિકોને અમુક કાળની મુદત પૂરતું ઉદય વગેરેને અયોગ્ય બનાવવા તે **ઉપશમના.** કર્મોને ઉદ્‌વર્તના, અપવર્તના સિવાયના કરણોને અયોગ્ય બનાવવા તે **નિધત્તિ** અને કર્મોને સર્વકરણને અયોગ્ય બનાવવા તે **નિકાચના.** અર્થાત્ જેવા બાંધ્યા તેવા ભોગવવા જ પડે, આ સંક્રમ વગેરે આત્માના વીર્ય-વ્યાપારથી-મનવચનકાયાની સહાય દ્વારા આત્મશક્તિથી થાય છે; માટે તેને **બંધનકરણ, સંક્રમકરણ, અપવર્તનાકરણ, ઉદ્‌વર્તનાકરણ, ઉદીરણાકરણ, ઉપશમતાકરણ, નિધત્તિકરણ** અને **નિકાચનાકરણ** કહેવાય છે, કર્મસાહિત્યમાં આ કરણોની પ્રક્રિયા સૂક્ષ્મ છે, અને ઘણી મહત્ત્વની છે

**આત્મવિકાસનો ક્રમ :-**

મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુઓ જેમ જેમ ઓછા થતા આવે તેમ આત્માનું ગુણસ્થાન ઊંચું આવે એટલે કે આત્મિક-આધ્યાત્મિક વિકાસની અવસ્થા શ્રેષ્ઠ બને આવા ગુણસ્થાનક ૧૪ છે, એ ગુણસ્થાનકોમાં વર્તતા જીવોની કેટલીક બાહ્યપ્રવૃત્તિ સરખી દેખાવા છતાં ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં મિથ્યાત્વાદિ હેતુઓ ન હોવાથી અશુભ કર્મનો બંધ ઓછો થતો આવે છે અને ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં કર્મના ઉદય વગેરે પણ ઘટતા આવે છે.

જૈન દર્શને અનેરું કર્મવિજ્ઞાન પીરસ્યું છે. આ લેખમાં તેનું સામાન્ય દિગ્દર્શન માત્ર કર્યું છે.

## સનિમિત્તક કર્મના ઉદયમાં સાવધાની :-

'શ્રી પન્નવણા' સૂત્રમાં કહ્યું કે કર્મ બે જાતનાં, (૧) **સનિમિત્તક ઉદયવાળાં**, અને (૨) **નિર્નિમિત્તક ઉદયવાળાં.** આમાં સનિમિત્તકમાં આવાં કર્મ આવે કે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાંનું કોઈ નિમિત્ત પામીને જ વિપાક-ઉદયમાં આવે. દા.ત. સર્પદંશનું ઝેર ચડેલાને મંત્ર-પ્રયોગનું નિમિત્ત મળ્યું. તો આરોગ્યનું કર્મ ઉદયમાં આવ્યું. બિમાર માણસ હવા ખાવાના સ્થળે જાય, અને ત્યાં રહેતાં સાજો થાય. એમાં ક્ષેત્રનું નિમિત્ત પામીને શાતાવેદનીય કર્મ ઉદયમાં આવ્યું ગણાય. એમ, ઋતુ બદલાય અને શરદી વગેરે મટી આરોગ્ય મળે, એ કાળનિમિત્તક કર્મનો ઉદય થયો ગણાય. બહુ ચિંતા-શંકા-ભય વગેરે ભાવનું નિમિત્ત પામીનેય રોગ-અશાતા ઊભી થાય, એમાં ભાવ-નિમિત્તક અશાતા વેદનીય કર્મનો ઉદય કહેવાય. આમ સનિમિત્તક કર્મો ઉદયનું નિમિત્ત મળતાં કામ કરે. પણ આવાં કોઈ નિમિત્તને પામ્યા વિના એમ જ દા.ત. ટી બી. કેન્સર, લકવો, વગેરે રોગ ઊભો થઈ જાય, ત્યાં પ્રબળ નિર્નિમિત્તક કર્મનો ઉદય ગણાય.

એમ, ગોખવાની ઘણી મહેનત કરવા છતાં જ્ઞાન ન ચડે એ એવાં પ્રબળ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી કહેવાય. પરંતુ ગોખેલું ભણેલું ફરી ફરી યાદ ન કરાય, પુનરાવર્તન ન કરાય. અને દિવસો જતાં ભૂલી જવાય, ત્યાં જ્ઞાનાવરણ કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય.

એવું મોહનીય કર્મમાં ઘણું ઘણું છે. હાસ્યના નિમિત્તમાં ઊભો રહે. અને હસવું આવે, એ હાસ્યમોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો ગણાય. સ્ત્રી સામે વારંવાર જોયા કરે. અશ્લીલ ચિત્ર કે સિનેમા જુએ, યા વિલાસી વાંચન કરે. અને

વાસના-વિકાર જાગે, એ કામ-મોહનીય કર્મનો સનિમિત્તક ઉદય ગણાય. દુશ્મને આપેલા ત્રાસ વિચારે કે દુશ્મનની હલકાઈ વિચારે, અને મનમાં ગુસ્સો-રોષ સ્ફુરી આવે, એ ક્રોધ મોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય. એને મનના ગુસ્સાના ભાવનું નિમિત્ત મળી ગયું. અને કર્મનો ઉદય ભભુકી ઊઠ્યો. કોઈનો માલ મકાન મોટર વગેરે પર દૃષ્ટિ જતાં રાગ સ્ફુરી આવે એ લોભમોહનીય રાગમોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય.

આમ જોશો તો દેખાશે કે હાસ્ય-શોક, હર્ષ-ખેદ-ભય, કામ-ક્રોધ-લોભ, માન-મદ-મત્સર, વગેરેના કેટલાય મોહનીય કર્મ એવાં છે કે એને નિમિત્ત આપો તો જ ઉદય પામી એ હાસ્ય વગેરેની લાગણી ઊભી કરે છે. પૂછો,

**પ્ર.-** તો શું નિમિત્ત ન આપીએ તો એ કર્મ બેઠાં રહે છે ?

**ઉ.-** ના, કર્મનો સ્થિતિકાળ પાકે એટલે ઉદય તો પામે જ, પરંતુ એવાં કર્મ નિમિત્ત ન મળતાં બીજાના ભેગા ભળી ઉદય પામે, તેથી એનું પોતાનું ફળ દેખાડ્યા વિના માત્ર એનાં દળિયાં-પ્રદેશ ઉદય પામે એને **પ્રદેશોદય** કહેવાય. ત્યારે ફળ દેખાડે એ **વિપાકોદય** કહેવાય. બંને પ્રકારના ઉદયમાં પછીથી કર્મ ખપી જાય; અર્થાત્ આત્માની સાથેના સંબંધથી અલગ થઈ જાય. વાત આ, કે ઘણાં એવાં મોહનીય કર્મ છે કે જેને નિમિત્ત આપો તો જ વિપાકોદયમાં આવી એનું ફળ દેખાડે માટે એવા રાગ-રતિ આદિનાં નિમિત્તથી આઘા રહેતાં ઘણો બચાવ મળે.

આ પરથી સમજાશે કે જો એવાં નિમિત્તો ન સેવીએ, એનાથી દૂર રહીએ, તો કેટલાંય મોહનીય કર્મના વિપાકોદયથી બચીએ અર્થાત્ તેવી તેવી મોહની લાગણીઓથી બચી જઈએ.

**પશુ કરતા માનવનો અવતાર પામ્યાની આ વિશેષતા છે કે, -**

(૧) આપણને "હર્ષ-ખેદ કામ-ક્રોધ વગેરે, એ મોહની લાગણીઓ છે" એની ખબર પડે છે.

(૨) એને જન્માવનાર નિમિત્તોની સમજ પડે છે.

(૩) એ નિમિત્તોથી દૂર રહી, એ લાગણીઓથી બચી શકાય છે.

(૪) અને એમ અનેક પ્રસંગોમાં બચવાથી એના સંસ્કાર દૃઢ ન કરવાનું, તેમજ વધારામાં શુભ ભાવનાથી જુના સંસ્કારોને નષ્ટ કરતા જવાનું કરી શકીએ છીએ. તેમજ

(૫) એ રીતે અશુભ કર્મ બંધનોથી ય બચી શકીએ છીએ.

માનવભવની આ મહાન વિશેષતાઓને ધ્યાન પર લઈએ તો એ માટેના પ્રયત્નમાં શી ખામી રહે ? જીવન લઈને બેઠા એટલે જીવન નભાવવા માટે ખાનપાનાદિ જરૂરી ઘણું ય કરતા રહીએ, છતાં જે એ કશું મુખ્ય કર્તવ્ય ન લાગે, એવું મુખ્ય કર્તવ્ય આ મોહની લાગણીઓથી બચતા રહેવાનું લાગે...

એ બચવા માટે ખાસ સાવધાની, એનાં નિમિત્તોથી અલિપ્ત રહેવાની રાખવા જેવી છે. દા.ત. વાતોડિયા મહાજન ભેગા થાય તો એમની વાતોમાં લેવા-દેવા વિનાના રાગ-દ્વેષ-હાસ્ય-ઇર્ષ્યા અસૂયા વગેરે ઊભા થાય છે. એટલે એમનો સંગ એ મોહની લાગણીઓનું પ્રબળ નિમિત્ત ગણાય. તેથી એનાથી આઘા જ રહેવું એમાં સલામતી છે. કદાચ કહેશો,-

**પ્ર.-** પણ ક્યારેક શરમાશરમી આવાના ભેગા બેસવું પડે છે, ત્યાં શે બચાય ?

**ઉ.-** ત્યાં 'મારે જરા જાપ પતાવવાનો છે,' એમ કહી મરમરવા જેવા અવાજથી નવકાર યા લોગસ્સનો જાપ કરવા માંડવાનો, અથવા 'માફ કરજો સંડાસ જવું પડશે,' એમ કહી ઊઠી જવું; અથવા 'અમુક ભાઈને મળવાનું છે, તે જાઉં છું' કહી ત્યાંથી નીકળી જવું; યા સામો બોલતો રહે, અને આપણે આંતરિક રીતે કોઈ ધ્યાનની કોઈ યોગની મૌન સાધનામાં લાગવું.

સારાંશ, તેવા તેવા પ્રસંગોમાં રાગ-દ્વેષાદિ જગાડે એવાં નિમિત્તોથી આઘા રહેવાનું અત્યંત આવશ્યક છે. એક વાત અવશ્ય સમજી રાખવા જેવી છે કે **આ સંસારના પ્રવાસમાં આપણો આત્મા ઉત્તરોત્તર વિશુદ્ધ અધ્યવસાયોને સ્પર્શતો ચાલે એ બહુ અગત્યનું છે અને તેથી વીતરાગ ભાવ નિકટ ને નિકટ આવતો જાય એ અતિ મહત્ત્વનું છે...**

**શું મંત્ર કર્મ પર અસર કરે ?**

**પ્ર.** એક રાજકુમારીને સર્પદંશથી ઝેર ચડી ગયેલું, પરંતુ હરિષેણ રાજાના મંત્ર-પ્રયોગથી ઝેર ઊતરી ગયું. પરંતુ જો આ મંત્ર-પ્રયોગનો યોગ ન મળ્યો હોત, તો તો રાજકુમારી મરત જ ને ? પણ મંત્રથી જીવી ગઈ; તો પછી કર્મોનાં ફળ અકાટ્ય હોવાનું કહેવાય છે, એ આમાં ક્યાં રહ્યું ? શું મંત્રે કર્મોને કેન્સલ કર્યા ?

**ઉ.** - જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન આનું સુંદર સમાધાન આપે છે. જીવને જે પીડા વેદના ચાલે છે એ એક જ કર્મસ્કન્ધની અસર નથી, પરંતુ પ્રતિસમય ચાલતી પીડાવેદનાને ઉપજાવનાર અલગ અલગ કર્મસ્કન્ધની અસર છે, તે તે સમયે પાકનાર કર્મસ્કન્ધ પાકે એટલે ત્યાં જ વેદના ઉપજાવે છે, એની પછીના

પાકનારો કર્મનો સ્કન્ધ પાકતાં જ એ જ સમયમાં વેદના આપે છે. એમ માનો કે સળંગ પીડાવેદના ચાલી, તો આ હિસાબે એટલા કાળની વેદનાનો કોઈ એક કર્મસ્કન્ધ નહિ, કિન્તુ અનેક કર્મસ્કન્ધો જવાબદાર હોય છે, ક્રમસર ઉદયમાં આવતા હોય છે.

એટલે હવે સમજાશે કે જે સમયે વેદના બંધ પડી. એ સમયે એવો કોઈ જોરદાર કર્મસ્કન્ધ પાકનારો હતો જ નહિ. યા હતો તો એના પર કોઈ એવો પ્રભાવ પડ્યો કે જેથી એ ફળ દેખાડ્યા વિના એમ જ રવાના થયો. પ્રશ્ન થાય,-

**પ્ર.** - તો શું બધું કાકતાલીય ન્યાયથી બને છે ?

**ઉ.** - ના, અહીં કાકતાલીય ન્યાયથી જેમ તાડ પડવાનું હતું, એ જ વખતે કાગડો એના પર બેઠો. એમ 'ઝેરની પીડાનાં કર્મદળિયાં પૂરા થવાનાં હતાં એ જ વખતે મંત્રપ્રયોગ થયો, ને મંત્રપ્રયોગ એને સાજી કરી' એવું નથી, પરંતુ હવે પાકનાર કર્મ પર મંત્રપ્રયોગની એવી અસર પડી કે કર્મની ફળ દેખાડવાની શક્તિ મંત્રપ્રયોગથી કુંઠિત થઈ ગઈ, તેથી જો કે કર્મ પાકવાના હિસાબે ઉદયમાં આવ્યાં તો ખરાં, પણ પીડા ન આપી શક્યાં, અને આરોગ્યનાં કર્મ વિપાક-ઉદયમાં આવી, એણે આરોગ્ય દેખાડ્યું, એમ બની શકે છે.

**પ્રદેશોદય-વિપાકોદય :-**

નિમિત્ત પામી વિપાક દેખાડનાર કર્મ માટે આવું બને છે કે તેવાં નિમિત્તના હિસાબે તેવાં કર્મ વિપાકમાં જોર મારી જાય, અને બીજાં કર્મ પાકેલાં ખરા, પણ માત્ર પ્રદેશથી ભોગવાઈ જાય, રસવિપાક ન દેખાડી શકે. પરિસ્થિતિ જુઓ કે પૂર્વે પણ સાપનું

ઝેર ચડ્યું ત્યારે તે પૂર્વે આરોગ્ય આપી રહેલ કર્મદળિયાં આરોગ્ય આપ્યે જ જતા હતાં. તો સર્પદંશ પછી આરોગ્ય કેમ અટક્યું ? કહો, સર્પદંશનું નિમિત્ત પામી અશાતાવેદનીય કર્મનો વિપાકોદય જોર મારી ગયો, તેથી પેલા ચાલુ આરોગ્યદાયી કર્મનો રસવિપાક સ્થગિત થઈ ગયો, એટલે એ બિચારાં સ્થિતિ પાક્યે ઉદય પામવા છતાં ખાલી પ્રદેશોદયથી એટલે કે રસવિપાક દેખાડ્યા વિના જ ભોગવાઈ રવાના થતા ગયાં; ને અશાતા કર્મના વિપાક પ્રબળ બનવાથી પીડા શરૂ થઈ. બસ, હવે આ ઝેર-નિવારક મંત્રપ્રયોગથી એથી ઉલ્ટું બન્યું. હવે અહીં આરોગ્ય શાતાદાયી કર્મ જોર મારી જાય છે.

**કર્મ પર દ્રવ્યાદિની અસર :-**

આ બતાવે છે કે કર્મના ઉદય પર તેવાં તેવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અસર કરે છે. કર્મ તો બંધાયા પછી એનો અમુક અબાધા-કાળ અર્થાત્ એને અબાધિત રહેવાનો કાળ પૂરો થયા બાદ, સમયે સમયે ઉદય પાક્યે જાય છે. એમાં શાતા-અશાતા જેવા પરસ્પર વિરોધી કર્મ પણ બંને પોતપોતાના કાળ પાક્યે ઉદય પામતા જાય. પરંતુ જેવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની પ્રબળતા, એ પ્રમાણે શાતા કે અશાતા બે જાતના કર્મમાં એકની ફળ-પ્રદાન-શક્તિ કુંઠિત થઈ જાય, અને બીજાની શક્તિ અબાધિત કામ કરે. અહીં એક પ્રશ્ન થાય,

**કર્મ માનવાની જરૂર જ શી ? :-**

**પ્ર.** - તો તો પછી કર્મની પ્રત્યે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ ફળ આપનાર તરીકે માનો ને ? વચમાં મફતિયા કર્મ માનવાનું શું કામ છે ?

ઉ. - ના, આત્માથી તદ્દન નિરાળા બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. જેમ આકાશ પર તેમ આત્મા પર અસર ન કરી શકે. એ બાહ્ય દ્રવ્યાદિ તો આત્માની સાથે એકમેક ચોંટેલા કર્મ પર જ તેવી તેવી અસર બતાવી શકે. નહિતર દા.ત. જુઓ કે શહેરમાં પ્લેગની હવા ચાલુ થઈ ગઈ, તો એ હવા-દ્રવ્ય તો શહેરના બધા જ માણસોને લાગુ થયું, છતાં એથી ક્યાં બધા જ માણસ માંદા પડે છે ? કેટલાક જ માંદા પડે છે, આવું કેમ બને છે ? કહો, જેને એવા પ્રબળ અશાતાવેદનીય કર્મ હતાં એનાં પર આ હવાદ્રવ્યે અસર કરી; એણે શાતાવેદનીય કર્મના ફળની શક્તિ કુંઠિત કરી, એથી શાતાફળ રોકાયું, અને પેલા અશાતા કર્મ પોતાનું ફળ બતાવવામાં જોર મારી ગયા. જેનાં શાતાવેદનીય કર્મ જોરદાર હતાં, એના પર આ હવાએ અસર ન કરી, તેથી એની શાતા ચાલુ રહી, ને અશાતા યાને બિમારી ન આવી. સમાન નિમિત્ત છતાં જુદા ફળની પાછળ કારણ તરીકે જુદા કર્મ માનવા જ પડે.

આમ, આત્મા પર અસર એના પર લાગેલા કર્મ જ બતાવી શકે.

બહારનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ કર્મ પર અસર કરે યા ન પણ કરે. કર્મની જેવી જેવી દુર્બળતા યા સબળતા એ પ્રમાણે અસર થાય યા ન થાય. કેટલાંક કર્મ નિમિત્તાધીન; એટલે તેવાં તેવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું નિમિત્ત પામી વિપાકોદય પામનારા, યાને વિપાક દેખાડનારા હોય. એ કર્મ તેવાં દ્રવ્યાદિની અસર લે; માટે દુબળાં પરંતુ સબળ કર્મ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અસર નથી લેતાં, અને પોતાનો પ્રભાવ દેખાડે છે.

卐

# પુરુષાર્થનું મહત્ત્વ : કર્મનો બંધ

ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજીના પ્રશ્નોનો ઉત્તર કરતાં, ત્રિલોકનાથ શ્રી મહાવીર પરમાત્માએ શ્રી ભગવતી સૂત્રમાં ફરમાવ્યું કે 'કાંક્ષામોહનીય કર્મ જીવ પ્રમાદના કારણે બાંધે છે; ને પ્રમાદ મન-વચન-કાયાના યોગનાં કારણે ચાલે છે. ત્યારે યોગ વીર્યના લીધે ચાલે છે; ને વીર્ય શરીરના હિસાબે પ્રવર્તે છે. તેમ, શરીર જીવના આધારે બને છે.' આમ કર્મબંધમાં છેવટનું કારણ જીવ હોવાનું આવીને ઊભું રહે છે.

જીવનો જેવો પુરુષાર્થ તેવું તિર્યંચ, નરક, દેવ કે મનુષ્યનું શરીર મળે છે. એમાંય માનવ-શરીર પણ જીવના પુરુપાર્થના હિસાબે ચોથા કે પાંચમા આરા વગેરેનું, અર્થાત્ શ્રેષ્ઠ, મધ્યમ કે કનિષ્ટ સંઘયણવાળું શરીર મળે છે. એ શરીરમાં સંઘયણને ઘટતો પુરુષાર્થ જીવ કરે તે હિસાબે શરીર-પુદ્ગલના સહારે આત્મવીર્ય સ્ફુરે છે. હૃદયની ભાવના ઘણીય ઊંચી હોય, પરંતુ શરીર-સંઘયણ બળના પ્રમાણમાં જ વીર્યોલ્લાસ સ્ફુરવાનો. દા.ત. પાંચમા આરાનું શરીર છેલ્લા કનિષ્ઠ સંઘયણવાળું હોઈ, એમાં સર્વ કર્મક્ષય કરનારી ક્ષપકશ્રેણીનું વીર્ય સ્ફુરી શકે નહિ. એની કક્ષાની અંદર રહીને જીવ સ્વપુરુષાર્થથી ધારે તેટલું વીર્ય ફોરવી શકે છે. એ એના પોતાના હાથની વાત છે. પોતે ધારે તો એવું સદ્વીર્ય સ્ફુરાયમાન કરી શકે.

આ વીર્યની સ્ફુરણાના હિસાબે યોગ, યાને મન-વચન-કાયાની પ્રવૃત્તિ અર્થાત્ વિચાર-વાણી-વર્તાવ પ્રવર્તવાના. વીર્ય ફોરવવાની જો કમી, તો એ યોગમાં કમી રહેવાની. વીર્યનું સ્ફુરણ જો અસદ્માર્ગે, તો વિચાર વગેરે એ બાજુના ચાલવાના.

ત્યારે જેવું યોગ-પ્રવર્તન તેવા પ્રમાદ પોષાવાના. રાગ દ્વેષ વિષય કષાય એ મોટા પ્રમાદ છે. તેવા તેવા વિચાર-વાણી-વર્તાવના હિસાબે દા.ત. રાગના વિચાર યા રાગજનક વસ્તુના વિચાર, કે એવી વાણી જો પ્રવર્તશે, તો એ રાગપ્રમાદ વિકસવાનો. આ પ્રમાદના આધારે જીવ કાંક્ષા-મોહનીય અને બીજાં બીજાં પણ કર્મ બાંધવાનું કરે છે.

અહીં જે કાંક્ષામોહનીય કર્મ લીધું, એ ઉદય પામીને જીવને અજ્ઞાની-અસર્વજ્ઞના કલ્પેલા ધર્મ તથા એનાં વિધાનો-પર્વો-ઉત્સવો-સાધનાઓ વગેરે તરફ આકર્ષણ કરાવે છે, તેથી સર્વજ્ઞકથિત શુદ્ધ ધર્મનું આકર્ષણ ઘટે છે. એ ઘટવાથી પછી શુદ્ધ તત્ત્વની શ્રદ્ધા અને સાધનાઓ મોળી પડે છે. એમાં તો આગળ વધતાં મૂળ જાય તેથી આનો અહીં ખાસ નિર્દેશ કર્યો; ને એ ન આવે એની બહુ સાવધાની રાખવાની.

અહીં મુખ્ય વાત એ છે કે જીવના પોતાના પુરુષાર્થ ઉપર વીર્ય કાર્યકર બની વિચાર-વાણી-વર્તાવનો યોગ પ્રવર્તે છે; એના પર રાગ-દ્વેષાદિ પ્રમાદ પોષાઈને કર્મો બંધાય છે. અલબત્ અશુભ કર્મ રાગાદિવશ અસત્ વિચાર-વાણી-વર્તાવ ઉપર બંધાવાના; પરંતુ એના મૂળમાં તો આત્માનો અસત્ પુરુષાર્થ વીર્ય ફોરવીને કામ કરતો હોય છે.

એટલે આ ફલિત થાય છે કે કર્મ સારા બાંધવા યા નરસા, કે અશુભ કર્મબંધ થવા ન દેવો, એ આત્માની મનસુફીની વાત છે. જો પોતે અસત્ પુરુષાર્થ ન ફોરવે, ને પોતાના વીર્યને ન સ્ફુરવા દે, તો તેવા અશુભ વિચાર-વાણી-વર્તાવને અટકાવી શકે છે. પોતાના આ અદ્ભુત સ્વાતંત્ર્યનું આત્માને ભાન નથી, યા મૂલ્યાંકન કદર નથી તેથી અબૂઝ જેવો બની માનવજીવનમાં

મહાબક્ષીસભૂત મળેલ આ પુરુષાર્થ શક્તિ અને વીર્યશક્તિને સરાસર વેડફી નાખે છે. નહિતર એવા પ્રમાદ-યોગ ઉપસ્થિત થતાં જ સત્યાગ્રહ કરે કે 'મારે આ દિશામાં પુરુષાર્થ કરવો જ નથી, વીર્ય સક્રિય કરવું જ નથી' તો તેમ કરવા કોણ બલાત્કાર કરે છે ? ગળા સુધી આવેલું છતાં ક્યારેક અનુચિત બોલતાં અટકીએ છીએ એ પુરુષાર્થ રોકવાના સ્વાતંત્ર્ય પર બને છે એવો અનુભવ છે.

(૨) બીજું ફલિત એ થાય છે કે એકલાં સારાં નિમિત્તના ભરોસે રહેવાથી તરી જવાતું નથી. પુરુષાર્થ તો કરવો જ જોઈએ. નિમિત્ત સામાન્ય હોય તો ય પુરુષાર્થની પ્રબળતા જોરદાર ફળ લાવે છે. માટે અસત્ પુરુષાર્થ પર પાકો અંકુશ અને સત્ પુરુષાર્થનો ભારે વિકાસ મહાન જીવન કર્તવ્ય છે.

卐

## પુરુષાર્થનું મહત્ત્વ : કર્મના ઉદયાદિ પર

પૂર્વના લેખમાં શ્રી ભગવતીસૂત્રનાં વચનથી કર્મના બંધમાં મૂળ કારણ તરીકે જીવ યાને જીવનો પુરુષાર્થ હોવાનું જોયું. હવે બંધાઈ ગયેલા કર્મના ઉદય પર પુરુષાર્થ કાંઈ અસર કરે કે કેમ એ જોઈએ.

શ્રી ભગવતીસૂત્રમાં ત્રિલોકનાથ શ્રી મહાવીર પ્રભુ ફરમાવે છે કે 'ગોયમા ! અપ્પણો ચેવ ઉદીરઈ, ગરહઈ, સંવરઈ, ણો અણુટ્ઠાણેણં... (કિન્તુ) ઉટ્ઠાણેણં બલેણં વીરિયેણં...' અર્થાત્ 'હે ગૌતમ આત્મા જાતે જ કર્મની ઉદીરણા કરે છે, ગર્હા-નિંદા કરે છે, નવાં કર્મનું સંવરણ-અટકાયત કરે છે, ઉપશમ કરે છે. એ

બધું 'અનુત્થાનથી' એટલે કે પોતે સજ્જ થયા વિના નહિ, બળ-વીર્ય ફોરવ્યા વિના નહિ, કિન્તુ પોતે જ તૈયાર થઈ બળ-વીર્ય-પુરુષાર્થ ફોરવીને કરે છે.'

આ સૂચવે છે કે કર્મ બાંધી તો મૂક્યા, ને તે તે કર્મનો સ્થિતિકાળ અને રસ નક્કીય કરી દીધા, હવે શું એ એજ રીતે ઉદયમાં આવે ? આના ઉત્તરમાં, 'ના, એવો નિયમ નહિ. કેમકે,'

(૧) આત્માનો જેવો અધ્યવસાયનો પુરુષાર્થ થાય તે પ્રમાણે કેટલાંય મોડા ઉદયમાં આવનાર કર્મની સ્થિતિ તૂટી એ હમણાં જ ઉદય પામવા યોગ્ય બની જાય છે; અર્થાત્ એનો યથાવત ઉદય નહિ કિન્તુ વહેલો ઉદય એટલે કે ઉદીરણા થાય છે. વળી એવું બને કે વર્તમાનમાં શુભ કર્મ દા.ત. શાતાવેદનીય ઉદયમાં ચાલતું હોય તો પોતાના સ્થિતિક્રમ પ્રમાણે ઉદય પામેલ અશાતાવેદનીય કર્મદળિયાં રસોદય પામ્યા વિના અર્થાત્ અશાતાનો અનુભવ કરાવ્યા વિના એમ જ માત્ર પ્રદેશોદય પામી આત્મા પરથી ખરી જાય.

(૨) ત્યારે શુભ અધ્યવસાયના પુરુષાર્થથી એ વખતે બંધાતા શુભ કર્મજથામાં પૂર્વના બાંધેલા કેટલાક સજાતીય અશુભ કર્મસ્કન્ધોનું સંક્રમણ થઈ શુભરૂપે પરિવર્તન થાય છે. દા.ત. વર્તમાનમાં બંધાતા શાતાવેદનીય કર્મમાં પૂર્વબદ્ધ કેટલાક અશાતાવેદનીયકર્મ સંક્રમી શાતાવેદનીયકર્મરૂપ, એમ કેટલાક અપયશનામકર્મ યશનામકર્મમાં ભળી યશનામકર્મરૂપ, દૌર્ભાગ્ય, સૌભાગ્યરૂપ, નીચગોત્ર ઊંચગોત્રરૂપ વગેરે બની જાય છે.

(૩) વળી, શુભ અધ્યવસાયના પુરુષાર્થને અનુસારે અશુભ કર્મોની કેટલાય જૂથના સ્થિતિકાળમાં હ્રાસ અને અપવર્તના, તથા એના રસમાં પણ હ્રાસ થાય છે.

આમ આત્માનો શુભ અધ્યવસાયનો પુરુષાર્થ બાંધી મૂકેલા પણ કર્મના યથાવત્ ઉદય આવવા પહેલા એના પર ભારે અસર કરી જાય છે. અહીં પ્રશ્ન થાય.

**પ્ર.** પરંતુ જે કર્મો, નિકાચિત રૂપે બંધાઈ ગયા હોય એનો તે યથાવત્ ઉદય ભોગવવો પડે ને ? એના પર શી અસર થવાની ?

**ઉ.** - શુભ અધ્યવસાયની અસર એવા નિકાચિત કર્મના ઉદય પર પણ એ રીતે પડે છે કે એ કર્મોમાં જે અશુભ અનુબંધ યાને બીજશક્તિ હતી, એને આ પુરુષાર્થ તોડી નાખે છે, જેટલો પ્રબળ શુભ ભાવનો પુરુષાર્થ તેટલા પ્રમાણમાં અશુભાનુબંધ તૂટે. તેથી જો આ અનુબંધ ન તૂટ્યો હોત તો એ નિકાચિત પુણ્યના ઉદયે ભલે મહાવૈભવ-સત્તાસન્માન આદિ મળત યા નિકાચિત પાપોદયે મહાવ્યાધિ વગેરે આવત, પરંતુ અનુબંધવાળા કર્મના ઉદયવશ જીવ એમાં ઉન્મત્ત, વિષયમૂઢ, યા કષાય-દુર્ધ્યાનગ્રસ્ત બની ઘોર પાપો ઉપાર્જત ! તે હવે **પાપાનુબંધો તુટી જતાં એ કર્મના ઉદયો નવાં પાપોપાર્જનને અવકાશ ન આપતા માત્ર ફળ દેખાડી રવાના થાય છે.**

ત્યારે મહત્ત્વ જે કર્મફળનું નથી, એ ફળના પ્રત્યાઘાતનું છે. પ્રત્યાઘાતરૂપે જો અશુભાનુબંધવશ દુર્બુદ્ધિ ઉન્માદ અને કષાયપ્રબળતા રહી તો તે ઘોર પાપોપાર્જનથી માનવભવ બરબાદ અને દુર્ગતિ સુલભ કરે ! જો અશુભાનુબંધ તૂટી ગયા છે; તો એ કર્મના ફળભોગ વખતે દુર્બુદ્ધિ વગેરે ન થતાં ચિત્તસમાધિ રહેવાથી એ ફળભોગ પાપોપાર્જન-દુર્ગતિદાયી નહિ બને.

મહાવીર પ્રભુને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં પુણ્યનો ઉદય

ભારે, પણ અશુભાનુબંધવાળો ! તેથી ઘોર પાપોપાર્જન અને સાતમી નરકનાં ભાતાં ભેગા થયાં ! તે પણ આગળ દુર્ગતિઓ ચલાવે એવાં અશુભાનુબંધવાળાં. એમાં એક પાપ શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસુ રેડવાનું ક્રોધાન્ધ બની કર્યું, એથી કાનમાં ખીલા ઠોકાવાનું કર્મ ઉપાર્જ્યું ! તે અશુભાનુબંધી જ ઉપાર્જ્યું હશે ને ? ત્યારે સવાલ એ થાય કે

**પ્ર.** 'તો પછી જ્યારે એ પાપ છેલ્લા ભવે ઉદયમાં આવી પ્રભુના કાનમાં ખીલા ઠોકતાં ભારે અશાતા ઊભી થઈ, ત્યાં સુધી પેલા અશુભાનુબંધના હિસાબે બુદ્ધિ કેમ ન બગડી ? કષાય કેમ ન ભભૂક્યો ?'

**ઉ.** અહીં માનવું જ પડે કે વચલા માનવભવ પ્રિયમિત્ર ચક્રવર્તી રાજર્ષિ, ને નંદન રાજર્ષિના ભવમાં અદ્‌ભુત શુભ અધ્યવસાયના પુરુષાર્થે અશુભાનુબંધો તોડી નાખ્યા. એણે ભાવી કર્મોદયો પર એવી અસર કરી કે એ રાગ-દ્વેષ-દુર્બુદ્ધિ અને નવી પાપપરંપરા શરૂ કરી શક્યા નહિ.

બસ, વાત આ છે કે જીવનો પોતાનો અશુભ અધ્યવસાય, કષાયો, દુર્બુદ્ધિ, દુષ્ટ યોગો વગેરે અસત્‌પુરુષાર્થ કર્મબંધ, સંક્રમણ, ઉદ્‌વર્તના-અપવર્તના, ઉદીરણા, અનુબંધ વગેરે પર ભારે નરસી અસર કરે છે, ત્યારે શુભઅધ્યવસાયાદિનો સત્પુરુષાર્થ એ બધા પર ભવ્ય સુંદર અસર કરે છે. માટે સત્પુરુષાર્થ સદા જાગતો રહેવો જોઈએ. માનવભવ એ માટે જ છે.

卐

# કર્મની ભ્રમણામાં પુરુષાર્થનો નાશ ન કરો.

ઉત્તમ માનવ-જીવનમાં મહા કિંમતી પુરુષાર્થશક્તિ મળેલી છે. પરંતુ અજ્ઞાન જીવ એ શક્તિથી સારાં કામ કરવાને બદલે ખોટાં કામ કરે છે, અને પાછો માને છે કે આ ખોટાં કામ તો મારાં કર્મ કરાવે છે; ત્યાં હું શું કરું ?

**પ્ર.** - તો શું મોહનીય કર્મના લીધે ખોટાં કામ નથી થતાં ?

**ઉ.** - સવાલ મજેનો અને સમજવા જેવો છે. બધું કર્મ કરાવે છે એ હિસાબ માંડતા પહેલાં ચેતન તત્ત્વની વિશેષતા વિચારવા જેવી છે. મડદું કાંઈ કરતું નથી, ચેતનયુક્ત શરીર બોલવા-ચાલવાની પ્રવૃત્તિ કરે છે, એ સૂચવે છે કે પ્રવૃત્તિ-પુરુષાર્થ ચેતનનો ધર્મ છે; કરવાનું ચેતને છે. એ જો માત્ર પૂર્વ-પૂર્વના કર્મનો પ્રેર્યો જ કરતો હોય, અને નવાં નવાં કર્મ ઊભા કર્યે જતો હોય, તો તો પછી કર્મથી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિથી કર્મ; એમ ચાલ્યા કરવાનું. ત્યાં જીવના પોતાના ચૈતન્યની શી વિશેષતા રહી ? જો ચૈતન્યની વિશેષતા ન હોય, તો પછી કર્મજૂથ શરીર વગેરે જડ પાસે ય અવળી પ્રવૃત્તિ કરાવે એવું કાં ન બને ? ત્યાં અગર કહો કે 'જડમાં ચેતના નથી એટલે એ કર્મપ્રેરી કશું ન કરી શકે,' તો 'કરવાનું' એટલે શું એ બોલો, પ્રવૃત્તિ-હીલચાલ જ ને ? એ તો જડમાં થાય છે. કાયા જડ છે, ને એમાં હીલચાલ થાય જ છે. તો પછી કર્મ મરેલા શરીરમાં પ્રવૃત્તિ કેમ ન નીપજાવે ?

ત્યારે એ જ કહેવું પડે કે માત્ર બાહ્ય ક્રિયા એ પ્રવૃત્તિ નથી. પ્રવૃત્તિ તો પ્રયત્ન દ્વારા ક્રિયા છે, ને એ પ્રયત્ન તો ચેતનનો ધર્મ છે, ચેતનની વિશેષતા છે. હવે જુઓ કે મોહનીય

કર્મ શું કરે છે ? એ ચેતન આત્મામાં મિથ્યાત્વનો ભાવ, રાગાદિનો ભાવ પેદા કરે છે. શું સમજ્યા ? મોહનીય કર્મ માત્ર ભાવ પેદા કરે; પરંતુ 'પ્રયત્ન' યાને વીર્યસ્ફુરણ જે થાય છે, તે તો ચેતનનો ધર્મ, ચેતનની વિશેષતા છે; પછી એ પ્રયત્ન ચાહ્ય વિચારણાનો હોય, વાણીનો હોય, કે વર્તાવનો હોય, પરંતુ એનો પ્રયત્ન થાય, એનું વીર્યસ્ફુરણ થાય, એ ધર્મ ચેતનનો છે.

ચેતનનું ચૈતન્ય એટલે શું ? જ્ઞાન અને વીર્ય. એ જડમાં ન હોય; તેમ કર્મ આ ન કરાવી શકે. કર્મ તો ઉલ્ટું એને રોકે. જ્ઞાનાવરણ કર્મને વીર્યાન્તરાય કર્મ જ્ઞાન અને વીર્યને રોકે છે; પ્રગટ નહિ થવા દે. એટલે જેટલા પ્રમાણમાં જ્ઞાન અને વીર્ય પ્રગટ થાય, એટલા પ્રમાણમાં એ કર્મ તૂટ્યા માનવું પડે. આમ, સમજાશે કે વીર્યસ્ફુરણ યાને પ્રયત્ન કર્મ નથી કરાવતું. એ તો આત્મા પોતે કરે છે.

હવે સમજવું સહેલું છે કે પૂર્વનાં મોહનીય કર્મ ઉદયમાં આવે એ તો અંતરમાં રાગાદિનો ભાવ પેદા કરે એટલું જ, પરંતુ એના પર જે રાગાદિભરી વિચારણા ચાલે, એવી વાણી બોલાય, કે એવો રાગાદિ ભર્યો કાયિક વર્તાવ થાય, એ તો આત્માની પોતાની વિશેષતા છે.

અલબત્ એવી પ્રવૃત્તિમાં રાગાદિ સહાયક ખરા, પરંતુ પ્રવૃત્તિ તો જીવની પોતાની. દા.ત. પરસ્ત્રી પર દૃષ્ટિ પડતાં રાગ મોહનીય કર્મ ઉદયમાં આવ્યું તો ત્યાં અંતરમાં રાગનો ભાવ જાગ્યો. હવે જો જીવ એવી વિચારણા કરે કે, 'આ કેવી સુંદર સ્ત્રી !' અગર બીજાને કહે કે 'આ કેટલી મનોહર સ્ત્રી છે !' યા પોતે એ સ્ત્રીના ઉપર આંખ ચોંટાડી રાખે કે આંખથી કટાક્ષ

કરે, ઇશારો કરે, તો એ બધી માનસિક-વાચિક-કાયિક પ્રવૃત્તિ રાગભરી થઈ; એટલો કર્મે જગાવેલો રાગ એમાં સહાયક થયો ખરો; પરંતુ રાગ જ પ્રવૃત્તિનું કારણ નહિ. પ્રવૃત્તિ તો ચેતનની વિશેષતા. એટલે એવી રાગભરી પ્રવૃત્તિ કરવી કે ન કરવી યા ઓછી વધુ કે તીવ્ર-મંદ કરવી, એમાં ચેતન આત્માનું સ્વાતંત્ર્ય છે.

માટે તો દેખાય છે કે કેટલાય સારા માણસો પરસ્ત્રી પર અચાનક દૃષ્ટિ પડી ગયા પછી તરત દૃષ્ટિ ખસેડી લે છે, એની સુંદરતાનો રાગભર્યો વિચાર પણ કરતા નથી, કે એવો બોલ બોલતા નથી. શું એમને અંતરમાં રાગ નહિ જ ઊઠતો હોય ? શું એ વીતરાગ છે ? ના, રાગ ઊઠવા સંભવ છે, પરંતુ એના પર એવા વિચાર વાણી કે વર્તાવની પ્રવૃત્તિ કરવા એ તૈયાર નથી. કદાચ વિચાર આવવા જતો હોય, તો તે તરત જ મનને કોઈ મહાપુરુષનાં ચારિત્રમાં, યા તત્ત્વો કે મોટી સિદ્ધગિરિ યાત્રા વિચારવામાં લગાડી દે છે, અથવા ગણતરીબદ્ધ અને દરેક પદના લક્ષ સાથે નવકારમંત્ર ગણવામાં ચિત્તને લગાડી દે છે એટલે પેલો રાગ નિષ્ફળ જાય છે, કેમકે માનસિક પ્રવૃત્તિ પેલા રાગથી ભરી નહિ, પણ બીજી જ પ્રભુ ભક્તિ આદિથી ભરેલી એણે કરી. જો પ્રવૃત્તિ રાગભરી કરી તો ત્યાં રાગ સફળ થયો ગણાય.

આ સૂચવે છે કે પ્રવૃત્તિ માટે આત્મા સ્વતંત્ર છે. ખોટાં કામ યાને ખોટી વાણી-વિચારણા કે ખોટી પ્રવૃત્તિને કર્મ નથી કરાવતું; એ તો આત્મા કરે છે. આત્માએ મૂર્ખ ગુલામ બની રાગાદિ ક્રોધાદિ ભાવને પોતાની એવી પ્રવૃત્તિ દ્વારા સફળ કરવા કે પોતાનું સ્વાતંત્ર્ય સમજી એવી પ્રવૃત્તિ ન કરી એ રાગાદિને

નિષ્ફળ કરવા, એ પોતાની મરજીની વાત છે, એમાં પોતે સ્વતંત્ર છે.

આ પરથી, 'ખોટાં કામ ખોટા વિચાર-ભાષણ કર્મ નથી કરાવતું, પણ પોતે કરવા હોય તો થાય છે' એ સમજી, **પોતાનો સ્વાતંત્ર્યનો ઉપયોગ સારા વિચાર-વાણી-વર્તનના પ્રયત્નમાં કરવા જેવો છે.** એથી પેલા કર્મે જગાવેલા રાગ-દ્વેષ-માનાદિ ભાવ નિષ્ફળ જાય છે, ને તેથી એવો જોરદાર નવો કર્મબંધ નથી ઊભો થતો. એમ વારે વારે એને નિષ્ફળ કરતાં કરતાં મોહનીય કર્મનું જોર ઘટતું જાય, ને અંતે વીતરાગતા આવે.

卐

## કૃત્રિમ અને કિંમતી શુભ ભાવ

જૈન શાસ્ત્રો કહે છે, – જીવને અનંતા કાળથી આ સંસારમાં ભટકતાં ભટકતાં અનંતી વાર સહેજે સહેજે શુભ ભાવ આવી જાય છે. એને 'યથાપ્રવૃત્તકરણ' કહે છે પરંતુ એના ઉપર એ અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટાવી વિશિષ્ટ વિકાસ કરતો નથી, તેથી સમ્યગ્દર્શન પામી શકતો નથી. શુભ ભાવની અમુક કક્ષાએ પહોંચી પછી આગળ કક્ષા વધારવાને બદલે પાછો પડી જાય છે, એટલે સમ્યગ્દર્શનના શુભ ભાવે ક્યાંથી પહોંચે ? તો એ વિના સંસારની ૮૪ લાખ યોનિમાં ભ્રમણ ક્યાંથી અટકે ?

અનંતી વાર શુભ ભાવ આવવા છતાં એક વાર પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહિ એ કેવી કરુણ દશા ? આનું શું કારણ ? એ જ કે એ ભાવ સહેજે આવ્યા, પણ પ્રયત્નથી લાવ્યા

આવ્યા નથી. ભારે સ્વાર્થાંધ નાસ્તિકને ય છોકરો ચોથા માળથી નીચે પડતો દેખતાં અરેરાટી-દયા થઈ જાય છે; પણ તેથી શું ? એ કાંઈ પ્રયત્નથી અ-દયાનો સામનો કરીને દયા નથી લાવ્યો. મુખ્યપણે તો દિલમાં સ્વાર્થાંધતા, કઠોરતા, વિષયમૂઢતા, કષાયો વગેરે અશુભ ભાવો અને એ જેને લઈને થાય છે તે કાયા, કંચન, વિષયો વગેરે જ રમ્યા કરે છે. બાકી ક્યારેક નદી-ગોળ પાષાણ ન્યાયે શુભ ભાવ ટપકી પડે છે.

જીવનમાં આ જોવા મળે છે. અનંત ઉપકાર કરનાર દેવાધિદેવ અરિહંત પ્રભુનાં દર્શન-પૂજન માટે જીવ જાય તો પણ ત્યાં સ્વદ્રવ્યસમર્પણની ઉદારતાનો શુભ ભાવ કેમ નહિ ? કૃપણતા કેમ ? અંતરમાં મુખ્યપણે અશુભ ભાવ પડેલા છે, ને શુભ ભાવ હોય તો ગૌણપણે, દિલમાં પૈસો મુખ્ય છે, અને પરમાત્મા ગૌણ છે. એટલે જ **મનને એમ થાય છે કે 'પ્રભુ ઉપયોગી અને વહાલા છે ખરા, પણ પૈસો વધુ ઉપયોગી છે, વધુ વહાલો છે. તેથી પ્રભુ ખાતર પૈસો તોડી ન નખાય.'** પૈસાની ઉપર ઊંચું મૂલ્યાંકન અને વધુ પ્રેમ, તેથી એની મૂર્છાનો અશુભ ભાવ મુખ્ય બની જાય એમાં નવાઈ નથી. પછી ત્યાં પરમાત્માનાં દર્શન-પૂજન વગેરેનો ભાવ ગૌણ બને એ સહજ છે. અહીં સવાલ થાય,-

**પ્ર.** - પૈસા પર જો આવો સર્વાધિક પ્રેમ છે તો પ્રભુ પર પ્રેમ શા માટે કરે ? શા સારું દર્શન-પૂજનાદિ કરે ?

**ઉ.** - એ પ્રભુપ્રેમ અને દર્શનાદિ પ્રવૃત્તિ પણ એટલા માટે જ કરતો હોય કે એથી પૈસા ઠીકઠીક મળે એવો વિશ્વાસ છે, અથવા લોકલાજે, સારા દેખાવા કે સુખની-પુણ્યની લાલચે પણ પ્રભુદર્શનાદિ થાય છે, અગર ગતાનુગતિક સંમૂર્છિમ ક્રિયારૂપે પણ એ બને છે.

**ધર્મ બે પ્રકારે,** - ૧. ઔદયિક ધર્મ, અને ૨. ક્ષાયોપશમિક ધર્મ. કેમકે ધર્મ બે રીતે થાય છે; ૧. કર્મના ઉદયની પ્રેરણાથી, અને ૨. કર્મના ક્ષયોપશમની પ્રેરણાથી; બીજા શબ્દોમાં કહીએ તો, ૧. મોહની આજ્ઞાથી, અને ૨. જિનની આજ્ઞાથી દા.ત. ૧. પૈસાના લોભથી ધર્મ કરવા ગયો એ લોભ-મોહનીય કર્મના ઉદયની પ્રેરણાથી અર્થાત્ મોહની આજ્ઞાથી કરવાનું કહેવાય. એ ઔદયિક ધર્મ છે. ત્યારે ૨. આત્મકલ્યાણ સમજીને, કે કર્મનિર્જરાના ઉદ્દેશથી, યા જિનાજ્ઞાના પાલન અર્થે, અથવા જીવનમાં સુકૃત જ કર્તવ્ય છે એ સમજથી ધર્મ કરાય એ જ્ઞાનાવરણ અને મોહનીય કર્મના ક્ષયોપશમથી અર્થાત્ જિનની આજ્ઞાથી ધર્મ કર્યાનું કહેવાય. એ ક્ષાયોપશમિક ધર્મ છે.

ઔદયિક ધર્મ આરાધે ત્યાં ધર્મના વિધાન પાળવામાં શુભ ભાવ આવે એની કિંમત નહિ, કેમકે ઉદ્દેશ મલીન છે. દા.ત. વિનયરત્ને ઉદાયી રાજાને મારવાના ઉદ્દેશથી ૧૨ વર્ષ ચારિત્ર પાળ્યું એમાં અહિંસા, સત્ય વગેરે પાળવાનો ભાવ રાખ્યો, પરંતુ એની શી કિંમત ? કેમકે લોભના ઉદયથી જેમ સહેજે વેપાર-ધંધો કરવાના કે કોઈ પ્રપંચ રચવાના ભાવ જાગે એમ આ અહિંસાદિ પાલનના ભાવ જાગ્યા એની કશી કિંમત નહિ.

કિંમતી સાચા શુભ ભાવ તે કે જે પ્રતિપક્ષી 'અશુભ ભાવ ત્યાજ્ય છે, હેય છે, અને શુભ જ ભાવ કર્તવ્ય છે, ઉપાદેય છે, કરવા-રાખવા લાયક છે,' એવા હેય-ઉપાદેયના વિવેકમાંથી જાગે. એવા કિંમતી સાચા શુભ ભાવવાળી જ દાનાદિ ધર્મક્રિયા કિમતી. દા.ત. દાન દે એ ધનમૂર્છા કાપવા માટે, યા પરની દયાથી, કે ગુણીની ભક્તિથી... વગેરે, એ સાચો શુભ ભાવ ગણાય.

આવી રીતે શુભ ભાવ જાગ્યા પછી પણ એમાં આગળ વધવા માટે આત્મવીર્ય ફોરવવું જોઈએ છે; નહિતર અશુભ ભાવ ટપકી પડવા તૈયાર જ છે. કારણ એ છે કે (૧) એક તો અશુભ ભાવ અનંતાકાળના સુ-અભ્યસ્ત છે, દા.ત. ધનમાલ ઉદારતાથી દઈ દેવા કે ત્યજી દેવાના શુભ ભાવ કરતાં લેવા-સંઘરવા-ભોગવવાના અુશભ ભાવ જીવે અનંતી અનંતી વાર કર્યા છે; એટલે જ એ સહેજે આવી જાય છે. શુભ ભાવ પ્રયત્નથી ઊભા કરવા પડે છે (૨) બીજું એ, કે અશુભ ભાવના પ્રલોભક સંયોગ-આલંબન ઘણાં ઘણાં મળે છે; તેથી એનાથી ખેંચાઈ અશુભ ભાવ કરવાનું સરળ સહજ બને છે. દા.ત. ઉપદેશ સાંભળી દાન કે તપનો ભાવ થયો, પણ ઘરે ગયા પછી પત્ની પ્રેમથી કહે છે, 'જુઓને હમણાં ખર્ચ કેટલો વધી ગયો છે ! પાછી બેબીને પરણાવવાની છે...' 'તમારું શરીર ક્યાં સારું છે ? તપ પછી કરજો;' વિષયમગ્ન પત્ની બીજું શું કહે ? બસ, ત્યાંજ ઝટ પરિગ્રહ-ખાનપાનના અશુભ ભાવ જાગ્રત !

માટે જ દાનાદિ કરતાં શુભ ભાવની રક્ષા અને વૃદ્ધિ અર્થે પ્રબળ વીર્ય જરૂરી છે. તેથી તો ઊંચા દાન-શીલ-તપ-ચારિત્ર છતાં તેવા વીર્યના અભાવે ઊંચા ભાવ નથી જાગતા કે નથી વધતા. અશુભ ભાવના વીર્યોલ્લાસમાં જીવ અનાદિનો પાવરધો છે એ સમજીને હવે શુભના વીર્યોલ્લાસમાં સચેતન-સજાગ બનવાનું અને તેને યોગ્ય દાનાદિ ક્રિયામાં ચાલુ પુરુષાર્થ રાખવાનો.

卐

# ભાવનું મહત્ત્વ : શુભ ભાવના લાભના લેખા.

'ઉપદેશમાળા'માં શ્રી મહાવીર પ્રભુના શિષ્ય અને અવધિજ્ઞાની મહર્ષિ શ્રી ધર્મદાસગણી મહારાજ લખે છે,

**जं जं समयं जीवो आविसइ जेण जेण भावेण ।**

**सो तंमि तंमि समये सुहासुहं बंधए कम्मं ॥**

- અર્થાત્ જે જે સમયમાં જીવ જેવા જેવા શુભ કે અશુભ ભાવથી આવિષ્ટ હોય, તે તે સમયે એ તેવા તેવા શુભ કે અશુભ કર્મથી બંધાય છે. શુભ ભાવથી શુભ કર્મ બાંધે અને અશુભ ભાવથી અશુભ કર્મ બાંધે. આંખના એક પલકારામાં અસંખ્ય સમય જાય છે. એમાંના પ્રત્યેક સમયે આ કામ ચાલુ છે. જીવ હમણાં કોઈ દયા, દાન, પ્રભુભક્તિ, ગુરુબહુમાન, દુષ્કૃતગર્હા, કે સુકૃતાનુમોદન વગેરેના શુભ ભાવમાં હોય, તો તેથી ઊંચ ગોત્ર, યશનામકર્મ, શાતાવેદનીય વગેરે શુભ કર્મ બાંધતા હોય; પણ ત્યાંજ અંતરના ભાવ ફરી જઈ કોઈ ઇર્ષ્યા, દ્વેષ, દુન્યવી રાગ, મૂર્છા વગેરેના અશુભ ભાવ ઊભા થયા કે તરત જ નીચ ગોત્ર, અપયશ નામ કર્મ અશાતા વેદનીય વગેરે અશુભ કર્મનો લોટ (જથ્થો) બાંધવા માંડે !

**આપણે જરાક-શા ભાનભૂલા બની અશુભ ભાવ હૈયે ઊઠવા દઈએ એનું કેટલું બધું ખતરનાક પરિણામ ?**

મરીચિએ જરાક મદનો ભાવ કર્યો કે 'મારું કુળ ઊંચું !' ત્યાં એવું નીચ ગોત્રકર્મ બંધાયું કે જેથી છેલ્લા ભવે પણ નીચા કુળમાં અવતરવું પડ્યું ! પ્રસન્નચંદ્ર રાજર્ષિએ મનોમન ભાવ બગાડી રાજ્ય મંત્રી પર દ્વેષ અને હિંસાના ભાવ ઊભા કર્યા

કે ત્યાંજ નરકનાં ભાતાં ભેગા કરવા માંડ્યાં ! રાજા શ્રેણિકને ભગવાન કહે છે કે 'એ હમણાં મરે તો સાતમી નરકે જાય !'

**ભાવ બગાડ્યાનો સમય** બહુ નહિ, વળવાનું કાંઈ નહિ, આઘું પાછું ખસવા-કરવાની ક્રિયા નહિ, ને કર્મબંધ જાલિમ ? જીવને આનો કોઈ વિચાર ?

**બીજું બધું ન બગડવા દેવાની** જીવની તત્પરતા અને મહેનત ભગીરથ હોય છે, પરંતુ પોતાના જ ભાવ ન બગડે એની કશી પરવા જ નહિ. એ એની કેટલી બધી મૂઢ દશા ?

**જીવ જરાક જો સાવધાની રાખે** અને બહારનું ગમે તે હોય પરંતુ પોતાના ભાવ ન બગડવા દેતાં કોઈ ને કોઈ શુભ ભાવ દિલમાં ઊભો રાખે, તો એ કેટલા બધા અશુભ કર્મબંધથી બચી શુભ કર્મના જથા બાંધવા માંડે ? **શુભ ભાવના આ અને બીજા લાભ કેવા છે એ જોઈએ.**

(૧) ક્રિયા કદાચ પાપની પણ હોય, છતાં જો દિલમાં ભાવ શુભ રહે તો શુભ કર્મબંધ થાય છે. એથી ઉલ્ટું, ક્રિયા ધર્મની હોય, છતાં જો ભાવ બગાડ્યા તો અશુભ કર્મબંધ લમણે લખાયો જ સમજો.

શ્રાવિકા ચૂલો સળગાવે છે એ જીવહિંસામય ક્રિયા છે, પાપક્રિયા છે, ધર્મક્રિયા નહિ. પરંતુ ત્યાં જો એના મનમાં થાય કે,

**'અરે ! આ માનવભવની કેવી વિટંબણા !** સર્વ જીવનો અહિંસા અભયદાનને યોગ્ય આ ઉચ્ચ ભવમાં ષટ્કાય જીવોના આરંભ-સમારંભમય આ ધંધા ક્યાં સુધી ? બિચારા જીવોએ અમારું શું બગાડ્યું છે ? છતાં અમે એનો કચ્ચરઘાણ કરીએ છીએ ! ને આ

જીવો પણ પૂર્વે અમારા જેવો મનુષ્યભવ પામેલા છતાં વિષયાસક્તિમાં ભૂલા પડી આવા આરંભ-પરિગ્રહમય ધંધામાં મશગુલ બનેલા, તે નીચ યોનિમાં ફેંકાઈ ગયા ! તો આ જાણવા છતાં અમે પણ આ ઉત્તમ ભવને પાપલીલામાં રગદોળી રહ્યાં છીએ ? પ્રભુ ! અમને છોડાવ આમાંથી. ક્યારે અમે નિષ્પાપ જીવન પામીએ !'

આવા કોઈ શુભ ભાવમાં રમે, તો ક્રિયા પાપની છતાં એ ભાવ વખતે શુભકર્મ બાંધે. એમ, એ ભાવનાને બદલે જીવજતનાનો ભાવ મનમાં લાવે, દા.ત. 'કેમ ફોગટ જીવ ન મરે ! લાવ, પહેલાં ચૂલો પૂંજી-પ્રમાર્જી લઉં ! સળગેલો ચૂલો ઉઘાડો ન મૂકું ! વાસણ જોયા વિના ન વાપરું ! રખે કોઈ જીવ મરે તો ?' - તો આ પણ શુભ ભાવ છે.

દુન્યવી જીવનના અનેક ક્ષેત્ર અનેક કાર્યમાં આમ એક યા બીજો શુભ ભાવ ગોઠવી શકાય છે; ને તેનું ફળ શુભ કર્મબંધ છે. એનું ઇનામ પુણ્ય-કર્મોનો સંચય મળે છે.

(૨) વળી, એકલા કર્મબંધથી પતતું નથી. કર્મ સંક્રમણ પણ થાય છે. અર્થાત્ બંધાતી કર્મપ્રકૃતિમાં એની સજાતીય પણ પ્રતિપક્ષી પૂર્વબદ્ધ કેટલીક કર્મપ્રકૃત્તિનું સંક્રમણ થઈ પરિવર્તન થાય છે. એટલે હમણાં જો અશુભકર્મ દા.ત. અશાતા વેદનીયકર્મ બંધાતું હોય, તો તેમાં પૂર્વે બાંધી મૂકેલી કેટલીક શાતાવેદનીય કર્મપ્રકૃત્તિઓ આમાં ભળી અશાતારૂપે થઈ જાય છે ! એવું જો અત્યારે શુભ ભાવથી શાતાવેદનીયકર્મ બંધાતું હોય, તો એમાં પૂર્વબદ્ધ કેટલીક અશાતા ભળીને શાતારૂપે બને છે ! એટલે ભાવ જો શુભ રાખીએ તો આ બેવડું ઇનામ છે કે નવી શાતા વગેરે પુણ્ય પ્રકૃત્તિઓનું ઉપાર્જન થાય અને સાથે જુની અશાતાદિનું પરિવર્તન પણ થાય.

(૩) ત્યારે એ વખતે નવી અશાતા વેદનીયાદિ પાપ પ્રકૃત્તિઓ બાંધવાનું અટકે છે એ વધારામાં !

(૪) પાછું, આટલું જ નથી. શુભ ભાવથી પૂર્વની આત્માની સિલિકમાં પડેલી અશુભ કર્મપ્રકૃત્તિઓનો રસ કપાય છે, ને શુભ કર્મપ્રકૃતિઓનો રસ વધે છે એ પણ લાભ છે.

(૫) ઉપરાંત શુભ ભાવથી સાથે શુભ સંસ્કાર પડે છે. તેથી જ્યારે આ શુભકર્મ ઉદયમાં આવી પુણ્ય ફળ દેખાડે ત્યારે એ સંસ્કાર ઉદયમાં આવી શુભ ભાવ કરાવે છે, ને તેથી નવું શુભોપાર્જન ઊભું થાય છે. અલબત્ વર્તમાન શુભ ભાવમાં કોઈ દુન્યવી આશંસા કે માયા મદ વગેરે ન હોવા જોઈએ; નહિતર સંસ્કાર મોહના કષાયોના પડે.

સારાંશ, ભાવનું આ મહત્ત્વ સમજી ભાવ જરાય ન બગડવા દેતાં, શુભ ભાવ બન્યા રાખવા જોઈએ.

卐

## શુભ ભાવથી શુભ જ કર્મ બંધાય ?

પૂર્વના લેખમાં જોયું કે 'જં જં સમયં...' ગાથા કહી જાય છે કે 'શુભ ભાવે શુભ કર્મ બંધાય અને અશુભ ભાવે અશુભ કર્મ.' તો એ પ્રશ્ન થાય છે કે 'શું શુભ ભાવ હોય ત્યારે શુભ જ કર્મ બંધાય ? અશુભ ન જ બંધાય ?'

ઉત્તરમાં,- ના અશુભ કર્મ પણ બંધાય છે. કેમકે કર્મબંધની પ્રક્રિયા જ એવી છે કે જીવની કષાયપરિણતિ ત્યાં જ રહેલ કાચા માલ (Raw Material) રૂપ કાર્મણ પુદ્ગલોમાં અનંતગુણો રસ

વધારી દે છે, ને એ આત્મા સાથે દૂધ-પાણીની કે લોહ-અગ્નિની જેમ ભળી જઈ કર્મરૂપ બને છે. એ જ વખતે એમાં જો આયુષ્યકર્મ બંધાતું હોય તો આઠ, નહિતર સાત વિભાગ પડે છે એટલે કે બાંધેલ કર્મોનો કેટલોક જથો જ્ઞાનાવરણીય કર્મ, કેટલોક દર્શનાવરણીય, એમ વેદનીય, મોહનીય,નામકર્મ, ગોત્રકર્મ અને કેટલોક અંતરાય કર્મરૂપ બની જાય છે.

એમાં જ્ઞાનાવરણીય કર્મનો એના વિપાક કાળે જ્ઞાન રોકવાનો સ્વભાવ હોય છે; દર્શનાવરણીયનો દર્શનશક્તિ રોકવાનો; વેદનીયનો શાતા કે અશાતા આપવાનો; મોહનીયનો શ્રદ્ધા કે ચારિત્ર રોકવાનો; નામકર્મનો શરીર-વર્ણ-ચાલુ-યશ-અપયશ વગેરે દેવાનો; ગોત્રકર્મનો ઊંચું કે નીચું કુળ આપવાનો; અને અંતરાય કર્મનો દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્ય રોકવાનો સ્વભાવ નક્કી થઈ જાય છે બસ, તે તે કર્મની સ્થિતિ પાકે, ત્યારે ત્યારે તેવું તેવું ફળ દેખાડે છે.

વર્તમાનમાં જ્ઞાન ન ચડે, દર્શન અટકે, શાતા-અશાતા આવે, કૃપણતા-દરિદ્રતા-પરાધીનતા-નિર્બળતા વગેરે આવે. એ પરથી કલ્પી શકાય કે એ કેવા કર્મનો ઉદય છે; અને તે પણ કર્મ પૂર્વે કેવા શુભ યા અશુભ ભાવથી બાંધેલા. માટે વર્તમાનમાં અશુભ ભાવથી બચીએ.

હવે વાત એ છે કે આ સાત કર્મમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, વગેરે કર્મપ્રકૃત્તિઓ અશુભ કર્મ છે, ને એ ધ્રુવબંધી છે; એટલે એને યોગ્ય ગુણસ્થાનક સુધી એ અવશ્ય સતત બંધાયા કરવાની. તો પછી જીવ શુભ ભાવમાં હોય ત્યારે પણ એ બંધાવાની.

એટલે પ્રશ્ન ઊભો થાય છે કે 'શુભ ભાવે શુભ કર્મ અને

અશુભ ભાવે અશુભ કર્મ બંધાય' - એ નિયમ ક્યાં રહ્યો ? કેમકે ભાવ શુભ હોય છતાંય જ્ઞાનાવરણીયાદિ અશુભ કર્મ તો બંધાઈ જ રહ્યા છે !

**આનું સમાધાન** એ છે કે જે પ્રકૃતિઓમાં શુભાશુભ વિભાગ છે, દા.ત. શાતા-અશાતા યશ-અપયશ. ત્રસ-સ્થાવર, સૌભાગ્ય-દૌર્ભાગ્ય, ઊંચગોત્ર-નીચગોત્ર..., એમાંની શુભ પ્રકૃતિઓ શુભ પ્રકૃત્તિ શુભ ભાવ વખતે બંધાય એવો આ નિયમનો ભાવ છે.

**પ્ર.** - ઠીક છે, આ લાભ મળે છે, પરંતુ જ્ઞાનાવરણીયાદિ પાપકર્મ પ્રકૃત્તિઓ તો બંધાવાની ઊભી જ રહી ને ? ભાવ ગમે તેટલા સારા કરીએ પણ આ પાપબંધનું શું ? એ તો લમણે જ લખાયેલો ને ?

**ઉ.** - મુંઝાવાની જરૂર નથી. શુભ ભાવની એના પર પણ અસર એ પડે છે કે જો ભાવ અશુભ હોત તો એ કર્મ ઉગ્ર રસવાળા બંધાત, તે એના બદલે શુભ ભાવના કાળમાં એ મંદ રસવાળા બંધાય છે. ત્યારે જોવા જેવું એ છે કે,

**કર્મમાં વિશેષતા પ્રકૃત્તિની નથી એ રસની છે.** અર્થાત્ કર્મની પ્રકૃત્તિ સ્વભાવ કેવો છે એના કરતાં એનો રસ કેવો છે, ઉગ્ર કે મંદ ? એનું મહત્ત્વ છે. દા.ત. જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ જ્ઞાન રોકવાનો ખરો, પરંતુ જો, એ મંદ રસવાળાં કર્મદલિક હોય, તો એના ઉદયમાં જ્ઞાનનું ઉગ્ર હઠિલું રોકાણ નહિ થાય; તેથી જરાક-શા જ્ઞાનોપાર્જનના કે કોઈ ત્યાગ તપ શુભાચારના પ્રયત્નમાં સહેલાઈથી જ્ઞાન પ્રાપ્ત થવાનું. જો ઉગ્ર રસ હોય, તો એની ભારે મહેનત છતાં જ્ઞાન મગજમાં ચડે જ નહિ એમ ઉગ્ર રસવાળી અશાતા કર્મપ્રકૃત્તિ ઉદયમાં હોય. તો

દા.ત. એક નાની ફોલ્લી થઈ હોય, પરંતુ એવી લપકા લેતી કે તણાતી હોય, કે પીડાનો પાર નહિ ? ત્યારે મંદ રસવાળી અશાતામાં ગૂમડું મોટું હોય છતાં પીડા નહિવત્ હોય ! એવું ઉગ્ર કે મંદ રસવાળા અંતરાય કર્મમાં. મંદ રસવાળા અંતરાય કર્મના ઉદયમાં ભારે અંતરાય ન નડે.

એટલે, શુભ ભાવનો શુભ કર્મ-સમૂહ આપવા ઉપરાંત આ પણ મહિમા છે કે અવશ્ય બંધાતા અશુભ કર્મનો રસ મંદ બંધાવે. એમાં મોહનીય કર્મની ય પ્રકૃત્તિઓનો રસ મંદ બંધાવાથી, જ્યારે એ ઉદયમાં આવશે ત્યારે એ આત્માને તેવો મોહાંધ ક્રોધાંધ મદાંધ વગેરે નહિ કરે. શુભ ભાવનો આ એક મહાન લાભ છે. એ બાજુએ શુભ પુણ્ય બંધાવી વિપાકમાં સારી અનુકૂળ સામગ્રી આપે છે, ત્યારે બીજી બાજુ જ્ઞાનાવરણ-વીર્યાંતરાય-મોહનીય મંદ રસવાળા બંધાવી એના ઉદયમાં જ્ઞાન-વીર્ય-ક્ષમાદિની પ્રાપ્તિ તેવી કઠિન નહિ બનાવે.

માટે, હંમેશા મન પર આ ચોકી જોઈએ કે 'મારા ભાવ તો વિષય-કષાય-હિંસાદિના ન થતાં વૈરાગ્ય-ઉપશમ-અહિંસા-સત્ય વગેરેના રહે છે ને ?'

卐

## ભાવમાં સંમિશ્રણ

જૈનશાસનનું કર્મવિજ્ઞાન કહે છે કે જીવ મિથ્યા તત્ત્વરુચિ, પાપની અવિરતિ (પ્રતિજ્ઞાપૂર્વક અત્યાગ) ક્રોધાદિકષાય અને યોગ (મન-વચન-કાયાની પ્રવૃત્તિ)ના લીધે જ્ઞાનાવરણીયાદિ સાત કર્મોથી સતત બંધાય છે. બીજી બાજુ એ એમ કહે છે કે જ્ઞાન-

જ્ઞાની-પુસ્તકાદિની આશાતના કરે, નાશ કરે, કે અંતરાય કરે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે; બીજાને દુઃખ દે તો અશાતા વેદનીય કર્મ બાંધે; માયા કરે તો સ્ત્રીવેદ તિર્યંચાયુષ્ય બાંધે; વગેરે તો પ્રશ્ન એ છે કે,

**પ્ર.** - આ બંનેનો મેળ કેમ બેસે ? જો સાતે ય કર્મ બાંધે છે તો એમાં જ્ઞાનાવરણ આદિ તો બાંધે જ છે. પછી અલગ શું કહેવાનું ? તમે જો અલગ કહ્યું કે જ્ઞાનાદિની આશાતનાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધે, તો શું બીજાં કર્મ ન બાંધે ?

**ઉ.** - ઉપરોક્ત બંને પ્રતિપાદન સાચાં છે, સંગત છે. માત્ર એક પ્રતિપાદન સામાન્ય છે, ને બીજું વિશેષ પ્રતિપાદન છે. વિશેષનો ભાવ એ છે કે 'જ્ઞાનાવરણીય કર્મ બાંધવાનું કહ્યું ત્યાં એનો રસ તીવ્ર બંધાય' એ સમજવાનું છે. અને રસનું ઘણું મહત્ત્વ છે એ પૂર્વ લેખમાં કહ્યું છે. એવા ઉગ્ર રસવાળા કર્મના ઉદય વખતે જીવને વિટંબણા ભારે ! માટે તે તે અશુભ કર્મનાં જે જે ખાસ કારણ બતાવ્યાં છે, તેનાથી દૂર જ રહેવા, ને એ કારણો ન સેવવા માટે ભારે ચીવટ-ચોકસાઈ રાખવી જરૂરી છે.

હવે અહીં એક પ્રશ્ન થાય છે કે,

**પ્ર.** - જો તેનું કારણ સેવ્યું તો એનાથી બંધાયેલ ઉગ્ર રસવાલા, તે તે કર્મના વિપાકમાં તો ભારે વિટંબણા એટલી જ ઊભી થાય, પરંતુ બીજી પણ વિટંબણા દેખાય છે, તે શી રીતે આવી ? દા.ત. શ્રેષ્ઠી પત્ની સુંદરીએ, દીકરાઓને ભણવું નહોતું ગમતું તો , એનાં પુસ્તક પાટી બાળી નાખ્યા ! અધ્યાપક મહેતાને તેડવા આવતો બંધ કરાવ્યો ! તેથી એણે ઉગ્ર રસવાળું જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું ! એટલે એને બીજા ગુણમંજરીના ભવે જ્ઞાન ચડ્યું જ નહિ. એ તો બરાબર, પણ સાથે એના

શરીરે કોઢ રોગની અશાતા કેમ આવી ? એવું ઉગ્ર રસવાળું અશાતા વેદનીય કર્મ ક્યાંથી ઊભું થયું ?

**ઉ.** - આ હકીકત પરથી એક મહત્ત્વની વસ્તુ સમજવાની મળે છે કે જેને આપણે એક અશુભ ભાવ સમજીએ છીએ એમાં અનેક અશુભ ભાવોનું સંમિશ્રણ છે. દા.ત. એ જ સુંદરીને જેમ જ્ઞાનનાં સાધન બાળવાનો અને જ્ઞાન પર દ્વેષનો ભાવ થયો, એમ એમાં મહેતાને છોકરા પાસે પથરા મરાવી પીડા આપવાનો ભાવ પણ સાથે જ થયો. તેમ જ્ઞાનની અવજ્ઞા સાથે દ્વેષનો ભાવ થયો, એ દ્વેષ અને પીડાદાનના ભાવ અશાતા વેદનીય કર્મનાં ખાસ કારણ હોઈ અશાતા કર્મ બંધાવે, ને વિપાકમાં કોઢરોગ આપે, એમાં નવાઈ નથી.

ચંડકોશિયા સાપના જીવ સાધુએ બીજા સાધુ ઉપર ક્રોધ કર્યો તો ક્રોધ મોહનીય કર્મ ખાસ બાંધ્યું. અને આગળ ક્રોધના ગુણાકાર થયા ! પરંતુ પછીના તાપસભવે એને તાપસો પર ક્રોધ થવા ઉપરાંત પોતાની ફળની વાડી ઉપર ભારે લોભ ક્યાંથી જાગ્યો ? સાધુપણામાં શું એવો વિષયલોભ કર્યો હતો ?

અહીં પણ આ સમજવાનું છે કે એણે સાધુ પર જે ક્રોધ કર્યો, એની સાથે પોતાના સ્વમાનનો લોભ સંકળાયેલો હતો. હવે અહીં તાપસપણામાં પણ સ્વમાનનો લોભ એ રીતે જાગ્યો કે 'જો હું ફળ ભરેલી વાડીનો સ્વામી બન્યો રહું તો મારી વડાઈ ગણાય.'

આજે ય શું દેખાય છે ? મોટા લખપતિઓ અને કરોડપતિઓ હજી પણ ધનની પૂંઠે કેમ લાગ્યા રહે છે ? શું કોરા ધનના લોભથી ? ના, વડાઈના લોભથી, એમના મનને એમ થાય છે કે 'હજી પણ જો વધારે મૂડી ભેગી કરું તો આથી પણ મોટા

શ્રીમંત તરીકે હું સમાજમાં આગળ આવું.' તો પેલા તાપસને બિચારાને પણ પૂર્વથી લાવેલ સ્વમાનનો-વડાઈનો લોભ અહીં વાડી પર મમત્વ કરાવે એમાં નવાઈ નથી.

અલબત્ત એક સમયે ક્રોધાદિ એક કષાયનો ઉદય હોય છે, પરંતુ સમય એટલો બધો સૂક્ષ્મ છે, કે અમુક સમય પછી બીજા સમયે ક્રોધને બદલે લોભ ઉદયમાં આવ્યો, ત્યાં એ બંનેનો સ્થૂળકાળ એક જ ગણાય. આ હિસાબે અહીં એક ભાવ વખતે બીજા ભાવનું સંમિશ્રણ કહેવાય છે.

તાત્પર્ય આ છે કે **એક અશુભ ભાવની અંતર્ગત બીજા અનેક અશુભ ભાવ સંકળાયેલા હોય છે.** બીજા શબ્દમાં કહીએ તો એક ખાસ પાપકર્મનું કારણભૂત તત્ત્વ અશુભ ભાવમાં હોવા સાથે બીજાં પણ પાપકર્મના કારણભૂત તત્ત્વ એ અશુભ ભાવમાં સમાયેલા હોય છે તેથી દેખીતા એક અશુભ ભાવથી પણ અનેક દુ:ખદ કર્મ બંધાય છે.

માટે જ સાવધાન બની જવા જેવું છે કે કોઈ પણ અશુભ ભાવને દિલમાં ન જ ઊઠવા દઈએ; નહિતર એ અનેક જાતનાં દુ:ખદ પાપકર્મનાં લફરાં ઊભાં કરશે !

卐

## શુભ ભાવ કેમ સહેજે નથી આવતા ?

'શુભ કર્મ શુભ ભાવે બંધાય,'– એ સિદ્ધાંત બતાવે છે કે ઠેઠ એકેન્દ્રિયપણામાંથી ઊંચે ઊંચે ચડ્યા તે શુભ કર્મને

લઈને; એ કર્મનું ઉપાર્જન શુભ ભાવમાં થયું. આમ જીવને શુભ ભાવનો અભ્યાસ તો ઘણો થયો છે.

વળી શાસ્ત્ર કહે છે કે જીવે અનંતીવાર મનુષ્યભવ અને અનંતીવાર ઠેઠ ચારિત્ર સુધીના ધર્મનું પાલન કર્યું, તથા એમાં શુભ ભાવના યોગે ઊંચા દેવતાઈ ભવનાં શુભ કર્મ ઉપાર્જ્યા ! આમ શુભ ભાવનો અભ્યાસ અનંતીવાર કર્યો છે.

તો હવે પ્રશ્ન આ છે કે એટલો બધો શુભ ભાવનો અભ્યાસ છતાં આજે શુભ ભાવ આપણા સ્વભાવમાં આવી ગયો હોય એવું કેમ નથી દેખાતું ? એના બદલે સહેજે સહેજે તો અશુભ જ ભાવો કેમ જાગ્યા અને ચાલ્યા કરે છે ? તપનો વિચાર પરાણે, અને ખાવાનો વિચાર સહેલાઈથી કેમ આવે છે ? ક્ષમાનો ભાવ બહુ મહેનતે, ત્યારે ક્રોધનો ભાવ સહેજ વાતમાં કેમ જાગે છે ? અભ્યાસ બંનેનો છતાં આ ફરક કેમ ?

**પ્ર.** - શુભ ભાવ કરતાં અશુભ ભાવનો ઘણો વધારે અભ્યાસ હોઈ એ અશુભ ભાવ સહજે જાગે એમ કહેવાય ને ?

**ઉ.** - ના, કેમકે એમ તો જે મહાત્માને શુભ ભાવ સહજ જેવા બન્યા છે, એમને એનો અભ્યાસ અશુભના અભ્યાસ કરતાં ક્યાં વધુ થયો છે ? માટે ફરકનું કોઈ નક્કર કારણ શોધવું જોઈએ કે જેથી શુભ ભાવ સહજ સ્વભાવગત થવાનું ચોક્કસ કારણ મળી આવવાથી એને સેવી શકીએ.

આ શોધવા માટે પહેલું એ જોવાનું છે કે ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા, સહિષ્ણુતા, દયા, નીતિ વગેરેના ભાવ શુભ ગણાય; પરંતુ તે બે રીતે થાય છે; એક, શુભ આશયના પાયા પર, અને બીજા અશુભાશયના પાયા ઉપર. ઘરાકના ભારે બોલ

ઉપર વેપારીએ ગુસ્સો ન કર્યો ને ક્ષમા થઈ એ અશુભ આશય પર શુભ ભાવ થયો. એમ દાન દીધું પણ દુનિયામાં નામના થાય એ માટે તો ત્યાં દાનનો શુભ ભાવ અશુભાશય પર થયો કહેવાય.

આમાં એ જોવાનું છે કે મુખ્યતા કોની છે ? શુભ ભાવની ? કે અશુભાશયની ? કહેવું જોઈએ કે અશુભ આશયની મુખ્યતા છે; કેમકે એની ખાતર શુભ ભાવને તો એક સાધન તરીકે સેવવામાં આવ્યો છે, એટલે જ પ્રસંગવિશેષમાં અશુભાશય જો અશુભ ભાવથી પોષાતો દેખાય, તો તે કરવાની તૈયારી હોય છે. દા.ત. વેપારી કોઈ ઘરાક સાથે પ્રામાણિકતાથી વ્યવહાર કરે છે, ને બીજા સાથે માયા-પ્રપંચથી. કમાઇનો આશય જે રીતે પોષાય એ રીત અજમાવવા તરફ જ એનું ધ્યાન રહે છે. એ સૂચવે છે કે અશુભ આશય મુખ્ય છે, ને ભાવ ગૌણ.

આ પરથી એ સમજી શકાય છે કે અશુભ આશય મુખ્ય હોઈને શુભ ભાવ તરીકે શુભ ભાવનું એને આકર્ષણ નથી ત્યારે જેનું હૈયે આકર્ષણ જ નહિ, એનો અભ્યાસ ગમે તેટલો થાય તો ય એ સગો ક્યાંથી થાય ? સાવકી મા ઓરમાયા પુત્રને આકર્ષણ વિના ગમે તેટલા વરસો સાચવે છતાં એ પોતાના દિલને સગો ક્યાં થાય છે ?

બસ, આજ સુધીમાં ઠેઠ ચારિત્ર પર્યન્તમાં શુભ ભાવનો જીવે અનંતીવાર અભ્યાસ કર્યો, પરંતુ તે દુન્યવી સુખ-સાહ્યબી કે માનપાન-કીર્તિ વાહવાહના અશુભ આશયથી. એટલે દિલમાં પ્રધાનસ્થાન અશુભ આશયનું જ રહ્યું. અને શુભ ભાવ તો માત્ર એક સાધનરૂપે સેવ્યા. તેથી શુભ ભાવ તરીકે શુભ ભાવનું આકર્ષણ રહ્યું નહિ. પછી એનો ગમે તેટલો અભ્યાસ છતાં એ

શુભ ભાવ આત્માના સગા ક્યાંથી થાય ? સહજ સ્વભાવગત શી રીતે બને ?

એટલે હવે આ પરથી નિષ્કર્ષ એ નીકળે છે કે આશય શુદ્ધ બનાવવો જોઈએ; તો જ એના પર શુભ ભાવ ભલે બહુ દીર્ઘ કાળ પણ ન સેવ્યા હોય છતાં એ આત્મા સાથે સગાઈ પામે છે. હૃદયના શુદ્ધ પ્રેમપૂર્વક કોઈની સાથે થોડો કાળ પણ પરિચય થયો હોય છતાં એ હૃદયને પકડી લે છે ને ? તાત્પર્ય દીર્ઘકાળના હિસાબ કરતાં આશયશુદ્ધિ અને એના વેગનો હિસાબ વધુ મહત્ત્વનો છે.

માટે આશય શુદ્ધ બનાવો અને એમાં વધુને વધુ વેગ લાવો. વિશુદ્ધ આશય વિષયસુખ પ્રત્યેના ઉદ્વેગ અને આત્માના ઉપશમગુણ ઉપર ઊભો થાય છે. અનંતીવારના શુભ પણ ભાવ આના અભાવે બેકાર ગયા છે. માટે પહેલો પ્રયત્ન આ શુદ્ધ આશય યાને હૃદયનાં તેવાં વલણનો કરવા જેવો છે.

卐

## શુભ ભાવના મહાન લાભ

**મહાવીર ભગવાનના જીવન સામે જુઓ.**

કેવી કઠણાઈ ? તીર્થંકરપણાના ઉત્કૃષ્ટ પુણ્યનો સમુહ ઉપાર્જ્યો ત્યારથી દીલમાં સમ્યકત્વનો ભાવ અને સર્વ જીવકરુણાનો ભાવ વહેતો થઈ ગયો છતાં એવા શુભ ભાવના હોજ પણ પેલું એક બુંદ-બિંદુ જેટલા કાળના સંકિલષ્ટ ભાવથી બગડેલું સુધારી શકતા નથી !

**બુંદસે બિગડવા સામે ઉપાય : સ્થિર મૈત્રી આદિભાવ :-**

બસ, આ દૃષ્ટાંત નજર સામે રાખી વર્તમાનમાં એવા (૧) અ-મૈત્રી, વૈર-વિરોધ, ક્રુરતા, ઇર્ષ્યા-દ્વેષ અને પરદોષ પિંજણના ખરાબ ભાવથી અર્થાત્ એવા સંક્લિષ્ટ ભાવ પડતા મૂકવા જેવા છે, અને એના બદલે મૈત્રી-સર્વજીવ સ્નેહભાવ-કરુણા-પ્રમોદ અને માધ્યસ્થ-પરદોષ ઉપેક્ષાભાવમાં સ્થિર થવા જેવું છે.

(૨) એમ, ક્રોધ-માન-માયા-લોભ, હાસ્ય-મજાક રતિ-અરતિ, હરખ-ઉદ્વેગ-શોક, બીજાની ઘૃણા-દુગંછા તથા કામવાસના... વગેરે કષાયના ભાવ પડતા મૂકવા જેવા છે, રોકવા જેવા છે, ને એના બદલે ક્ષમા-મૃદુતા-સરળતા-નિર્લોભતા, અને સહિષ્ણુતા-ગાંભીર્ય-ઉદાસીનતા, તથા નિત્ય પ્રસન્નતા, તેમજ શીલ-બ્રહ્મચર્યના ભાવ જાગતા રાખવા જેવા છે, સ્થિર કરવા જેવા છે.

(૩) એમ, વિષયરાગના ચિત્ત સંકલેશ પડતા મૂકીને રોકી વિષય-વૈરાગ્યના તથા વિષયત્યાગના ભાવ જાગતા રાખવા જેવા છે.

(૪) એમ, આહારસંજ્ઞા, આરંભ સમારંભની સંજ્ઞા તથા પરિગ્રહની સંજ્ઞાના ભાવ અટકાવી તપ-અહિંસા દાન પરોપકારના ભાવ જાગતા રાખવા જેવા છે.

**અવળાનું સવળુ કરવા :-**

આ બધું અવળાનું હવે સવળું કરવા માટે આ સૂત્ર વારંવાર યાદ રાખવાનું કે બુંદસે બિગડી હોજ સે નહીં સુધરે. ક્ષણવાર ખરાબ ભાવમાં ખરાબ કર્મ બાંધી નિકાચિત કરેલું, એ

પછીથી લાંબા સમય સુધી પણ કરેલા સારા ભાવથી નહિ સુધરે. એના ભયંકર કટુવિપાક તો ભોગવવા જ પડશે. માટે ક્ષણ વાર પણ એવો ખરાબ ભાવ નહિ કરવો.

મહાવીર ભગવાનના જીવ મરીચિએ ક્ષણવાર કુળ મદ કરી નીચ ગોત્રકર્મ બાંધ્યું, એ કેવું નિકાચિત કર્યું હશે કે પછીથી વિશ્વભૂત મહામુનિના ભવે, પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિના ભવે, અને નંદન રાજર્ષિના એક લાખ વરસના માસખમણના ભવે ખૂબ સારા ભાવના હોજ શું, મોટી ગંગાઓ વહેવડાવી, એમાં ઢગલો ઉચ્ચ ગોત્રકર્મ પણ ઉપાર્જ્યા, છતાં એ ત્રીજા ભવનું નીચ ગોત્રકર્મ રદબાતલ ન થયું ! ને એણે પ્રભુના તીર્થંકરના ભવે પણ હલકા કુળમાં ઉતાર્યા ! કર્મની કેવી શિરજોરી ? એની પાછળ

**ખરાબ ભાવની કેવી શિરજોરી કે એનું કરેલું પછીનો ઢગલો શુભ ભાવ સુધારી શકે નહિ !**

તો હવે એમ કહેતા નહિ, કે-

**પ્ર.** - તો પછી જો ખરાબ ભાવ એનો ભાગ ભજવવાના જ છે, તો અત્યાર સુધી તો પાર વિનાના અશુભ ભાવ કર્યા છે, એનાં દુઃખદ પરિણામ આવવાનાં છે, તો હવે શુભ ભાવ કરવાથી શું વળવાનું હતું ?

**(૧) શુભ ભાવથી અનિકાચિત કર્મ રદ :-**

**ઉ.** - વળવાનું છે. ખરાબ ભાવમાં બાંધેલા અશુભ કર્મમાં બે જાત છે, — નિકાચિત કર્મ અને અનિકાચિત કર્મ— એમાં આત્માના સ્ટોકમાં નિકાચિત છે, ને અનિકાચિત કર્મોનો શુભ ભાવથી સંક્રમણ વગેરે દ્વારા પણ ફેરફાર થાય છે; આમ

સમજીને હવેથી શુભ ભાવનો જ ખપ કરવાનો, જેથી કેટલાય અનિકાચિત અશુભ કર્મ શુભમાં સંક્રમણથી પલટાઈને શુભ થશે.

શુભ ભાવનો બીજો લાભ આ છે કે

**(૨) જેટલો સમય શુભ ભાવમાં રહે એટલો સમય અશુભ ભાવથી બચાય, એટલે અશુભ કર્મોથી, અશુભ સંસ્કરણ ને અશુભ અનુબંધોથી બચાય.**

આ લાભ પણ જેવો તેવો નથી, જુઓ,-

(૧) શુભ ભાવે જે શુભ કર્મ ઉપાર્જ્યાં એ આગળ પર એના શુભ વિપાક દેખાડશે. ત્યારે ધર્મ આરાધના અને શુભ ભાવોની અનુકૂળ સામગ્રી ભેટ કરશે. શુભ કર્મ વિના અનુકૂળ સામગ્રી ને સુખસગવડ મળે નહિ, એટલે સમજો કે અહીં પણ જે કાંઈક ધર્મ-આરાધનાને તથા શુભ ભાવને અનુકૂળ સામગ્રી પામ્યા છે, એ પૂર્વના શુભ ભાવના પ્રતાપે, શુભ ભાવથી ઊભા થયેલ શુભ કર્મના પ્રતાપે.

આ હિસાબે શુભ ભાવથી જે અશુભ કર્મ બંધાતા અટકે, એનો ય કેવો મહાન લાભ કે એથી એ અશુભ કર્મો વિઘ્નભૂત પ્રતિકૂળ સંયોગ ઊભા કરત, તે પણ અટક્યું. તો બોલો, હવે પાછી શુભ ભાવની ઉપેક્ષા કરાય ? શુભ ભાવ વિના ચાલે ? ના, મનને નિર્ધાર જોઈએ કે

**મારે બીજા બધા વિના ચાલશે, પણ શુભ ભાવ વિના નહિ ચાલે.**

ખાવા-પીવા-પહેરવા-ઓઢવાનું, કે પૈસા-પરિવાર માનસન્માન ઓછા મળશે તો ચાલશે, પરંતુ શુભ ભાવ હૈયામાં નહિ હોય તો નહિ ચાલે. શુભ ભાવ તો જીવને મહાન

આશીર્વાદરૂપ છે. (૨) શુભ ભાવથી શુભ સંસ્કરણ થાય, એ પણ મોટો લાભ છે. કેમકે એનાથી ભવિષ્યમાં સારી બુદ્ધિ રહે, સારું સૂઝે, સારા ભાવ આવે. આજે દેખાય છે, કેટલાક બાળકો શાંત સ્વભાવી, સંતોષી ઓછા મોહવાળા, સહિષ્ણુ અને ક્ષમાશીલ હોય છે. એ આગળ પર પણ જીવન એવું જ જીવે છે. અલબત્ જો એ ખરાબ સંગે ચડી જાય તો આ સારા સંસ્કારો દબાઈ જાય, ને અનંતાનંત કાળના કુસંસ્કારો તો જીવમાં પડેલા જ છે ? એટલે ખરાબ પ્રવૃત્તિમાં અને દુર્ગુણોમાં લાગી જવાનો.

ત્યારે જો પૂર્વનું સુસંસ્કરણ લઈને આવ્યો છે, એટલે અમુક અમુક ગુણો છે, એમાં માબાપ તરફથી સારું શિક્ષણ મળે સારા સંસ્કાર મળે તો પૂર્વના સંસ્કરણમાં વૃદ્ધિ થાય છે. તો જુઓ અહીંના શુભ ભાવથી આ પણ કેવો મહાન પારલૌકિક લાભ કે એ અહીંના સુસંસ્કરણથી ત્યાં જીવન ઉન્નત બનાવે, ગુણિયલ બનાવે.

આ હિસાબે શુભ ભાવમાં અશુભ સંસ્કરણ અટકવું તેથી પરલોકમાં એના કૂડા પ્રત્યાઘાતોથી પણ બચાય. એ પણ એક મોટો લાભ છે. હવે ત્રીજું,-

## (૩) શુભ ભાવથી પૂર્વના આવેલા અશુભ અનુબંધો તુટે.

### સારી નરસી બુદ્ધિ શુભ-અશુભ અનુબંધોથી મળે :-

જીવ પરલોક જેમ કર્મ લઈને જાય છે, એમ શુભાશુભ અનુબંધો પણ લઈ જાય છે. એ જીવને શુભાશુભ બુદ્ધિ કરાવે છે શુભાનુબંધથી સારી બુદ્ધિ અને અશુભાનુબંધથી નરસી બુદ્ધિ જાગે છે, ત્યાં વિચિત્રતા આ થાય છે કે કર્મ અશુભ હોય તો એ દુઃખ આપે; પણ જો એ શુભાનુબંધવાળું અર્થાત્ શુભાનુબંધી

કર્મ હોય તો દુઃખમાં પણ બુદ્ધિ સારી રહે. દા.ત. શુભાનુબંધી અશાતા વેદનીય કર્મ કે અપયશ નામકર્મ ઉદયમાં હોય, તો શરીરે અશાતા રોગ કે અપયશ મળે, પણ બુદ્ધિ સારી રહે; અર્થાત્ મનને આવું કાંઈક થાય કે- 'મારા પૂર્વના અશુભ કર્મનું આ ફળ છે. માટે ભોગવી જ લેવાનું, કશી હાયવોય નહિ કરવાની કે કોઈના પર દ્વેષ નહિ કરવાનો. ભગવાનનું નામ લેવાનું, જીવો પર દયા કરવાની, દાનાદિ ધર્મનું બળ વધારવાનું.' આવી આવી બુદ્ધિ થાય,

એથી ઉલ્ટું ઉદયમાં કર્મ શુભ હોય, દા.ત. શાતા વેદનીયકર્મ, યશનામકર્મ, પણ એ અશુભાનુબંધી હોય તો એ અશુભાનુબંધથી બુદ્ધિ બગડેલી રહે, પાપબુદ્ધિ થાય, અભિમાન, વિષયાસક્તિ, બીજાનો તિરસ્કાર અપમાન વગેરે કરવાનું મન થાય.

શુભભાવ આ પૂર્વના અશુભ અનુબંધ તોડે છે.

એટલે અનિકાચિત કર્મો તો તૂટે, પણ નિકાચિત કર્મ ભલે ન તૂટે કિન્તુ એની સાથેના અશુભ અનુબંધ તૂટે છે. તેથી જ્યારે એ નિકાચિત અશુભ કર્મ ભવિષ્યમાં ઉદયમાં આવે ત્યારે ભલે એ ફળમાં દુઃખ દેખાડે, પણ અશુભ અનુબંધ હવે નહિ હોવાથી બુદ્ધિ બગડે નહિ. એટલે દુઃખ છતાં આત્માનું કાંઈ બગડવાનું નહિ.

ભગવાન મહાવીરસ્વામીને નિકાચિત અશુભ કર્મના ઉદયે ભારે દુઃખ આવ્યાં, કાનમાં ખીલા ઠોકાયાંની ને ખીલા પાછા ખેંચાયાની ઘોર પીડા આવી, પરંતુ એમની બુદ્ધિ બગડી નહિ, સામા દુઃખદાતા જીવ પર ગુસ્સો કે દ્વેષ ન થયા. કેમ વારુ ? કાનમાં ખીલા ઠોકાવાનું કર્મ ત્રિપૃષ્ઠ વાસુદેવના અવતારે શય્યા.

પાલકના કાનમાં ધગધગતું સીસુ રેડાવીને ઉપાર્જેલું, તે કર્મ ભારે અશુભ અનુબંધવાળું બાંધ્યું હશે તો એ અનુબંધથી અહીં પાપ બુદ્ધિ કેમ ન થઈ ? કેમ મન બગડ્યું નહિ ? કહો, વચગાળાના વિશ્વભૂતિ મુનિ, પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિ, અને નંદન રાજર્ષિના ભવે તપ સંયમાદિની સાધના સાથેના શુભ ભાવોલ્લાસથી અનુબંધ તોડી નાખ્યા, એટલે હવે અનુબંધ વિનાનું એ લુખ્ખું કર્મ ઉદયમાં આવી દુઃખ આવી ગયું, પણ બુદ્ધિ શાની બગડે ?

## બુદ્ધિ બગાડનાર પાપાનુબંધો છે.

પાપાનુબંધો તૂટી ગયા પછી સુખ-દુઃખ ગમે તેટલા આવે, છતાં બુદ્ધિ ન બગડે, કષાયો ન થાય, દુર્ધ્યાન અસમાધિ ન થાય. જીવનમાં કરવા જેવું મહાન કામ આ છે કે પાપ અનુબંધો તોડી નાખો, ને એ માટે શુભ ભાવ ખૂબ કેળવો. એ માટે શુભ સાધના-આરાધના અને જિનવાણીની ઉપાસનામાં રમતા રહો. દેવગુરુ ભક્તિ અને દાન-શીલ-તપના અનુષ્ઠાનોમાં તથા શાસ્ત્રોમાં ચિંતન-મનનમાં લાગ્યા રહો એમાં શુભ ભાવો હૈયામાં ઉપસ્યા કરે એથી પાપાનુબંધો તૂટતા આવે.

## પાપાનુબંધો તૂટી જાય એ ભવિષ્ય માટે મોટી સલામતિ.

કેમકે પછી ભવિષ્યમાં પરલોકમાં પાપિષ્ઠ બનવાનું નહિ આવે. પાપાનુબંધો બુદ્ધિ બગાડીને જીવને પાપરક્ત પાપિષ્ઠ બનાવનારા છે.

ત્યારે, શુભ ભાવ ના કેવા કેવા મહાન લાભ !

卐

## શુભ અધ્યવસાયની કેટકેટલી અસરો નીપજે ?

વિષય સુખની લાલસા બાજુએ મૂકી ભવની વિટંબણા અને કર્મની પરાધીનતા હટાવવાની આંતરિક ઇચ્છાથી શુભ આચરણ કરાય તો જ એ પુણ્ય પુણ્ય માર્ગ બની શકે.

**શુભ ભાવનું આ લક્ષણ છે કે એમાં સરવાળે વિષય સુખની લાલસા ન હોય, ને ભવ વિટંબણા અને કર્મ ગુલામી ટાળવાની તમન્ના હોય.**

આવા શુભ ભાવની નિકાચિત કર્મ પર કેવી રીતે અસર પડે છે, એ જોઈએ.

ભાવને અધ્યવસાય કહેવાય છે. અધ્યવસાય બે પ્રકારના,- શુભ અને અશુભ.

**શુભ અધ્યવસાયની કેટકેટલી અસરો નીપજે ?**

(૧) શાતા-અશાતા, યશ-અપયશ, ઉચ્ચકુળ-નીચકુળ વગેરે લાવનાર પુણ્ય-પાપકર્મના જોડકા છે. શુભ ભાવના લીધે એમાંથી શાતા, યશ, ઊંચકુળ વગેરે પુણ્યકર્મનો બંધ પડે છે, પુણ્યકર્મ બંધાય છે.

(૨) બંધાતા પુણ્ય કર્મમાં, એના હરિફ પાપકર્મ જે પૂર્વે બંધાઈ પડ્યા છે. એમાંથી કેટલાક પાપકર્મના સંક્રમણ થાય છે, ને એ સંક્રમિત પાપકર્મ હવે પુણ્યકર્મનું કામ આપશે. દા.ત. બંધાતા શાતા વેદનીય કર્મમાં કેટલાંક પૂર્વબદ્ધ અશાતા વેદનીય કર્મનું સંક્રમણ થયું તો હવે શાતારૂપ બની જાય છે !

(૩) શુભ અધ્યવસાયથી પૂર્વે બંધાયેલ પાપકર્મની સ્થિતિ રસ તૂટે છે, મંદ બને છે, આને અપવર્તના કહે છે.

(૪) દસમા ગુણઠાણા સુધી સદા નિશ્ચિત બંધાતા જ્ઞાનાવરણીયાદિ પાપકર્મના રસ મંદ બંધાય છે. અશુભ ભાવ ચાલતા હોત તો એ રસ તીવ્ર બંધાત.

(૫) શુભ અધ્યવસાયથી બંધાતા પુણ્યકર્મના રસ જોરદાર બંધાય છે.

(૬) શુભ અધ્યવસાયથી શુભ સંસ્કારો ઊભા થાય છે, અને અશુભ સંસ્કારો મોળા પડે છે.

(૭) શુભ અધ્યવસાય જોરદાર હોય તો નવા બંધાતા પુણ્યકર્મમાં શુભ અનુબંધ પડે છે. એમ કહો, અનુબંધવાળા અર્થાત્ સાનુબંધ શુભ કર્મ ઊભા થાય છે. એનું પરિણામ એ આવે છે કે એ શુભ કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે પેલા શુભાનુબંધના પ્રતાપે બુદ્ધિ સદ્બુદ્ધિ રહે છે, જે વળી નવાં શુભ કર્મ પુણ્યને ઊભાં કરે છે.

**શાલિભદ્ર પૂર્વભવે મજુરણનો છોકરો સંગમ હતો.** એણે રોઈને મેળવેલી ખીરનું મુનિને દાન કર્યું, તે જોરદાર શુભ અધ્યવસાયથી. એમાં એક કારણ એ બન્યું હોવા સંભવ કે એણે મુનિનું પાત્ર ખાલી જોઈ એમ વિચાર્યું હોય કે મુનિરાજ ભિક્ષાએ ફરતા ફરતા અહીં આવ્યા છે, ને હજી એમના પાત્રમાં ભિક્ષા આવી નથી, તો હેં ? મારી ખીર આ પાત્રમાં જઈ રહી છે. વાહ ! કેવો મારો મહાન ભાગ્યોદય ! મારાં ભાગ્યની અવધિ નથી કે આવી સુંદર ખીર મુનિના પાત્રમાં પહેલ પહેલી જઈ રહી છે. આ વિચારની પાછળ એના હૈયામાં શુભ અધ્યવસાય જોરદાર કામ કરી રહ્યો છે.

એ પણ દાનના અધ્યવસાય નિ:સ્વાર્થ **ભાવના છે**. દાનથી

એને કોઈ દુન્યવી સ્વાર્થ સાધી લેવો નથી કે મને આ દાન દ્વારા માન મળો પાન મળો દુન્યવી સુખ મળો,' ના, આ કોઈ આશંસા અપેક્ષા નથી. એક જ વિચાર છે કે 'અહો !' આવા મહાન મહાત્માને દેવાનું મારું અહો ભાગ્ય ? ધન્ય જીવન ? ધન્ય દાન !' આ નિરાશંસ દાન ધર્મ છે.

**નિરાશંસ ધર્મસાધનાથી શુભાનુબંધી પુણ્ય ઊભું થાય.**

શુભાનુબંધી કર્મ એટલે શુભ અનુબંધવાળા કર્મ; એટલે કે એવાં કર્મ કે જેના ઉદય વખતે શુભ ભાવ ઊભા રહેશે. અહીં દાન કર્યું શુભ ભાવથી, મુનિ અને દાન ક્રિયા પ્રત્યેના ઊંચા બહુમાનથી. દાન એટલે કે 'ખીર વગેરે રસ વસ્તુનો મારે ઉપભોગ નહિ, પરંતુ મુનિ-પાત્રમાં ત્યાગ કરવાનો ધન્ય અવસર મળ્યો ? વાહ ! કેવો સરસ ત્યાગ !' આવા ત્યાગ પ્રત્યેના બહુમાનથી ત્યાગ કર્યો, દાન કર્યું, હવે એ ત્યાગનો ભાવ ભવાંતરે એ દાનજનિત પુણ્યના ભોગવટા વખતે આવીને ઊભો રહેવાનો.

**શુભભાવનું પુનરાવર્તન એ શુભ અનુબંધ.**

આનું એ પરિણામ હતું કે એ સંગમ દાનથી પછીના ભવે શાલિભદ્ર થયો, ને ઘરે રોજ દેવતાઈ માલની નવાણું પેટી ઉતરે છે; તો એ પેટીઓનો સંગ્રહ નહિ, પણ બીજે દિવસે એઠવાડીયા કૂવામાં એના માલનો ત્યાગ કરી દે છે; રોજ નવી દેવતાઈ પેટી, ને રોજ ગઈકાલની પેટીઓ કૂવામાં ! કેવો અદ્ભુત ત્યાગ ! એમાં વળી અવસર આવી લાગ્યો ત્યારે સમસ્ત સંસાર ત્યાગ કરી હંમેશ માટે એવી દેવતાઈ પેટીઓ લેવાનો મહાત્યાગ કરી દીધો !

**શુભાનુબંધી પુણ્યકર્મનો આ પ્રતાપ કે એના ઉદય વખતે પૂર્વના શુભ ભાવ ચાલુ.**

જો જો હોં દાનધર્મ કર્યો તે નિઃસ્વાર્થ-નિરાશંસ ભાવે કર્યો એનું આ ફળ છે. દાન કરતી વખતે જો દુન્યવી પૈસા-ટકા, પુત્ર માન-સન્માન વગેરેનાં સુખની અંતરમાં અપેક્ષા રાખી હોત, તો એ દાન ધર્મ આશંસાવાળો થાત ! એટલે કે સોદાબાજી થાત, હું પૈસાનું દાન કરું, ને બદલામાં સુખ મળો.' એ સોદાબાજી છે. આવા ધર્મથી શુભાનુબંધી પુણ્ય ન બંધાય, કિન્તુ અશુભાનુબંધી પુણ્યનો બંધ થાય. કારણ આ છે, કે ધર્મ કરતી વખતે દુન્યવી વિષયોની આશંસા છે, લાલચ છે. એ ભારે અશુભ અધ્યવસાય છે, ને ધર્મજનિત પુણ્યની સાથોસાથ આત્મામાં અશુભ સંસ્કારો ઊભા કરી પરભવે ચાલ્યો આવે એમાં નવાઈ નથી. એ શું કામ કરે ? પુણ્યના ઉદય વખતે પૂર્વના અશુભ ભાવની પુનરાવૃત્તિ કરી આપે અર્થાત્ :-

**અશુભાનુબંધી કર્મ પોતાના ઉદય વખતે પૂર્વના અશુભ ભાવ ચાલુ રાખે છે.**

ત્યારે નિરાશંસપણે એટલે કે કોઈપણ જાતના અશુભ રાગદ્વેષથી લેપાયા વિના ધર્મ કરાય, તેથી નવા અશુભ અનુબંધ તો ન પડે, ઉલ્ટું પૂર્વના અશુભ અનુબંધ તૂટતા જાય.

**અશુભ અનુબંધ શું છે ?**

દુર્બુદ્ધિ કરાવે એવી બીજશક્તિ એ અશુભાનુબંધ છે. દુર્બુદ્ધિ અર્થાત્ અશુભ અધ્યવસાયની બીજશક્તિ એ અશુભાનુબંધ છે. શુભ અધ્યવસાય કરતા રહેવાય એટલે ભવાંતર માટે શુભાનુબંધ ઊભા થાય, અર્થાત્ શુભ અધ્યવસાયની બીજશક્તિ ઊભી થાય, એની સાથે અશુભ અનુબંધો તુટતા આવે એથી ઉલ્ટું, અશુભ અધ્યવસાયમાં શું થાય છે ?

અશુભાનુબંધ ઊભા થતાં જાય અને શુભાનુબંધ તુટતા આવે છે.

વિશ્વભૂતિ મુનિ અને સંભુતિ મુનિને શું થયેલું ? વરસો સુધી સંયમ-તપની આરાધના કરતાં શુભાનુબંધો ઊભા કરેલા; પરંતુ પાછળથી નિયાણું કર્યું કે 'અખૂટ બળનો ધણી થાઉં' ચક્રવર્તીની સમૃદ્ધિ મળો ! આ નિયાણું એ પૌદ્‌ગલિક વસ્તુની તીવ્ર આશંસવાળા દૃઢ સંકલ્પરૂપ હતું, એ ચિતનો જોરદાર અશુભ અધ્યવસાય છે. એણે અશુભ કર્મ સાથે અશુભ અનુબંધ પણ ઊભા કર્યા એવું સાથો સાથ શુભાનુબંધો તૂટતા ગયા ! કેટલું મોટું નુકશાન ?

પરિણામ એ આવ્યું કે તપ-સંયમના ફળ રૂપે દેવલોક અને પછી વાસુદેવ ચક્રવર્તીનાં સુખ ભોગવવા તો મળ્યાં, પણ શુભાનુબંધ ખત્મ હતા તેથી પૂર્વના તપ-સંયમ-વૈરાગ્યના શુભ અધ્યવસાય જોવા ન મળ્યા ! અશુભ અનુબંધના લીધે એકલા તીવ્ર વિષય-રાગ અને કષાયના અધ્યવસાય ભભુકતા રહ્યા. એવા જોરદાર કે એથી ત્રિપૃષ્ઠ વાસુદેવને પછીથી સાતમી નરક ઉપરાંત સિંહ અવતાર ચોથી નરક અને અગણિત ક્ષુદ્રભવ કરવા પડ્યા ! આ ચોકખો હિસાબ છે કે-

## શુભાનુબંધ સદ્‌બુદ્ધિ કરાવે, ને અશુભાનુબંધ દુર્બુદ્ધિ :-

વિશ્વભૂતિ મુનિએ મહાવૈરાગ્યથી રાજશાહી સુખ છોડી સંયમ લીધેલું અને નિરાશંસભાવે સંયમ તથા ઘોર તપસ્યાની આરાધના એવી કરેલી કે એનાથી લબ્ધિ ઉત્પન્ન થઈ ગયેલ ! જેના બળે મુનિએ તપથી અત્યંત કૃશ કાયા એ પણ ગાયને ઊંચે આકાશમાં ઉછાળેલ, ને પડતાં ઝીલી લીધેલ, ગાયની સહેજ હડફેટે પડી જતાં પિતરાઈ ભાઈ વિશાખાનંદી મશ્કરી

સાથે હસ્યો. એ હસવા પર મુનિએ આત્મલબ્ધિના બળે પોતાની કૃશ કાયાથી પણ ગાયને શિંગડાથી પકડી ઊંચી કરી ચક્કર, ચક્કર ઘુમાવી ઊંચે ગગનમાં ઉછાળેલી, અને પાછી પડતી એને પોતાના હાથ પર ઝીલી લીધેલી ! જેથી એ બિચારી જમીન પર પછડાઈ મરે નહિ.

આટલી જબરદસ્ત આત્મ-લબ્ધિ શે ઉત્પન્ન થાય ? પરંતુ તપસંયમની વિશુદ્ધ આરાધના કોઈ પણ જાતની પૌદ્ગલિક આશંસા વિના કરેલી, એથી એ લબ્ધિ ઉત્પન્ન થયેલી. ત્યારે એ તપ-સંયમની સાધનામાં અંતરમાં કેટલાક જ્વલંત વૈરાગ્ય સાથે ઊંચા શુભ અધ્યવસાય ઊછળતા હશે ? એ સમજી શકાય છે. આવા પવિત્ર અને ઊંચા શુભ અધ્યવસાય શુભ અનુબંધ ઊભા કરે, એમાં નવાઈ નથી. આના યોગે,

નિરાશંસભાવના સહકારથી ઉત્કટ તપ-સંયમ દ્વારા જે પુણ્ય ઊભું થયું હતું તે શુભાનુબંધ યાને પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થયું.

કહો આટલા ઊંચા શુભાનુબંધ હજાર વરસ સુધી ભેગા કરેલા, એ પછીના વાસુદેવના અવતારે ક્યાં ગયાં, તે એના ફળરૂપે કશો વૈરાગ્ય કશી સદ્બુદ્ધિ જોવા ન મળી ?

ત્યારે માનવું પડે કે અંતકાળે જે મનમાં પાપ નિયાણાના અશુભ અધ્યવસાય થયા, એણે એક બાજુ જોરદાર અશુભાનુબંધ ઊભા કર્યા, અને બીજી બાજુ પેલા શુભ અનુબંધોને કેટલાકને તોડી નાખ્યા, તો કેટલાકને એવા દબાવી નાખ્યા કે જે નજીકના ભવિષ્યમાં કશું ફળ દેખાડી શકે નહિ. બસ આ હકીકત છે, કે

**પ્રબળ અશુભ અધ્યવસાય શુભાનુબંધોને તોડી અશુભાનુબંધો ઊભા કરે; એમ**

**પ્રબળ શુભ અધ્યવસાય અશુભ અનુબંધો ને તોડી નાખી જોરદાર શુભ અનુબંધોને ઉત્પન્ન કરે.**

આ ઉપરથી ધ્યાનમાં લેવા જેવું છે કે

(૧) આપણે ધર્મ તો કરીએ, પરંતુ જો એમાં દુન્યવી સ્વાર્થ સાધી લેવાના ભાવ રાખીએ તો ધર્મથી પુણ્ય તો મલશે, પરંતુ અશુભ અધ્યવસાયથી જે અશુભ અનુબંધ ઊભા થયેલા હશે એ એના વિપાકમાં કેવી જાલિમ રાગદશા અને દુર્બુદ્ધિ કરાવશે ! આપણને કેવા પાપિષ્ઠ બનાવશે !

બીજું એ, કે શુભ ભાવથી ધર્મ તો કર્યો, પરંતુ જો પછીથી વેપાર ધંધામાં કે બીજી સાંસારિક બાબતમાં યા કોઈની સાથેના વ્યવહારમાં આંધળી રાગ-આસક્તિને રચ્યાપચ્યાપણું યા તીવ્ર દ્વેષ વૈર-વિરોધ કર્યો, તો એનાથી કેવા અશુભ અનુબંધ ઊભા થશે ! અને ધર્મજનિત શુભાનુબંધ કેવા નષ્ટ થઈ જશે ! એનાં ફળમાં કેવી દુર્બુદ્ધિ અને પાપિષ્ઠતા આવશે ! ત્યારે જનમ કેવા મળવાના ! અને ત્યાં કેવા જીવન બનવાના ?

આ બે વસ્તુ જો બરાબર નજર સામે સદા રમતી રહે તો હૈયું બગાડતા પહેલાં લાખ વિચાર થાય.

**શુભ ભાવ નિકાચિત કર્મ ન તોડે, પણ એની સાથેના અશુભ અનુબંધ તોડી શકે :-**

શુભ અધ્યવસાયની નિકાચિત પર શી અસર પડે એ સવાલ થયેલો. હવે એ સમજાઈ જશે કે એ શુભ ભાવ ભલે નિકાચિત અશુભ કર્મનું શુભમાં સંક્રમણ ન કરી શકે, અને એ અશુભ કર્મના રસમાં અપવર્તન હ્રાસ ભલે ન કરી શકે, પરંતુ એ નિકાચિત અશુભ કર્મની સાથે અશુભ અનુબંધ પડેલા હોય એને તોડી શકે.

**પ્રસન્નચંદ્ર રાજર્ષિ**એ પહેલાં અશુભ ચિંતન કરેલું, એમાં સાતમી નરક સુધીના કર્મ બાંધેલા. પરંતુ પછી જ્યાં શુભ ચિંતનમાં ચડ્યા ત્યાં અશુભ અનુબંધો એવા તુટતા ચાલ્યા તુટતા ચાલ્યા 'કે સર્વથા નષ્ટ થઈ ગયા. તો જ કાયમ માટે એ વીતરાગ બની ગયા ને ? વીતરાગ બનવાનો અર્થ જ આ, કે હવે ક્યારેય કશો અશુભ ભાવ, દુર્બુદ્ધિ, મલિન વૃત્તિ થવાની નહિ. એ નહિ થવાની એટલે એને જગાવનાર અશુભ અનુબંધી તુટી ગયા. કોણે તોડ્યા ? શુભ ચિંતને, શુભ અધ્યવસાયે.'

**શુભ અધ્યવસાય બે પ્રકારે, -**

**(૧) સુકૃતનો રાગ, અને (૨) દુષ્કૃતની ઘૃણા.**

**સુકૃતનો પ્રબળ રાગ શુભ અનુબંધો ઊભા કરે, ને દુષ્કૃતની ઘૃણા અશુભ અનુબંધો તોડે.**

પ્રસન્નચંદ્ર રાજર્ષિને પહેલા અશુભ ચિંતન થયેલું, પરંતુ પછીથી શુભ ચિંતન ચાલ્યું. એમાં શુભ અધ્યવસાય કામ કરતા હતા; એ શુભ અધ્યવસાયમાં સંયમનો તીવ્ર રાગ હતો, અને અસંયમના કરેલા દુષ્ટ ચિંતન પર પ્રબળ ઘૃણા સમાયેલી હતી. એણે અશુભ અનુબંધો તોડવાનું કામ કર્યું, તે નિકાચિત કર્મોનાં પણ અશુભ અનુબંધ સાફ થતાં ચાલ્યા. પછી તો ક્ષપકશ્રેણીમાં જ્ઞાનાવરણ આદિ કર્મ સમૂહમાં નિકાચિત કર્મ હશે તે પણ તૂટી ગયાં ! ને કેવળજ્ઞાન પામ્યા !

ક્ષપક શ્રેણિમાં ઘાતી કર્મોનો સમૂલ નાશ થઈ જાય છે, એટલે એમાં નિકાચિત અનિકાચિત સર્વ કર્મોનો ક્ષય થાય એ સહજ છે. બાકીની પરિસ્થિતિમાં એટલે કે, -

**ક્ષપક-શ્રેણિ સિવાયના સમયમાં નિકાચિત કર્મો ભોગવાઈને જ નાશ પામે.**

એટલે ?

ઊંચા શુભ અધ્યવસાયથી અનિકાચિત કર્મો ભોગવાયા વિના પણ ક્ષય પામી શકે, પરંતુ નિકાચિત કર્મો નહિ. તો પછી આ પ્રશ્ન રહે,

**પ્ર. - શુભ ભાવમાં રહીએ ત્યાં અનિકાચિત કર્મો નાશ પામે એટલે એના પર તો શુભ ભાવની અસર પડી, પરંતુ નિકાચિત કર્મો પર શુભ ભાવની કશી અસર નહિ ?**

**ઉ.** - આનો જૈન શાસન સુંદર ખુલાસો આપે છે. એ કહે છે કે શુભ ભાવની અંતર્ગત અશુભ ભાવ પ્રત્યે અણગમો હોય, નિંદાગર્હા હોય, એ દુષ્કૃત-ગર્હા છે; અને એનાથી નિકાચિત કર્મોની સાથે રહેલા અુશભ અનુબંધો તૂટે છે, ક્ષય પામે છે. એટલે આ કે **શુભ અધ્યવસાયની નિકાચિત કર્મો પર અસર આ, કે-ભલે એથી નિકાચિત કર્મો ન તૂટે, પરંતુ એની સાથે રહેલા અશુભ અનુબંધો તૂટતા આવે.**

દા.ત. ક્ષમાનો ભાવ એ શુભ ભાવ છે. ક્યારેક ક્રોધનો અશુભ ભાવ આવી જવાનો અવસર છતાં ક્રોધ ન કરતાં સારી સમજ પૂર્વક ક્ષમા રાખી; એટલે સહજ છે કે ક્રોધ પ્રત્યે અણગમો રહ્યો. ત્યાં સારી સમજ એટલે પોતે પૂર્વે કરેલા ક્રોધનો સંતાપ થાય છે કે 'હાય ? મેં પૂર્વે ક્રોધ કાં કરેલા ? એ ક્રોધે જ મારો સંસાર વધારેલો, પરંતુ હવે જિનશાસન પામ્યો છું કે જેણે ક્રોધ ન કરતાં ક્ષમા રાખવા કહેલું છે તેથી હવે મારે ક્રોધથી સર્યું. હવે મારે ક્ષમા જ આદરવા જેવી છે. ક્ષમા રાખું એટલે મેં **જિનવચન પામ્યાને સાર્થક** કર્યું, જિનવચનની આરાધના કરી.'

**જિનવચને કહેલું પાળ્યું એ જિનવચનની આરાધના છે.**

ગુણસેન રાજા હૈયાના ભાવથી સંસાર ત્યજી, સંયમના ભાવમાં ધ્યાનમાં બેઠા છે. ત્યાં અગ્નિશર્મા દેવતાએ ધગધગતી અગ્નિમય રેતીનો એમના પર વરસાદ કર્યો. એથી ગુણસેન રાજાના શરીરના રોમરોમ સળગી ઊઠ્યા, રોમરોમ શેકાઈ રહ્યા છે, એ વખતે એ ગુણસેન મહાત્મા આકુળવ્યાકુળ નથી થતા, ક્રોધ નથી કરતા, પરંતુ આ વિચારે છે.-

**ગુણસેનની ઉપદ્રવમાં શુભ ભાવના :-**

'હે જીવ ! તું ધ્યાન રાખજે કે આ અપાર સંસારમાં તને અમૃતસમાં અતિદુર્લભ જિનવચન મળ્યાં છે ! તો એ મળેલાને સાર્થક કરજે. જિનવચનની જ આરાધના કરજે; કાયા, સુખ શીલતા, અહંત્વ વગેરે સંસારની આરાધના નહિ.'

એટલે ? જિનવચન ક્રોધને અટકાવી ક્ષમા રાખવાનું શીખવે છે. ત્યારે કાયાની મમતા ક્રોધ કરાવે છે. કાયાની મમતાને લીધે જ 'હાય ! મારી કાયાને કોણ બાળે છે ? બાળનાર હરામખોર શું સમજે છે ?' એમ બાળનાર પર ક્રોધ થાય છે. કાયાને બદલે જો જિનવચન પર મમતા હોય તો મનને એમ થાય કે 'મારાં જિનવચન શું કહે છે ? ક્રોધ નહિ, પણ ક્ષમા કરવાનું કહે છે. તો હું એ જિનવચને કહેલું જ કરું.' એમ કાયાની આરાધના બાજુએ મૂકી જિનવચનની આરાધના કરવાનું રાખ્યું, એટલે સમજો કે

**ક્રોધ કરવો એ કાયાની આરાધના છે.**

**ક્ષમા રાખવી એ જિનવચનની આરાધના છે.**

બેમાંથી શું સારું ? શું પસંદ કરવા જેવું ? કાયાની

આરાધના ? કે જિનવચનની આરાધના ? ભૂલશો નહિ, કાયાની આરાધનામાં ક્રોધ કરવાનું તો જનમ જનમ કર્યું, અનંતા જનમ કર્યું, તેથી તો હજી સુધી સંસારમાં ભટકતા છીએ. પરંતુ હવે જ્યારે સંસારનો અંત લાવનારી ક્ષમાનો ઉપદેશ કરનારાં જિનવચન મળ્યાં છે, તો એથી સમજ આવી કે 'ક્રોધ ખતરનાક, ને ક્ષમા તારણહાર.' તો પછી હવે તો ક્રોધનો પલ્લો મૂકીએ ? ને ક્ષમાનો પલ્લો પકડીએ ? ક્ષમાનું આલંબન કરીએ ?'

આમ ક્રોધ ન કરતાં ક્ષમા રાખીએ એ જિનવચન આરાધ્યું કહેવાય, જિનવચનની આરાધના અપનાવી ગણાય. મહાત્મા ગુણસેન પછીથી જનમ જનમ ક્ષમા રાખી જિનવચનની આરાધના કર્યે ગયા તો નવભવની એ આરાધનાના અંતે સમરાદિત્ય કેવળી થઈ મોક્ષ પામ્યા; જ્યારે અગ્નિશર્મા જનમ જનમ ક્રોધ કરતો રહ્યો, કાયા અહંત્વ વગેરેની આરાધના કરતો રહ્યો, તો પરિણામે અનંત સંસાર ઊભો કરી ગયો.

**શું પસંદ ? જિનવચનની આરાધના ? કે કાયા અહંત્વાદિની આરાધના ?**

મહાત્મા ગુણસેન જે ક્ષમારૂપી શુભ ભાવમાં રમે છે એની અંતર્ગત ક્રોધ પ્રત્યે તીવ્ર અણગમો ગર્ભિત છે, ક્રોધની ગર્હા છુપાયેલી છે.

**શુભ ભાવમાં અશુભ ભાવની અરુચિ-ગર્હા છે. એનાથી અશુભ અનુબંધો તૂટે છે, ચાહ્ય એ અનુબંધો અનિકાચિત કર્મો પર હો, કે નિકાચિત કર્મો પર લાગેલા હો.**

શુભ અધ્યવસાયનો શુભ ભાવનો આ કેટલો મોટો લાભ ? પૂર્વે અજ્ઞાનતાવશ નિકાચિત પાપકર્મ બાંધી દીધા હતા, પરંતુ

હવે અજ્ઞાન બનવું છે ? કે સારા ભાવ લાવી મન સુધારવું છે ? તો એ કરો, એનું આ ઇનામ છે;

**શુભ અધ્યવસાયના પ્રતાપે નિકાચિતની સાથે લાગેલા અશુભ અનુબંધો તૂટે છે.**

એમ કહેતા નહિ.

**પ્ર.** - ગમે તેટલા શુભ ભાવ કર્યા ને અશુભ અનુબંધો તૂટ્યા, પણ નિકાચિત કર્મો તો ઊભા રહ્યા ને ? એ જીવને દુઃખ તો દેવાના. નિકાચિત મોહનીય કર્મ હશે તો એ કર્મ વિપાકમાં મોહ તો કરાવવાના, પછી અશુભાનુબંધો તૂટ્યાનો શો લાભ ?

**ઉ.** - આવું ન કહેવાય; કેમ કે

**અશુભ અનુબંધ તૂટવાથી મોટો લાભ એ છે કે નિકાચિત કર્મના ઉદયે આવનાર દુઃખમાં કે મોહમાં બુદ્ધિ નહિ બગડે, દુર્બુદ્ધિ નહિ થાય, પાપબુદ્ધિ-કષાયો-દુર્ધ્યાન જાગવાના નહિ.**

જુઓ, -

ભગવાન મહાવીર પરમાત્માના જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવે શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસુ રેડાવેલું, ને તેથી જે લાંબું નિકાચિત અશાતા વેદનીય પાપકર્મ બાંધ્યું એનો ભોગવટો કરતાં કરતાં છેવટે છેલ્લા ભવમાં બાકીનું એવું ભોગવવામાં આવ્યું કે ગોવાળિએ પ્રભુના કાનમાં ખીલા ઠોક્યા, ને તીવ્ર અશાતા ઊપજી ! પરંતુ અશુભ અનુબંધો તૂટ્યાનો મહાલાભ આ થયો કે એટલી ઘોર અશાતામાં પણ પ્રભુનું મન બગડ્યું નહિ, દુર્બુદ્ધિ ન થઈ; ક્રોધ ન આવ્યો; 'હાય ! કેવી ઘોર પીડા !' એવું આર્તધ્યાન ન ઊભું થયું. ઉલ્ટું, આટલી ઘોર

વેદનામાં પણ ક્ષમા રહી કરુણા રહી અને પાપકર્મના નિકાલનો સંતોષ ઊભો રહ્યો. ચારિત્ર લઈને ચલાવેલું શુભ ધ્યાન ને તત્ત્વચિંતન ચાલુ રહ્યા.

'ક્રોધ નહિ ક્ષમા રહે, સામા પાપી જીવ પ્રત્યે કઠોરતા નહિ કરુણા રહે, હાયવોયનું આર્તધ્યાન નહિ પણ કર્મક્ષયના સંતોષનું શુભધ્યાન રહે.' આ ઓછા લાભ છે ? આ તો એવા મોટા લાભ છે કે હવે આગળ નવાં પાપ કર્મ નહિ ઊભા થવાના, પૂર્વે પાપ સેવેલ એની હવે પરંપરા નહિ ચાલવાની, ને જીવન ઉચ્ચ ઉચ્ચતમ બનતું જવાનું.

**અશુભ અનુબંધ તોડ્યાના આ મહા લાભ છે પાપની પરંપરા ન ચાલે એ ચલાવનાર દુર્બુદ્ધિ-કષાય-દુર્ધ્યાન અટકી જાય.**

ત્યારે સમજો કે **જીવનમાં દુઃખ ન આવે એ મહત્ત્વનું નથી, પરંતુ દુર્બુદ્ધિ-કષાય દુર્ધ્યાન ન આવે એ મહત્ત્વની ચીજ છે.**

પુણ્યોદય ચાલતો હોય એટલે સુખ સગવડ, માન-સન્માન, યશ-કીર્તિ મળ્યા કરે, પરંતુ જો એ વખતે બુદ્ધિ ભ્રષ્ટ હોય, અભિમાનાદિ કષાયો ઝકડ્યા કરતા હોય તેમજ હિંસા, જૂઠ, ચોરી; અનીતિ, વગેરેના ભાવ થયા કરતા હોય તો સમજવું જોઈએ કે પેલા પુણ્યની સાથે ચાલી આવેલ અશુભ અનુબંધોનું પરિણામ છે. શ્રુ ઉદયમાં આવેલા પુણ્ય તો સુખ સન્માન આપીને પૂરા થઈ જશે, એટલે પુણ્ય પૂરા થઈ ગયે સુખ સમાપ્ત; પરંતુ અશુભ અનુબંધાદિ બુદ્ધિ બગાડી નવા પાપ ઊભા કરશે, જે ભવિષ્યમાંજ દુઃખની ફોજ લઈ આવશે.

તો પછી શું મહત્ત્વનું ?

પુણ્યોદય મહત્ત્વનો ? કે શુભાનુબંધનો ઉદય મહત્ત્વનો અર્થાત્ સુખ સગવડ મહત્ત્વનાં ? કે સદ્બુદ્ધિ મહત્ત્વની ?

એમ શું ખરાબ ?

પાપકર્મનો ઉદય ખરાબ ? કે અશુભાનુબંધનો ઉદય ખરાબ ? એટલે કે દુઃખ આપત્તિ ખરાબ ? કે દુર્બુદ્ધિ ખરાબ ?

સ્પષ્ટ વાત છે કે

**સુખ-દુઃખ બહુ મન પર લેવા જેવી વસ્તુ નથી, કિન્તુ સદ્બુદ્ધિ દુર્બુદ્ધિ પર બહુ લક્ષ દેવા જેવું છે.**

**આત્મા સુખ પર મહાન નથી, કિન્તુ સદ્બુદ્ધિ પર મહાન છે. પ્રસંગ પર શું જોવાનું ?** મહાન બનવું છે કે અધમ ?

મહાન બનવું હોય તો સુખ દુઃખ સામે ન જુઓ, સદ્બુદ્ધિ જાગે છે, કે દુર્બુદ્ધિ ? એ પર ધ્યાન રાખો, ને દુર્બુદ્ધિ અટકાવતા રહી સદ્બુદ્ધિ જાગતી રાખવા મથો, મહેનત કરો. જીવનમાં અવનવા પ્રસંગો તો આવ્યા કરવાના, પરંતુ એમાં એ જોતા ન બેસો કે 'આ પ્રસંગમાં મને સુખ મળે કે દુઃખ ?' કિન્તુ એ જોતા રહો કે આમાં મને

**સદ્બુદ્ધિ બની રહો, દુર્બુદ્ધિ અટકો**

**શુભ ધ્યાન રહો, દુર્ધ્યાન અટકો.**

**ક્ષમાદિ ગુણો જાગતા રહો, ક્રોધાદિ કષાયો અટકો.**

બાહ્યમાં ગરબડ છતાં આંતરમાં જિન-જિનશાસન આદિ વ્યવસ્થિત હોવાથી મારું મન સ્વસ્થ રહો, સમાધિમાં રહો, મનમાં ગરબડ આકુલ-વ્યાકુલતા અસમાધિ થતી અટકો.

જીવન સારું જીવવાની આ ચાવી છે.

**મન સદ્‌બુદ્ધિ-સદ્‌ગુણો-સમાધિ સત્શાસન પ્રાપ્તિ ને સ્વસ્થતાને મુખ્ય કરે, તો જીવન સારું જીવાય.**

પ્રસંગ ગમે તેવા આવો, મનને દુર્બુદ્ધિમાં નથી પડવા દેવું, દુર્ગુણ તરફ નથી જવા દેવું. મનથી હાયવોય કે હરખ-હરખ નથી કરવો, આ ધ્યાન રખાય તો જીવન નહિ બગડે, અધમ નહિ બનાય, સાવધાની રખાશે.

卐

**પ્ર. - અશુભ ભાવોને શુભમાં શી રીતે ફેરવાય ?**

ઉ. - એ માટે પહેલાં શુભ ભાવના પ્રકારો સમજી રાખવા જોઈએ, અને એને ચિત્તમાં વારંવાર પલોટતા રહેવું જોઈએ. એ સારા અભ્યસ્ત થયા હોય તો પછી જ્યાં પ્રસંગ આવ્યો કે એમાંથી તેને યોગ્ય પ્રકારે અમલમાં લાવી શકાશે. શુભ ભાવના પ્રકાર અગર જાણતા જ નથી, કે જાણવા છતાં એ સારા અભ્યસ્ત નથી, તો પ્રસંગ આવતાં એ ઝટ ક્યાંથી સ્ફુરવાના ? માટે પહેલાં જાણો અને સાથે એનો અભ્યાસ ખૂબ કરો, વારંવાર એનો પાઠ-પુનરાવર્તન-રટણા કરો; જેથી અવસર આવ્યો કે તરત એ શુભ ભાવ સ્ફુરી આવે, ચિત્તમાં ચાલુ થઈ જાય.

卐

# શુભ-અશુભ કર્મનાં ફળરૂપ પ્રશ્નોત્તરી

**પ્ર-૧** અજ્ઞાન, અલ્પજ્ઞાન અને બુદ્ધિની જડતા શાથી થાય ?

**ઉ.** જ્ઞાનાવરણકર્મના ઉદયથી, જ્ઞાનની આશાતના કરવાથી.

**પ્ર-૨** બહેરો અથવા શ્રોત્રેન્દ્રિયની હીનતાવાળો શાથી થાય ?

**ઉ.** અચક્ષુદર્શનાવરણ, જ્ઞાનાવરણના ઉદયથી અને તદુપાંગ નામકર્મના અનુદયથી. તેમજ વિકથા સાંભળી ખુશ થાય, સત્યને અસત્ય અને અસત્યને સત્ય ઠરાવે, બહેરા માણસની હાંશી કરે, ખીજવે, દીન માણસોના કરુણ શબ્દો તથા આજીજી પર ધ્યાન ન આપે, સદ્‌બોધ તથા શાસ્ત્રશ્રવણ ન કરે, આવાં કર્મો કરવાથી બહેરાપણું આવે, કાનનો રોગ થાય અને ચઉરિન્દ્રિયપણું પામે.

**પ્ર-૩** શ્રોત્રેન્દ્રિયની મજબૂતી શાથી થાય ?

**ઉ.** અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી તથા તદુપાંગ નામકર્મના ઉદયથી. વળી શાસ્ત્ર અને સુકથા સાંભળે, યથાયોગ્ય શ્રદ્ધાથી શાસ્ત્રવચન પરિણમાવે, બહેરાંઓની દયા ખાય, તેમને યથાશક્તિ મદદ કરે, ગરીબોની અરજ ધ્યાનમાં લઈ મીઠી વાણીથી સંતોષે, ગુણીજનોના ગુણ સાંભળી હર્ષ પામે અને કોઈની નિંદા સાંભળે નહિ તો શ્રોત્રેંદ્રિય (કાન)નું આરોગ્ય, સુંદરતા અને તીવ્રતા પામે તથા પંચેન્દ્રિયપણું મેળવે (કાન મળે તો પંચેન્દ્રિય થવાય.)

**પ્ર-૪** ચક્ષુ-ઇન્દ્રિય (આંખ)ની હીનતા શાથી થાય ?

**ઉ.** ચક્ષુ-દર્શનાવરણ અને જ્ઞાનાવરણના ઉદયથી તેમજ તદુપાંગ નામકર્મના અનુદયથી. સ્ત્રીપુરુષોનાં સુંદર રૂપ જોઈ

વિષય સેવવાની ઇચ્છા કરે. રૂપહીનને જોઈ તિરસ્કાર કરી નિંદા કરે, આંધળાઓની હાંસી કરે તથા ખીજવે, મનુષ્ય અને પશુઓની આંખોને ઇજા કરે અગર ફોડે, પાખંડીરચિત શાસ્ત્રો, પુસ્તકો કે પત્રો વાંચે, નાટક વગેરે જુએ, નેત્રના વિષયમાં-રૂપમાં આસક્તિ રાખે, ક્રૂર દૃષ્ટિથી જુએ. આંખના ખોટા ચાળા કરે તો આંધળો, કાણો, ટૂંકી નજરવાળો, ચુંચળો વગેરે વગેરે આંખના રોગવાળો થાય અને તેઇન્દ્રિયપણું પામે.

**પ્ર-૫** ચક્ષુઇન્દ્રિય (આંખ)ની પ્રબળતા શાથી થાય ?

**ઉ**. ચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી તથા તદુપાંગનામકર્મના ઉદયથી. પૂજનીય સાધુસાધ્વીઓનાં દર્શન કરી હર્ષ પામે, ધર્મ પર પ્રીતિ રાખે, વિષય વિકાર ઉપજે એવાં રૂપ દેખી તુરત નજર ફેરવી દે, આંખના રોગીઓની દયા ખાય, સત્શાસ્ત્ર, પુસ્તક અને પત્રોનું પઠન કરે, વિષયભોગથી આંખને બચાવે તો; તેજસ્વી, મનોહર અને લાંબી નજરવાળી આંખો પામે. (આંખ મળે ત્યારે જ ચઉરિન્દ્રિય થવાય છે.)

**પ્ર-૬** ઘ્રાણેન્દ્રિય (નાક)ની હીનતા (નાક ન મળે) શા કારણથી થાય છે ?

**ઉ**. અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ઉદયથી તથા તદુપાંગનામકર્મના અનુદયથી. સુગંધી પદાર્થો પર પ્રીતિ હોય, અત્તર, ફૂલ વગેરેનું સેવન કરે, દુર્ગંધ તરફ દ્વેષ હોય, નાક વગરનાની (નકટા કે ગુંગાની) હાંસી કરે અને તેને દુઃખી કરે, મનુષ્ય, પશુ અને પક્ષીઓનાં નાકનું છેદન ભેદન કરે કરાવે. તે મૂંગો અગર નકટો થાય. બેઇન્દ્રિપણું પામે.

**પ્ર-૭** ઘ્રાણેન્દ્રિયનું નિરોગીપણું શાથી પામે ?

**ઉ.** અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી તથા તદુપાંગનામકર્મના ઉદયથી. પરમાત્મા, સાધુ, સાધ્વી, મનુષ્યો અને ગુણીજનનો વિનય કરે, નમસ્કાર કરે, સુગંધી પદાર્થોમાં આસક્ત ન બને, નાક વગરના માણસોને મદદ કરે તો; રૂપાળું, રોગ રહિત નાક પામે. (નાક મળે તો જ તેઇન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે.)

**પ્ર-૮** જીવ્હા-ઇન્દ્રિયની ખોડ (અથવા જીભ ન મળે) શાથી પામે ?

**ઉ.** અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણના ઉદયથી. તદુપાંગનામકર્મના અનુદયથી. દારૂ, માંસ, કંદમૂળ વગેરે અભક્ષ્ય પદાર્થ ખાય, છ જાતના રસવાળા પદાર્થ ઉપર અત્યંત લોલુપતા રાખે, જીભના સ્વાદની ખાતર વનસ્પતિનો મહાઆરંભ કરે, ખોટો શાસ્ત્રવિરુદ્ધ ઉપદેશ આપે તેમજ પાખંડ વધારે, મર્મવાળું જૂઠું વચન બોલે, કઠોર અને તીખાં વચન બોલે, જૂઠું બોલે, મૂંગા અને તોતડાની હાંસી કરે, બીજાની જીભને છેદે, ભેદે અને બીજાના શ્વાસોશ્વાસ રૂંધે તો જીભની ખોડ આવે, તોતડો થાય, મૂંગો થાય, એનું બોલ્યું કોઈને ગમે નહિ, મોઢામાંથી દુર્ગંધ નીકળે અને એકેન્દ્રિપણું પામે.

**પ્ર-૯** રસનેન્દ્રિયનું આરોગ્ય શાથી મેળવે ?

**ઉ.** અચક્ષુદર્શનાવરણ અને જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી તથા તદુપાંગનામકર્મના ઉદયથી. અભક્ષ્ય પદાર્થનો ત્યાગ કરે, સ્વાદિષ્ટ વિવિધ રસોમાં આસક્ત ન બને. સદ્‌બોધ આપી ધર્મનો ફેલાવો કરે, ગુણકારી અને સર્વને સુખ દેનારી વાણી બોલે, રસના જીભ વગરનાને સહાયતા કરે તો રસના

(રસનેન્દ્રિય) નિરોગી, મધુર અને લાવણ્યમયી થાય. (જીભ મળે તો જ બેઇન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે.)

**પ્ર-૧૦** હાથની ખામી શાથી થાય ?

**ઉ.** તદુપાંગનામકર્મના અનુદયથી તેમજ બીજાના હાથ છેદે, ખોટાં તોલાં-ખોટાં માપાં વાપરે, ખોટા લેખ લખે. ખોટાં શાસ્ત્ર બનાવે, ચોરી કરે, ઠૂંઠા કે હાથ વગરનાની હાંસી કરે, બીજાના હાથને દુઃખ દે, ભેદે, મરડે, મચડે, પક્ષીઓની પાંખ કાપે, તો હાથ વગરનો થાય, હાથની ખામીવાળો થાય.

**પ્ર-૧૧** હાથ મજબૂત અને નિરોગી ક્યારે થાય ?

**ઉ.** બાહુઅંગ નામકર્મના ઉદયથી. તેમજ દાન દે, ખોટી લેણદેણ ન કરે, ખોટા લેખ ન લખે, પવિત્રધર્મની વૃદ્ધિ થાય તેવા લેખ લખે, માલિકે નહિ આપેલી વસ્તુઓ હાથમાં લે નહિ, હાથ ન હોય તેને મદદ કરે તો; રોગ રહિત અને બળવાન હાથ પામે.

**પ્ર-૧૨** પગની ખામીવાળો શાથી થાય ?

**ઉ.** પાદ અંગનામકર્મના અનુદયથી. રસ્તો છોડીને (ખોટા રસ્તે) ચાલે, હિંસા વગેરે પાપના કામમા આગેવાની લે, ધર્મના કાર્યમાં પીછેહઠ કરે, કાચી માટી, કાચું પાણી, લીલોતરી, કીડીઓના દર વગેરેને પગથી દાબે, નાના મોટા જીવોના પગ તોડે, લૂલા લંગડાની મશ્કરી કરે, ચોરી છિનાલી વગેરે કુકર્મોમાં પ્રવર્તે તો લૂલો-પાંગળો થાય.

**પ્ર-૧૩** પગ મજબૂત શાથી થાય ?

**ઉ.** પાદઅંગ નામકર્મના ઉદયથી. ખોટા રસ્તે જાય નહિ, બીજા જતા હોય તેમને બચાવે, જીવ વગેરેનાં ચિત્રોવાળા પદાર્થ

ઉપર પગ મૂકે નહિ, લૂલાં લંગડાને સહાય કરે તો રોગ રહિત અને બળવાન પગ પામે.

**પ્ર-૧૪** નિર્ધન-દરિદ્રી શાથી થાય ?

**ઉ**. લાભાંતરાયના ઉદયથી તથા ઐશ્વર્ય અને ઉચ્ચગોત્રના અનુદયથી. ચોરી, દગો અને ઠગાઈથી ધન કમાય. પૈસાદાર પર ખાર રાખે. પૈસાદારને નિર્ધન કરવા ઇચ્છે, મહેનત કરીને લોકો જે કાંઈ કમાયા હોય તે લૂંટી લે અને ઘર, અન્ન, વસ્ત્રથી તેમને દુ:ખી કરે, ગરીબોને કઠોર વચનો કહે, ખોટાં આળ ચડાવે અને ફસાવે, ગરીબોની આજીવિકાનો ભંગ કરે, સાધુ હોવા છતાં પૈસા રાખે, બીજાની કમાણીમાં પથરા નાખે, થાપણ પચાવી પાડે, આ બધાં પાપોથી નિર્ધનપણું મળે છે. બીજાનાં દ્રવ્યનો નાશ કરે તે તે રીતે તેના દ્રવ્યનો નાશ થાય છે.

**પ્ર-૧૫** પૈસાદાર શાથી થવાય છે ?

**ઉ**. લાભાન્તરાયકર્મના ક્ષયોપશમથી તથા ઐશ્વર્ય-ઉચ્ચગોત્રના ઉદયથી. ગરીબોની દયા રાખે, તેમને મદદ કરે. બીજાને પૈસાદાર થતો જોઈ હર્ષ પામે. મળેલાં નાણાં પર મમત્વભાવ ઓછો કરી તેમાંથી દાન-પુણ્ય, ધર્મનો ઉદ્યોત, દીનઅનાથને મદદ વગેરે સારા કામોમાં ધન ખર્ચે; તેથી પૈસાદાર થવાય છે.

**પ્ર-૧૬** વાંઝીઓ શાથી થાય છે ?

**ઉ**. અંતરાયકર્મના ઉદયથી. પશુ, પંખી અને મનુષ્ય વગેરેનાં અનાથ બચ્ચાંને, જૂ-લીખને મારે, ઇંડાં ફોડે, પુત્રવંત ગૃહસ્થોને દેખી દ્વેષ કરે, ગાય ભેંસ વગેરેનાં બચ્ચાંને દૂધ પીતાં ખેંચી લે, અગર વેચી નાખી વિયોગ પડાવે, બીચારણના ગર્ભ (મીંજ) કઢાવે, આ બધાં પાપોથી વાંઝીયાપણું પામે.

**પ્ર-૧૭** પુત્રવંત શાથી થાય ?

**ઉ.** અંતરાયકર્મના ક્ષયોપશમથી. પશુ, પક્ષી, મનુષ્ય વગેરેનાં અનાથ બચ્ચાનું રક્ષણ - પાલન કરે અને જિંદગી સુધી તે બાળકો પોતાનો નિર્વાહ કરી શકે તેવાં બનાવે; તો બહુ પુત્રવાન થાય.

**પ્ર-૧૮** કુપુત્રવંત (ખરાબ દીકરાના પરિવારવાળો) શાથી થાય ?

**ઉ.** બીજાના દીકરાઓને આડું અવળું સમજાવી માબાપનો અવિનય કરાવે, પિતા-પુત્રના ઝઘડા જોઈ ખુશી થાય, મા-બાપ અને છોકરામાં કુસંપ કરાવે, પોતાના માતાપિતાને દુઃખ આપે, ઋણ (દેવું) અને થાપણ દબાવે તો પુત્રો, કુપુત્ર થાય.

**પ્ર-૧૯** સુપુત્રો શાથી થાય ?

**ઉ.** પોતે માત-પિતાની ભક્તિ કરે, બીજાને ભક્તિ કરવાનો બોધ કરે, પુત્રોને ધર્મ માર્ગમાં જોડે, સુપુત્રોને જોઈ હરખાય તો સુપુત્રવાળો થાય.

**પ્ર-૨૦** કુભારજા શાથી મળે ?

**ઉ.** પતિ-પત્નીમાં કલેશ કરાવે, વર-વહુને કજીયા કરતા જોઈ હર્ષ પામે, સ્ત્રીઓને ભોળવે, તેને વ્યભિચારિણી બનાવે, સતી સ્ત્રીઓની નિંદા કરે, તેના પર કલંક ચડાવે અને બીજાની સારી સ્ત્રી દેખી દુઃખી થાય તો; કુભારજા મળે.

**પ્ર-૨૧** સુભાર્યા (સતી સ્ત્રી) શાથી મળે ?

**ઉ.** પોતે શિયળ પાળે, વ્યભિચારિણી સ્ત્રીઓના સમાગમમાં ન રહે અને વ્રત ભાંગે નહિ, કુલટા સ્ત્રીઓને સુધારે, સતી

સ્ત્રીઓનાં વખાણ કરે, તેમને મદદ કરે, અને વર-વહુના વિરોધ મટાડે તો; સતી સ્ત્રી મળે.

**પ્ર-૨૨** માનભંગ (માનહીન) શાથી થાય ?

**ઉ.** અપયશ નામકર્મ અને અનાદેય નામકર્મના ઉદયથી. બીજાનાં માનનું ખંડન કરે, માતા, પિતા, ગુરુ, વૃદ્ધ વગેરેનો વિનય ન કરે, ગરીબ અને બુદ્ધિહીનનો તિરસ્કાર કરે, પોતાના શત્રુનું અપમાન સાંભળી ખુશી થાય. પોતાના મોઢે પોતાનાં વખાણ કરે, પોતાના ગુણની બડાઈ કરે, ગુણવાનનો દ્વેષ કરે, ગુણીજનને બીજાઓ નમતા હોય તો તેને અટકાવે અને સ્વચ્છંદપણે વર્તે તેથી માનહીન થાય.

**પ્ર-૨૩** માનવંત શાથી થાય ?

**ઉ.** આદેય અને યશનામકર્મના ઉદયથી. શ્રીતીર્થંકરદેવ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, ગુણી, ધર્મમાં દીપક સમાન તેમના ગુણ દીપાવે, તેમનો વિનય-ભક્તિ કરે, તેમની કીર્તિ સાંભળી રાજી થાય, તેમને પોતે વંદના કરે ને બીજા પાસે કરાવે, પોતે ગુણીજન છતાં ગુણો છુપાવે, હંમેશાં પોતે નમ્ર રહે; તે સન્માન પામે.

**પ્ર-૨૪** રોગી શાથી થાય ?

**ઉ.** અશાતાવેદનીય અને અંતરાયકર્મના ઉદયથી. તેમજ રોગીઓને સંતાપે, તેની નિંદા અને હાંસી કરે, ઔષધ દેવામાં અંતરાય નાખે, બીજાના રોગ વધારી અશાતા ઉપજાવવાનો ઉપાય કરે, અને સાધુમહારાજનાં મલિન વસ્ત્ર દેખી દુર્ગંછા (છિટ્ છિટ્) કરે; તો રોગિષ્ટ થાય.

**પ્ર-૨૫** નિરોગી કાયા શાથી મળે ?

ઉ. શાતાવેદનીયકર્મના ઉદયથી તથા અંતરાયકર્મના ક્ષયોપશમથી. ગરીબને, દુ:ખી માણસોને રોગી દેખી તેની દયા આણે તથા સુખ ઉપજાવે, સાધુ અને સાધ્વીઓને ઔષધનું દાન દે તો; તે નિરોગી થાય.

**પ્ર-૨૬** બળહીન કાયા શાથી મળે ?

ઉ. વીર્યાંતરાયના ઉદયથી. ગરીબોને દુ:ખ આપે, તેમની સાથે ઝઘડા કરે, તેમને મારે-બાંધે અને પોતાના બળનો ગર્વ કરે તો; તે નબળો થાય.

**પ્ર-૨૭** બળવાન શાથી થાય ?

ઉ. વીર્યાંતરાયના ક્ષયોપશમથી. ગરીબ અને અનાથ જીવો પર દયા રાખી તેમને શાંતિ ઉપજાવે, સંકટમાં સહાય કરે અને અન્નવસ્ત્ર વગેરે આનંદથી આપે; તો બળવાન થાય છે.

**પ્ર-૨૮** કાયર શાથી થાય છે ?

ઉ. ભયમોહનીયકર્મના ઉદયથી. બીજા જીવોને ભય ઉપજાવે, ધ્રાસ્કો પાડે, આબરૂ લૂંટે, રાજા, પંચ, ચોર, સૂર્ય, ઝેર, અગ્નિ, પાણી, દેવ, ભૂત વગેરે ભયંકર વસ્તુઓનું નામ લઈ બીજાને બીવરાવે, પશુઓને ત્રાસદાયક બનાવીને અથવા ચમકાવીને રાજી થાય તેથી કાયરપણું પામે છે.

**પ્ર-૨૯** શૂરવીર શાથી થાય ?

ઉ. ભયમોહનીયના અનુદયથી અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી. દીન, દુ:ખી અને અપરાધીને અભયદાન દઈને ભયથી બચાવે અને ઉપદ્રવ મટાડે તો શૂરવીર થાય.

**પ્ર-૩૦** મૂર્ખ શાથી થાય છે ?

**ઉ.** જ્ઞાનાવરણના ઉદયથી. વિદ્વાનો અને પંડિતોની હાંસી, નિંદા, અવિનય, આશાતના કરે, જ્ઞાનના ફેલાવામાં અંતરાય નાખે, જ્ઞાનનાં પુસ્તકો અને સાધનોનો નાશ કરે, જ્ઞાનનો તથા જ્ઞાનીનો તિરસ્કાર કરે, જ્ઞાનની ચોરી કરે, સાચાં શાસ્ત્રોને જૂઠાં બનાવે, જૂઠાંને સાચાં બનાવે; તો મૂર્ખ થાય છે.

**પ્ર-૩૧** પંડિત શાથી થાય ?

**ઉ.** જ્ઞાનાવરણના ક્ષયોપશમથી. વિદ્યાદાન કરે, વિદ્યાના ફેલાવામાં તન, મન, ધન ખર્ચે, વિદ્વાનોનો મહિમા વધારે અને ધર્મનાં પુસ્તકો તથા સાધનો મફત ફેલાવે; તો તે પંડિત થાય.

**પ્ર-૩૨** કુરૂપવાન શાથી થાય ?

**ઉ.** અપ્રશસ્તવર્ણ નામકર્મના ઉદયથી. પોતે રૂપવાળો હોય ને અભિમાન કરે, બીજા સ્વરૂપવાન હોય તેની નિંદા કરે, કદરૂપાની હાંસી કરે, અપમાન કરે અને આળ ચડાવે, વળી બહુ શણગાર સજે તો તે કુરૂપવાન થાય.

**પ્ર-33** સ્વરૂપવાન શાથી થાય છે ?

**ઉ.** પ્રશસ્તવર્ણ નાામકર્મના ઉદયથી. પોતાની સુંદરતાનો ગર્વ ન કરે, સુંદર સ્ત્રીઓ વગેરેને વિકાર દૃષ્ટિથી ન જુએ, કદરૂપાનો તિરસ્કાર ન કરે, શિયળ પાળે તો સ્વરૂપવાન થાય છે.

**પ્ર-૩૪** ધનવાન છતાં ધનનો ઉપભોગ શાથી ન કરી શકે ?

**ઉ.** ભોગાંતરાય-ઉપભોગાન્તરાયના ઉદયથી. બીજાઓને ખાવા, પીવા, વસ્ત્ર અને આભૂષણનો અંતરાય કરે. પોતે સમર્થ થઈને ભોગ ભોગવે અને આશ્રયે રહેલાને ભોગવવા ન દે. બીજાને ભોગ અને ઉપભોગ ભોગવતાં જોઈ બળ્યા કરે; તો ધન મળવા છતાં ભોગવી શકે નહિ.

**પ્ર-૩૫** સુખી વિલાસી શાથી થાય ?

**ઉ.** ભોગાન્તરાય, ઉપભોગાંતરાયના ક્ષયોપશમથી. પોતાને મળેલી ભોગ-ઉપભોગની સામગ્રી ભોગવે નહિ, પોતાને ભોગવવાની વસ્તુઓ દાનપુણ્યમાં તથા સાધર્મિકોને દઈને તેમનું પોષણ કરે; તો ઇચ્છિત ભોગ ભોગવી શકે.

**પ્ર-૩૬** લાંબી આવરદા શાથી પામે ?

**ઉ.** દીર્ઘાયુકર્મના ઉદયથી. દ્રવ્ય દઈ કસાઈના હાથમાંથી જીવોને છોડાવે, તે જીવોને ખાન, પાન, સ્થાનની સહાયતા આપે, બંદીવાનને છોડાવે, સંસારનાં કામ પર ઉદાસીનતા રાખી વર્તે, દયાભાવ રાખે, ગરીબ અને અનાથને મદદ કરે, સાધુને નિર્દોષ-શુદ્ધ આહાર વગેરે આપે; તો લાંબી આવરદાવાળો થાય.

**પ્ર-૩૭** ઓછી આવરદાવાળો શાથી થાય ?

**ઉ.** અલ્પ આયુષ્યકર્મના ઉદયથી. જીવઘાત કરે, ગર્ભ ગળાવે, આજીવિકાનો નાશ કરે, જૂ, માંકણ વગેરેને મારે, સાધુને ખરાબ અને દુઃખકારી આહાર વગેરે આપે, શુદ્ધ-આહાર લેનાર સાધુને અશુદ્ધ આહારાદિ આપે, અગ્નિ, ઝેર, હથિયાર વગેરેથી જીવોને મારે; તો અલ્પાયુષી થાય.

**પ્ર-૩૮** હંમેશાં ચિંતાતુર શાથી રહે ?

**ઉ.** ભયમોહનીય આદિના ઉદયથી. ઘણા જીવોને ચિંતા ઉપજે એવી વાતો કર્યા કરે, તો સદા ચિંતાતુરપણું પામે.

**પ્ર-૩૯** સદા નિશ્ચિંત (ચિંતા રહિત) શાથી રહે ?

**ઉ.** ભયમોહનીયના અનુદયથી. બીજાની ચિંતા મટાડે, ધર્માત્મા જીવોને જોઈ ખુશી થાય, દુઃખથી પીડાતા જીવોને સંતોષ ઉપજાવે; તો હંમેશાં નિશ્ચિંત રહે.

**પ્ર-૪૦** દાસપણું શાથી પામે ?

**ઉ.** દાસત્વ આદિ નીચગોત્રના ઉદયથી. નોકરોને બહુ પીડા આપે, તેનાથી બહુ કામ લે, કુટુંબપરિવાર અને લશ્કરનું અભિમાન રાખે તો ઘણા માણસોનો દાસ બને.

**પ્ર-૪૧** માલિક (શેઠ) શાથી બને ?

**ઉ.** ઐશ્વર્યાદિ ઉચ્ચગોત્રના ઉદયથી. ધર્મી જીવોની અને તપસ્વીઓની વૈયાવચ્ચ કરે, ધર્માત્મા અને દુ:ખી માણસોનું પોષણ કરે, બીજાની પાસે ધર્માત્મા જીવોની સેવાભક્તિ કરાવે, તેની સેવા કરનારાને જોઈ ખુશી થાય; તો તે ઘણા માણસોનો શેઠ બને.

**પ્ર-૪૨** નપુસંક શાથી થાય ?

**ઉ.** નપુંસકવેદના ઉદયથી. નપુંસક માણસના નાચ, ગાયન, ઠઠ્ઠા-મશ્કરી દેખી ખુશી થાય. પુરુષને બાઈડીનો વેષ પહેરાવી નાચ કરાવે, બળદ, ઘોડા, વગેરે પશુના અને માણસના લિંગ છેદન કરે (ખસી કરે), નપુંસકની સાથે વિષયનું સેવન કરે, પોતે નપુંસક જેવા ચાળા કરે, સ્ત્રી-પુરુષનો મેળાપ કરવાની દલાલી ખાય. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય જીવની હિંસા કરે; તો તે નપુંસક થાય.

**પ્ર-૪૩** સ્ત્રી શાથી થાય ?

**ઉ.** સ્ત્રીવેદના ઉદયથી. સ્ત્રીસંબંધી વિષયોમાં ઘણો આસક્ત રહે, પુરુષ છતાં સ્ત્રીનું રૂપ બનાવે, સ્ત્રીઓની જેમ ચાળા કરે, અથવા માયા-કપટ કરે; તો સ્ત્રી થાય.

**પ્ર-૪૪** નિગોદમાં શાથી જાય ?

ઉ. સાધારણનામકર્મના ઉદયથી. દેવ, ગુરુ, ધર્મની નિંદા કરે અને કંદમૂળ ખાય તો નિગોદમાં જાય.

**પ્ર-૪૫** એકેન્દ્રિય શાથી થાય ?

**ઉ.** સાધારણ નામકર્મના ઉદયથી. પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિ, કંદમૂળ, વૃક્ષ, ઘાસ, ફૂલ અને પત્રનું છેદન ભેદન કરે; તો એકેન્દ્રિય થાય.

**પ્ર-૪૬** વિકલેન્દ્રિય શાથી થાય ?

**ઉ.** વિકલેન્દ્રિયજાતિ નામકર્મના ઉદયથી. નિર્દયતાથી ત્રસ જીવોનો ઘાત કરે, અનાજનો ઘણા વખત સુધી સંગ્રહ કરે, ત્રસ જીવ ઉપજે એવી ચીજોનો સંગ્રહ કરી-પછી તે જીવોનો ઘાત કરે, મચ્છર, માંકણ, વગેરે જીવોને ટાળવા માટે ધુમાડા વગેરે કરીને તેને મારે, જેમાં ત્રસ જીવ ઉપજે એવાં બોર વગેરેનું ભક્ષણ કરે, અને ખાળ કુંડી-મોરીમાં પેશાબ કરે તો તે મરીને વિકલેન્દ્રિય જીવ થાય.

**પ્ર-૪૭** આજીવિકા (ગુજરાન) માટે પરદેશગમન શા માટે કરવું પડે ?

**ઉ.** અંતરાયકર્મના ઉદયથી. ભિખારીઓને બહુ જ તરફડાવીને પછી દાન આપે, નોકરોના પગાર પણ કાલાવાલાં કરાવીને આપે, ધર્મ ખાતાનો પૈસો ઘણો વખત ઘરમાં રાખે, ખેપીઆને બહુ રખડાવે; તો પરદેશ ભમીને આજીવિકા કરવાનો વખત આવે.

**પ્ર-૪૮** દેશમાં રહી સુખે સુખે ગુજરાન શી રીતે ચાલે ?

**ઉ.** અંતરાયકર્મના ક્ષયોપશમથી. ધર્માત્મા જીવોને ઘેર

બેઠાં આહાર, વસ્ત્ર વગેરે પહોંચાડી મદદ આપે. એમની પાસેથી ધર્મની વૃદ્ધિ કરાવે, પોતે સ્થિરચિત્તે ધર્મધ્યાન કરે, એવી રીતે ધર્મધ્યાન કરતો હોય તેવા સ્થિર ચિત્તવાળાના વખાણ કરે; તો ઘેર બેઠા સુખે આજીવિકા મળે.

**પ્ર-૪૯** કપટ કરીને પેટ ભરવું પડે એ શાથી ?

**ઉ.** કપટભાવથી ગરીબ માણસોને દાન આપે, મુનિમહારાજને પ્રેમ-ભક્તિ વગર દાન આપે, ચોર-લુચ્ચા વગેરેને પ્રોત્સાહન આપી પોતાની આજીવિકા ચલાવે, એવાઓની પ્રશંસા કરે, પ્રામાણિકપણે ગુજરાન ચલાવનાર ઉપર આળ ચડાવે; તો મહામુસીબતે અને કપટ કરી ગુજરાન ચલાવવું પડે.

**પ્ર-૫૦** પ્રામાણિકપણે આજીવિકા કોણ કરે ?

**ઉ.** સરળ ભાવથી, વિનયસહિત, ધર્મી જીવને આહાર પાણી વગેરે આપે. ગરીબોની રક્ષા કરવી પડે, નિર્દોષ આજીવિકા ન મળવાથી ભૂખ તૃષા વગેરે પરિષહ સહન કરવા પડે; છતાં ખોટા વેપાર ન કરે તો સરળપણે અને સુખે સુખે કમાણી કરી શકે અને પ્રામાણિકપણે આજીવિકા ચલાવી શકે.

**પ્ર-૫૧** જાતિસ્મરણજ્ઞાન અને અવધિજ્ઞાન શાથી થાય ?

**ઉ.** મતિજ્ઞાનાવરણકર્મના તથા અવધિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી. તપ-સંયમ પાળ્યો હોય, જ્ઞાની મહાત્માની સેવાભક્તિ કરી હોય, જ્ઞાનનો મહિમા અને બહુમાન વધાર્યું હોય; એને જાતિસ્મરણ તથા અવધિજ્ઞાન ઉપજે છે.

**પ્ર-૫૨** વ્રત પચ્ચક્‌ખાણ કેમ ન કરી શકે ?

**ઉ.** અપ્રત્યાખ્યાનાવરણકર્મના ઉદયથી. બીજાનાં વ્રતનો

ભંગ કરાવે, શુદ્ધ વર્તનારને દોષ લગાડે, બીજાને વ્રત ભાંગતો જોઈ રાજી થાય, વ્રત લઈ પરિણામની ધારામાં સંકલ્પ-વિકલ્પ કરે, વારે વારે વ્રત ભાંગે તો વ્રત પચ્ચક્ખાણ કરી શકે નહિ.

**પ્ર-૫૩** શિયળવંત શાથી થાય ?

**ઉ.** ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી. શિયળ પાળે, શિયળવ્રતની પ્રશંસા કરે, એને સહાય કરે, વ્યભિચારીઓનો સંગ મૂકી દે; તો શિયળવંત થાય.

**પ્ર-૫૪** શ્રીમંત શાથી થાય ?

**ઉ.** ઐશ્વર્ય-ઉચ્ચગોત્રના ઉદયથી તથા લાભાંતરાયના ક્ષયોપશમથી, સુપાત્રે શુદ્ધ દાન દેવાથી; શ્રીમંત થાય.

**પ્ર-૫૫** માગવા છતાં વસ્તુ મળે નહિ તે ક્યા કારણથી ?

**ઉ.** ધનવાન છતાં દાન દે નહિ અને આશ્રિતજનોને રંકની જેમ આજીજી કરાવે તો.

**પ્ર-૫૬** બાળવિધવા શાથી થાય ?

**ઉ.** ઉપભોગાન્તરાય આદિના ઉદયથી. પોતાના પતિને મારી નાંખી વ્યભિચાર સેવવાથી તથા ધણીનું અપમાન કરવાથી.

**પ્ર-૫૭** મરેલાં છોકરાં શાથી અવતરે ?

**ઉ.** પશુ અને પંખીનાં બચ્ચાંને મારવાથી તથા ઇંડા લીખોને ફોડી નાખવાથી, ઊગતી વનસ્પતિનાં કૂંપળો ચૂંટી કાઢવાથી.

**પ્ર-૫૮** પુત્રનો વિયોગ શાથી થાય ?

**ઉ.** અંતરાયકર્મના ઉદયથી. ગાય, ભેંસનાં બચ્ચાંને દૂધ ન પાય અને પશુ-પંખીના બચ્ચાંને મારે તો.

**પ્ર-૫૯** નાનપણમાં મા બાપ શાથી મરે ?

**ઉ.** અંતરાયકર્મના ઉદયથી. શરણે આવેલાનો ઘાત કરે અને માત-પિતાનું અપમાન કરે તો.

**પ્ર-૬૦** મૂંગો શાથી થાય ?

**ઉ.** જ્ઞાનાવરણ તથા દર્શનાવરણકર્મના ઉદયથી. જૂઠી સાક્ષી પૂરે અને ગુરુને ગાળો દે તો.

**પ્ર-૬૧** ઉત્તમ જાતિનો મનુષ્ય થઈ ભીખ કેમ માગે ?

**ઉ.** અંતરાયકર્મના ઉદયથી. માતાપિતા અને ગુરુને મારે તથા તેમનું અપમાન કરે તો.

**પ્ર-૬૨** સ્ત્રી મરીને પુરુષ શાથી થાય છે ?

**ઉ.** પુરુષવેદના ઉદયથી. સત્ય, શિયળ, સંતોષ અને વિનય વગેરે ગુણો ધારણ કરવાથી.

**પ્ર-૬૩** દેવ કોણ થાય ?

**ઉ.** દેવાયુ આદિ કર્મોના ઉદયથી. સાધુ, શ્રાવક, તાપસ અને અકામ (મન વિના) નિર્જરા કરનાર.

**પ્ર-૬૪** લક્ષ્મી સ્થિર શાથી રહે ?

**ઉ.** સાધુ મુનિરાજને દાન દઈને પશ્ચાતાપ ન કરે તો.

**પ્ર-૬૫** તપશ્ચર્યા શાથી ન કરી શકે ?

**ઉ.** વીર્યાંતરાયકર્મના ઉદયથી. તપ અને જપ કરવાનું અભિમાન કરે તથા તપ કરનારને અંતરાય પાડે તો.

卐

# તૃષ્ણા-ખણજનું વિજ્ઞાન

જૈનદર્શન તો શું પણ યોગદર્શન ન્યાયદર્શન વગેરે પણ કહે છે કે "ઇન્દ્રિયોથી અનુભવાતા વિષયસુખો અને પૈસા પ્રતિષ્ઠા પરિવાર વગેરેના સાંસારિક સુખો દુઃખરૂપ છે. માટે જ એ વિવેકીને ત્યાજય લાગે છે; ને આવા સંસારથી મુક્ત થવાની યાને મોક્ષ પામવાની એને લગની જાગે છે, અર્થાત્ એ મુમુક્ષુ બને છે."

ત્યારે અહીં સહેજે પ્રશ્ન થાય કે ઉપરોક્ત સુખોમાં સુખનો ચોકખો અનુભવ થાય છે પછી તત્ત્વવેત્તાઓ એને દુઃખરૂપ કેમ કહે છે ?

આનું સમાધાન એ છે કે, –

(૧) એક તો આ કે એવા સુખના અનુભવ ગમવા પર જે પાપકર્મ બંધાય છે એના પરિણામ ભયંકર દુઃખદ આવે છે. એટલે 'જેનું છેવટ ભૂંડું, તે ભૂંડું,'- એ ન્યાયે શ્લેષ્મ પર બેઠેલ માખીને થતા સુખની જેમ એ સુખો ખરેખર દુઃખ જ છે. આ તો ભવિષ્યની દૃષ્ટિએ. પણ

(૨) બીજી વર્તમાન વાત આ છે કે એ વિષયસુખો અને બીજા સાંસારિક સુખો ભૂખ-તૃષ્ણારૂપી ખણજમાંથી ઊઠે છે. માટે જ એ ખરેખર સુખ નથી પરંતુ ખણજના દુઃખનો ક્ષણિક પ્રતિકારમાત્ર છે, એટલે ક્ષણ પછી નવી ખણજનું દુઃખ ઊભું કરનાર છે.

શરીરે ખસ-ખરજવાનું દરદ હોય અને ચળ-ખણજ ઊપડે તો જ એના પર ખણવાનું સુખરૂપ લાગે છે. પરંતુ એ દરદ મટી

ગયા પછી ખણવામાં કાંઈ જ સુખ લાગતું નથી. એ બતાવે છે કે પહેલાં ખણવામાં જે સુખ લાગતું હતું તે ખણજ ઉપડવાને આભારી હતું ને તે ય ખણજ મિટાવવા પૂરતું જ, ખણજ મટી કે સુખ બંધ. અર્થાત્ એ સુખ તો ખણજનો પ્રતિકારમાત્ર હતું, ખરેખર સુખ નહિ.

એવું વૈષયિક-સાંસારિક સુખ પૂર્વે ભૂખ-ઇચ્છા-તૃષ્ણા ઉપડવા પર જ સુખરૂપ લાગે છે, એ મટ્યા પર નહિ. ભૂખ પર જ સુંદર પક્વાન-ભોજન સુખ લગાડે, પણ ભૂખ શમી ગયા પછી જરાય સુખ નથી દેખાડતું. એટલે એ સુખ વસ્તુગત્યા ભૂખની ખણજ તત્કાળ મિટાવવારૂપ છે, પણ ખરેખર સુખરૂપ નહિ. પાછો થોડો સમય વીત્યે ભૂખ-ખણજ ઊભી જ છે ! ને એને મિટાવવાની વેઠ ચાલુ !

તૃષ્ણારૂપી ખણજનું કામ જ આ, કે એને વિષયસંયોગથી ખુશમિશાલ નિવારવા જાઓ એટલે એ પોતાના ઘેરા સંસ્કાર આત્મામાં નાખીને જાય. એવા વારંવારના સંસ્કાર પછી આગળ નવી નવી સતેજ તૃષ્ણા-ચળ ઊભી કરવાના. એ પાછી એમ જ મિટાવવા જતાં નવા નવા સંસ્કાર પોષતી જશે આ બધું દુઃખરૂપ નહિ તો બીજું શું છે ?

માટે જુઓને, કીડી, મંકોડા, માખી વગેરેને એવી જીવલેણ સતત તૃષ્ણા કેમ ? કારણ આ જ, કે એ જીવોએ પૂર્વે કોઈક મનુષ્યભવમાં તૃષ્ણા-ખણજોને વિષયસંયોગોના માનેલા સુખથી ખુશમિશાલ ક્ષણવાર મિટાવેલી તેથી ઘેરો સંસ્કારસંચય ઊભો કરેલો. તે હવે અહીં એને કીટયોનિમાં પીડ્યા જ કરે છે, પીડ્યા જ કરે છે એ તૃષ્ણા પાછળ દોડતાં ભયંકર છૂંદાઈ, પીસાઈ કે ડૂબી-સળગી મરવાના કુમૃત્યુના કારમાં દુઃખ

**અનેકાનેક વાર પામવા પડે છે ! વિષયતૃષ્ણાની ચળમાં ભયંકર મોત સુધીનાં દુઃખ પામતા પશુ-પંખી-કીડાઓને આપણે જોઈએ ત્યારે આપણામાં જો પ્રજ્ઞા હોય તો મનને એમ થાય કે**

'અરે ! બિચારા આ પામર જીવોએ પૂર્વે અમારા જેવા કોઈક માનવભવમાં તૃષ્ણા-ખણજને વિષય-સંયોગો અને એની આશાઓથી પોષ્યા કરી હશે, એના કુસંસ્કાર અને પાપોના આ કટુફળરૂપ સતત પાપી તૃષ્ણા અને દુઃખોમાં એ રીબાઈ રહ્યા છે ! તો પછી અમારી પણ, આ ભવનો ખેલ પૂરો થતાં, કઈ દશા ? કઈ વલે ?'

**માટે લાવ, એ ગોઝારી તૃષ્ણા-ખણજને હવે વિષયસંયોગોથી મિટાવવાના મૂર્ખ પ્રયત્નને બદલે ત્યાગના ને વ્રતનિયમના સતત પુરુષાર્થના અભ્યાસથી મોળી પાડતો જાઉં.**

આ ઉત્તમ જીવનમાં જેણે આ ઉત્તમ પુરુષાર્થ આદર્યે રાખ્યા છે એના જીવનમાં નજરે દેખાય છે કે તૃષ્ણાખણજના જે શમન વિષયસંપર્કોથી નહોતા, તે શમન ત્યાગ-વ્રત-નિયમ-તપસ્યાથી થયેલા છે. એમાંય કેટલાક ભાગ્યશાળીને પૂર્વ ભવની એ કમાઈના હિસાબે અહીં સહેજે સહેજે તૃષ્ણાખણજો જ ઓછી ઊઠે છે, મંદ ઊઠે છે, ને અમારા જેવા ખોટા ઓરતા-અભરખા-લાલસાઓ જાગતી નથી. તો હું પણ હવે આ સત્ પુરુષાર્થમાં લાગુ.

દુઃખી પશુ-પંખી-કીડાઓની પૂર્વ માનવભવની બરબાદી વિચારી આ જાગૃતિ આવે.

હવે એક બીજી દૃષ્ટિએ જોઈએ.

તૃષ્ણા જાગે કે 'હું પેલું રૂપ જોઉં. રસ ચાખું, ગીત સાંભળું...' એ શું છે ? એક પ્રકારની અશાતામાંથી જન્મતી ઝંખના જેવી

રીતે ભૂખની અશાતામાંથી ખાવાની ઇચ્છા ઊભી થાય છે; એમ સારું જોવા-સાંભળવાની ખણજની અશાતામાંથી એની ઇચ્છા ઊભી થાય છે. એ ભૂખ-ખણજ જો જોરદાર, તો જીવને એની પાછળની ઇચ્છા તૃષ્ણા પણ જોરદાર.

**પ્ર.** - તો શું આ ખણજો પાછળ મોહ કામ નથી કરતો ?

**ઉ.** - કરે છે, તૃષ્ણા મોહથી જાગે છે પરંતુ શાતા-અશાતા કેવું કામ કરે છે એ જોવા જેવું છે. ભિન્ન ભિન્ન દેવલોકના દેવોના દૃષ્ટાંતથી આ વિશેષ સ્પષ્ટ થશે. બૃહત્સંગ્રહણી તત્ત્વાર્થ મહાશાસ્ત્ર વગેરે શાસ્ત્રો બતાવે છે કે વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવોને મનુષ્યની માફક કામવિકારોની ખણજ અને સંભોગક્રિયા હોય છે. પરંતુ ૩ જા ૪ થા સ્વર્ગના દેવોને માત્ર ગીતશ્રવણ રૂપદર્શન અને સ્પર્શની વિકાર-ખણજ તથા ભોગ હોય છે ત્યારે ૫ મા ૬ ઠ્ઠાવાળાને કેવળ ગીતશ્રવણ ને રૂપદર્શનના, તેમજ ૭ મા ૮મા વાળા દેવોને માત્ર ગીતશ્રવણના કામવિકાર-ભોગ હોય છે. ૯ મા થી ૧૨મા સ્વર્ગ સુધીના દેવોને માત્ર દેવીસ્મરણ જેટલો જ કામવિકાર હોય છે. ત્યારે ઉપરના નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી દેવોને વિકાર જ જાગતો નથી.

卐

## દેવોને મોહોદય છતાં વિકાર કેમ નહિ ?

હવે અહીં પ્રશ્ન થાય કે શું ઉપર ઉપરના દેવતાઓએ મોહ જીતી લીધો છે ? શું એમને મોહનો ઉદય નથી ? દેવો માત્ર ૪ થા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક સુધી જ ચડી શકે છે, એટલે એમને પૂર્ણ અવિરતિ અર્થાત્ ચારિત્રમોહનીયનો ઉદય છે

જ. તો પછી વિકારોમાં આવી તરતમતા કેમ ? એમાં વળી ઠેઠ ૧૨માની ઉપરવાળાને નિર્વિકાર દશા શાથી ?

આનો ઉત્તર સામાન્યથી એ, કે તે દેવલોકની સ્થિતિ જ તેવી તેવી હોય છે. પરંતુ વિશેષ ઉત્તરમાં એનું રહસ્ય એ છે કે ત્રીજા દેવલોકથી ઉપરવાળા તે તે ૩-૪, ૫-૬, ૭-૮, ૯ થી ૧૨ મા સ્વર્ગના દેવોને ઊંચી ઊંચી માત્રાની શાતાનો ઉદય એવો છે કે ક્રમશઃ સંભોગ-સ્પર્શ-રૂપ અને શબ્દ સંબંધી વિકારની ખણજ જ ઊઠતી નથી.

આ પરથી ફલિત થાય છે કે નીચે નીચે દેવલોકમાં ઓછી ઓછી શાતાના કારણે તેવા તેવા વિકારની ખણજ ઊઠે છે. આનો અર્થ જ એ, કે અશાતાના કારણે વિકાર ખણજ જાગે છે, અને પછી તે તે વિષયના સંપર્કથી ખણજનું શમન અને સુખશાતાનો અનુભવ થાય છે.

એટલે સાંસારિક વિષયસુખો ખરેખર સુખરૂપ નહિ પરંતુ વિકાર-ખણજની અશાતાને કામચલાઉ નિવારવા રૂપ છે, દુઃખનો પ્રતિકાર રૂપ છે, એ સિદ્ધ થાય છે. ખરજવાની ખણજને ચળવાના સુખની જેમ એ વિષયસુખ રોગના ઘરના છે; અને ખરજવાના રોગમાં એ ચળવાની ક્રિયા જેવી રીતે ખરેખર રોગનાશક ઉપાય નહિ, પરંતુ રોગવર્ધક બાલિશ ક્રિયા છે, તેવી રીતે વિષયસંપર્કની ક્રિયા પણ વિકાર-ખણજનો રોગ નિવારવાનો સાચો ઉપાય નહિ કિન્તુ વિકાર રોગવર્ધક એક બાલિશ મૂઢ ક્રિયા છે.

**પ્ર.** - તો અનુત્તરવાસી દેવનું સુખ તો ખણજ વિનાનું નિર્વિકાર દશાવાળું હોઈને સાચું સુખ ખરું ને ?

**ઉ.** - ના, એ પણ કર્મ સાપેક્ષ અને નાશવંત હોઈ સાચું

સુખ નથી. સાચું સુખ તો આત્માના ઘરનું બાહ્યની અપેક્ષા વિનાનું શાશ્વત અનંત અવ્યાબાધ સુખ છે.

તૃષ્ણાખણજનું આ વિજ્ઞાન સૂચિત કરે છે કે સાંસારિક સુખો વાસ્તવમાં તૃષ્ણા અને વિકારની ખણજના પોષનારા હોવાથી તથા પરાધીન અને નાશવંત હોઈ એની ઘેલછા પાછળ જીવન બરબાદ કરવું એ મૂર્ખ આવેશ છે. ડહાપણ એ છે કે વિષયત્યાગના અનેક પ્રકારના વ્રત-નિયમ-પ્રતિજ્ઞાઓ તથા તપસ્યારૂપી ઔષધનો ખૂબ ઉપચાર કરી એ તૃષ્ણા-ખણજોનો રોગ શમાવતા આવવું અને વિષયનિવૃત્તિ તથા તૃપ્તિનું મહાસુખ અનુભવવું.

卐

## કાયાને સુખ એ વિટંબણા છે ?

આજે વિજ્ઞાનની નવનવી શોધોથી કાયા-ઇંદ્રિયોને જ્યારે સુખ મોજ વધી ગઈ છે, ત્યારે મહર્ષિઓના ત્યાગ-સંયમ-નિયમના ઉપદેશ પર દિલ લાગતું નથી. અનેક સગવડ-સાધનોમાં કાયાને બોલબાલા લાગે છે. પરંતુ એના બદલે એમાં જો કાયાની વિટંબણા લાગે તો દિલ ત્યાંથી ઊભગી મહર્ષિઓનાં વચનમાં ઠરે. આ માટે વિચારવા જેવું છે કે, -

જીવન એટલે શું માત્ર શરીર સંભાળવાનું અને એનાં લાલનપાલન કરી લેવા તથા માન સન્માન મેળવી લેવાના ? જો એટલી જ દૃષ્ટિ હોય અને આત્માની સંભાળની કોઈ દૃષ્ટિ ન હોય, જો આત્માનો કોઈ વિચાર જ નહિ, 'તો આમાં પછી એ

વિચારવાનું ક્યાં રહે કે' 'દેહના જ સુખ-સન્માન જોવાનું અને વાસનાવશ કામથી દેહને વિડંબવાનું તો પશુ ય કરે છે, એનાથી ઊંચી કોટિના માનવદેહે પણ એ જ જોવા-વિડંબવાનુ હોય તો મનુષ્ય બનીને શી વિશેષતા થઈ ?'

ખરી રીતે દેહના બદલે આત્મા પર ખાસ દૃષ્ટિ રાખવાની છે. એના હિસાબે જોવા જેવું છે કે (૧) પોતાના આત્માએ કાયાઓ તો ક્યાં મેળવી નથી ? (૨) એ કાયાઓને વાસનાઓ-ખણજો, - વિષયસંપર્કોથી ક્યાં વિડંબી નથી ? (૩) છતાં આજે જીવ એનો એ જ ભૂખારવો કેમ ? (૪) જીવને એ વિષય-ભૂખ સંતોષવા ખાતર કેટકેટલું કરવું પડે છે ? (૫) એ કરીનેય સરવાળે પછી નવી ભૂખ ને નવી લોથ; આ વિટંબણા શા સારું ?

**વિષયોમાં કાયાની વિટંબણા શી ? :-**

(૧) પહેલું તો આ લાગવું જોઈએ કે સારા મનગમતા રૂપ, રસ, વગેરેની ઝંખના જાગે એ કાયાની વિટંબણા છે. એમ એ શોધતાં જવાય, એ આવી મળવા પર આંખ, જીભ વગેરેમાં ટાઢક લાગે. એ કાયાની વિટંબણા છે. મનને થશે કે એમાં વિટંબણા શી ? પણ જુઓ,

(૧) દારૂડિયાને દારૂની ઝંખના થાય, એ શોધતો ફરે, એ મળવા પર એને પીતાં કલેજે ટાઢક લાગે. એ બધું શું કહેવાય ? વિટંબણા કે સ્વસ્થતા ?

**(૨) જાતનું ભાન ભૂલાવે માટે વિટંબણા જ.**

**બસ, રૂપ-રસાદિની ભૂખ અને સંપર્ક તથા મસ્તી લાગવી એ દારૂની જેમ વિટંબણા જ છે.** એમાં જીવ પોતાના અસલી ઉત્તમ નિર્વિકાર સ્વરૂપને ભૂલે છે.

(૨) કુવલયમાળા કથામાં આવે છે કે કુવલયાનંદના પિતા રાજા દૃઢવર્મા પાસે દુશ્મનનો પાંચ વરસનો બાળક લાવવામાં આવે છે, એને પોતાના દીકરા તુલ્ય ગણવાનું આશ્વાસન આપે છે; છતાં એ બાળકને એ વહાલ વગેરે વિટંબણારૂપ લાગે છે; અને એ રુએ છે, રાજા પૂછે છે, - કેમ રુએ ?' એ કહે છે કે 'મારે પરાક્રમી પિતાનો પુત્ર થઈ શત્રુને ત્યાં દયાપાત્ર બનવું પડે છે. આ કેવી વિટંબણા ?' રાજાને ત્યાં રુડુંરૂપાળું મળવાનું છે, છતાં એ દુશ્મનની દયાનું, માટે વિટંબણા લાગે છે. બસ ત્યારે, કાયાને મનગમતા વિષયો ભલે મળ્યા અને એમાં ટાઢક લાગી, કિન્તુ એ વિષયો દુશ્મન કર્મના ઘરના છે, માટે વિટંબણારૂપ લાગે.

**(૨) અરિહંત પરમાત્માના સેવકને દુશ્મન કર્મના દયાપાત્ર બનવું પડે છે; માટે કર્મના ઘરના ગમે તેવા સારા વિષયો મળે છતાં એ વિષયો વિટંબણારૂપ જ લાગે.**

(૩) વળી ભયંકર દરદમાં કુપથ્ય ખાય તો આનંદ તો આવે, પરંતુ પરિણામમાં દરદનું જાલિમ જોર વધી જાય, તેથી ડાહ્યા દરદીને એ કુપથ્યનું આનંદદાયી પણ સેવન વિટંબણારૂપ લાગે છે. એવું કાયાને આનંદદાયી વિષયના સંપર્કમાં છે; કેમકે એથી વાસના-વિકારો અને કર્મનો રોગ જાલિમ વધી જાય છે;

**(૩) ડાહ્યા માણસને આવા રોગવર્ધક વિષયસંપર્કો વિટંબણારૂપ ન લાગે ?**

બસ આ ત્રણ વાત જો બરાબર લક્ષમાં લેવાય કે 'મનગમતા રૂપ-રસ-શબ્દ-ગંધ સ્પર્શની લહેજતમાં (૧) જીવ ભાનભૂલો બને છે, (૨) દુશ્મનભૂત કર્મનો દયાપાત્ર બને છે, અને (૩) પરિણામે

વાસના-વિકાર-કર્મરોગ જાલિમ વધે છે,' તો એની ખણજ, ખોજ, સંપર્ક, અને લહેજત બધું વિટંબણારૂપ જ લાગશે. મન કહેશે કે આ બધું તો કાયાને મોજમજાહ નહિ પણ વિટંબણા છે.

ત્યારે હવે જાતમાં તપાસીએ કે સારાં ખાનપાન મળ્યાં ને જીભ ખુશ થઈ, સારાં ગીતશ્રવણ મળ્યા ને કાનને આનંદ થયો, સ્ત્રીસંપર્ક મળ્યા ને કાયાને મસ્તી લાગી, વગેરે વગેરે વખતે શું મનને એમ થાય છે ખરું કે 'અરે ! આ મારી કાયાની કેવી વિટંબણા છે ? ભગવાનના સેવક છીએ ને ? તો દુશ્મનના દયામણા બની એના ઘરનો માલ ભોગવવામાં વિટંબણા ન લાગે ? વિટંબણાને બદલે મોજમજાહ લાગે તો આપણે અરિહંતના અનુયાયી છીએ ? આપણને સમ્યક્ત્વનો હક ખરો ?' **સમક્તિ લેવા લાંબે જવું પડે એવું નથી. ઘરમાંથી મળે એમ છે; પણ એ માટે વિષયોની બોલબાલામાં વિટંબણ દૃષ્ટિ જોઈએ, કાયાની એ વિટંબણારૂપ લાગવી જોઈએ.**

卐

## વિજ્ઞાન પ્રત્યેનો આંધળો વિશ્વાસ ભયંકર પતન લાવશે

'વિજ્ઞાનના નિર્ણયો સાચા છે અને તેનાથી જ આપણી પ્રગતિ થઈ શકશે, જૂના જમાનાની ધર્મની વાતો આજે બહુ કામની રહી નથી.' આવાં આવાં વાક્યો આજે કર્ણપટ પર અથડાય છે અને તે જાણે ઘણું વાંચ્યા-વિચાર્યા-અનુભવ્યા પછી બોલાતું હોય એવો દેખાવ થાય છે, પણ એમાં બહોળા વાંચન, વિચાર કે અનુભવનું પ્રતિબિંબ નથી, આવા વચનો મોટા ભાગે

વિજ્ઞાન પ્રત્યેના આંધળા વિશ્વાસથી જ બોલાય છે અને આંધળા વિશ્વાસને ક્યો સુજ્ઞ વ્યાજબી ગણશે ?

એક વાત આપણે સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે વિજ્ઞાનના સિદ્ધાંતો દિન પ્રતિદિન બદલાતા જાય છે, તેમાં હજી સુધી સ્થિરતા આવી નથી અને આવવાનો સંભવ પણ નથી. જે વાત ટોલેમીના યુગમાં સત્ય ગણાતી, તે કોમરનિકસના યુગમાં ઊભી રહી નથી અને જે વાત કોમરનિકસના સમયમાં સત્ય ગણાતી તે ન્યુટનના યુગમાં ઊભી રહી નથી, ન્યુટને ગુરુત્વાકર્ષણની શોધ કરી ત્યારે સર્વ વૈજ્ઞાનિકો એમ માનવા લાગ્યા હતા કે આપણને હવે અંતિમ સત્ય જડી ગયું છે અને તેના દ્વારા ભૂગોળ અને ખગોળના તમામ કૂટ પ્રશ્નોનો તેઓ જવાબ આપવા લાગ્યા હતા. પણ આધુનિક યુગના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટીને એ સિદ્ધાંતને શૂન્યવત્ બનાવી દીધો. તે કહે છે કે સંસારમાં આકર્ષણ જેવી તથાકથિત કોઈ વસ્તુ જ નથી, સંસારની જે ઘટનાઓ આપણને આકર્ષણરૂપે સિદ્ધ થતી લાગે છે, તે વાસ્તવમાં પરિભ્રમણશીલ પદાર્થોના વેગજનિત દેશનો જ એક ગુણ છે.'

વિજ્ઞાનના અંધ ભક્તો માને છે કે વિજ્ઞાન પરમ સત્ય છે. પણ વિજ્ઞાન પોતે પોતાના નિર્ણયોમાં સ્વયં શંકિત છે. પ્રકૃત્તિનાં નવાં નવાં રહસ્યોનું જેમ જેમ ઉદ્‌ઘાટન થતું જાય છે, તેમ તેમ પોતાનું અજ્ઞાન કેટલું છે. તે સમજવાની ભૂમિકા બનતું જાય છે. એક સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક કહે છે કે 'We are beginning to appreciate better, and more thoroughly, new great is the rong of our ignourance આપણા અજ્ઞાનનો વિસ્તાર કેટલો

મોટો છે, તે હવે આપણે વધારે સારી રીતે અને વધારે સ્પષ્ટતા પૂર્વક સમજવા લાગ્યા છીએ.'

સર જેમ્સ જીન્સ પોતાના 'મીસ્ટીરિયસ યુનિવર્સ-અદ્દ્ભુત વિશ્વ નામનાં પુસ્તકમાં લખે છે કે 'Science should leave off making pronouncement, the river of knowledge has top obten turned back on it self.' વિજ્ઞાને હવે (અમે રોજ આગળ વધી રહ્યા છીએ એવી) ઘોષણા કરવાનું છોડી દેવું જોઈએ, કારણ કે જ્ઞાનની સરિતા ઘણી વખત પોતાના મૂળસ્રોત તરફ પાછી વળી ચૂકી છે.' અર્થાત્ જે વાતોને પ્રથમ હસી કાઢવામાં આવતી હતી, તે સત્ય પૂરવાર થતી જાય છે અને આપણે તે તરફ પાછું વળવું પડે છે. એક બીજાં ઠેકાણે તે લખે છે કે 'વીસમી સદીનો મહાન આવિષ્કાર 'સાપેક્ષવાદ' કે 'કવન્તમ્' સિદ્ધાંત નથી, અને પરમાણુ વિભાજન પણ નથી, આ સદીનો મહાન આવિષ્કાર એ છે કે વસ્તુઓ જેવી દેખાય છે તેવી તે નથી. અને સાથે સર્વ સંમત વાત એ છે કે આપણે બધા અત્યાર સુધી પરમ વાસ્તવિકતાની પાસે પહોંચ્યા નથી.'

આ બધું વાંચ્યા-વિચાર્યા પછી વિજ્ઞાનના નિર્ણયોને અંતિમ સત્ય માની લેવાની ધૃષ્ટતા કોણ કરશે ? અને જે વસ્તુ અંતિમ સત્ય નથી તેને આંધળા વિશ્વાસથી અનુસરવાનું પરિણામ તો ભયંકર પતન સિવાય બીજું શું આવી શકે ?

ધર્મ જૂના જમાનાનો ભલે હોય પણ તેણે માનવ જાતિને ધૃતિ, ક્ષમા, સંતોષ, અહિંસા, સત્ય વગેરે ઉમદા તત્ત્વો આપ્યાં છે કે જેનાથી મનુષ્ય પોતાની ઉન્નતિ સાધી શકે છે અને પરમ શાંતિ અનુભવી શકે છે. તેની સરખામણીમાં વિજ્ઞાને આપણને

શું આપ્યું છે ? આધ્યાત્મિક અને નૈતિક બળ વિનાના ભૌતિક સાધનોના ઢગલામાં તો મનુષ્ય ગુંગળાઈ જ મરવાનો એનાથી તેને ચિત્તની શાંતિનો અનુભવ કદી પણ થવાનો નહિ.

卐

## વિજ્ઞાનના આકર્ષણમાં તણાવા જેવું નથી.

આજે વિજ્ઞાનનાં આકર્ષણમાં તણાઈ જવાય છે, મનને 'ઓહો !' થઈ જાય છે.

**પ્ર.** - પણ ત્યાં તો ચમત્કાર એ ઇંદ્રજાળ હતી, બ્રહ્મા દેખાયા પણ ઘડી પછી કાંઈ નહિ; જ્યારે અહીં તો પ્રત્યક્ષ રેડિયો ટેલીવિઝન વગેરે નક્કર વસ્તુ દેખાય છે પછી આકર્ષણ કેમ ન થાય ?

**ઉ.** - આનું ય આકર્ષણ એટલા માટે ન થાય કે એ વિચારાય કે ભલે પ્રત્યક્ષ સિદ્ધ રેડિયો વગેરે નક્કર દેખાડ્યું ખરું, પણ એ દેખાડીને જગતનું ભલું શું કર્યું ? વિજ્ઞાનની આજની સિદ્ધિઓ પછી જગતમાં શાંતિ-સંપ, પ્રમાણિકતા, દયા, વિશ્વાસપાલન વગેરે આજે વધારે છે કે વિજ્ઞાનના કાળ પૂર્વે વધારે હતા ? આજે યંત્રો, એન્જિન, મોટર, ટેલિફોન, એરકન્ડિશન, રેડિયો વગેરે સગવડો વધવા પર ધનની તૃષ્ણા, લાંચરુશ્વત, બેઇમાની, માલમાં ઘાલમેલ, ભોગની લંપટતા, કેટલા વધ્યા ? હડતાલ, ખૂન, બદમાશી વગેરે કેટલા બધા વધી ગયા છે ? આવા ગોઝારા યુગને સરજનાર વિજ્ઞાન પર ઓવારી જવાનું હોય ? આકર્ષાવાનું હોય ?

માણસના દિલમાં હેવાનિયત પેઠી છે, એનું ગંભીર પણે કારણ વિચારશો તો દેખાશે કે

**વિજ્ઞાને ક્યાં ક્યાં પતન કરાવ્યાં ? :-**

**વૈજ્ઞાનિક શોધોએ જે ભૌતિક સગવડો ઊભી કરી છે એથી માણસ હેવાન બન્યો છે.**

ગેસના ચૂલા, ચક્કી, કૂકર વગેરે સગવડના હિસાબે રસોઈમાં સમય બચ્યો. પછી નવરી પડેલી બાઈના દિલમાં માણસાઈ રહે કે હેવાનિયત આવે ? નવરો પડ્યો નખ્ખોદ વાળે, 'An idle mind is a devil's house, નવરું મન શેતાનનું ઘર' એ ખબર છે ને ?

હાથ કારીગરીના બદલે મિલો થઈ કારખાના ફાલ્યા-ફૂલ્યા, એથી થોડા માણસે ઉત્પાદન ઘણું થવા માંડ્યું, પછી બચેલા બેકાર માણસમાં માણસાઈ રહે ? કે હેવાનિયત આવે ?

રેડિયો, સિનેમા, છાપા, સસ્તા થઈ ગયા પછી માણસ શું ગીત સમાચાર સાંભળે, પિક્ચર જુએ ? કે પરમાત્માનાં ગુણગાન અને સત્સંગ કરે ? એ સાંભળવા-જોવામાં માણસાઈ વિકસે કે હેવાનિયત ?

જલ્દીથી ટ્રેન-મોટર-વિમાનમાં પ્રવાસ કરવો સહેલો થઈ ગયો એટલે વેપારનો, કમાવવાનો, ને મોજશોખનો લોભ વધે કે સંતોષ વધે ? એ લોભ વધવામાં માણસાઈ વધવાનું બને ? કે હેવાનિયત વધવાનું બને ?

બહુ બહુ વિચારવા જેવું છે. વિજ્ઞાનની ચમત્કારિક શોધોએ માણસના દિલમાંથી આસ્તિકતા અને આત્મદૃષ્ટિ તથા

પરમાત્મશ્રદ્ધા-પ્રીતિને કાઢી નાખી, નરી ભૌતિકતાને ઠાંસીને ભરી દીધી છે. બહુ સગવડે જરૂરિયાતો અને ઇચ્છાઓ બહુ વધારી દીધી. લાઇટ-ફોન-રેફ્રિજરેટર વગેરે બહુ સાધનોએ અને સસ્તા પ્લાસ્ટીક ટેરેલિન આદિ આકર્ષક વિષયોએ ભોગ-વિલાસની વૃત્તિઓને બહેકાવી દીધી; ત્યાં પછી ત્યાગ, અને સંયમ, સંતોષ અને વ્રતનિયમ તો સૂકાઈ જ ગયાં. રેડિયો ને છાપાથી આંતરરાષ્ટ્રિય સમાચારો બહુ સુલભ થતાં જીવન રાજકથા-દેશકથા-સ્ત્રીકથા-કૌતુક-તમાશા અને કલહ-જિજ્ઞાસા વગેરે અનર્થ દંડના પાપોથી ભરચક બની ગયા. ત્યાં પછી સત્કથા, ધર્મકથા, જિનવાણી-શ્રવણ, શાસ્ત્રસ્વાધ્યાય તથા તીર્થંકર પરમાત્મા અને મહાન આત્માઓનાં જીવનચરિત્રોનાં વારંવાર પરિશીલન ક્યાં ઊભા રહે ?

વિચારો આજે જીવનમાં શું વધ્યું ? અને શું ઘટ્યું ? ધર્મ વધ્યો ને પાપ ઘટ્યાં ? કે પાપ વધી ગયાં ને ધર્મ ઘટી ગયો ? આજે રાત્રિભોજન કેટલું બધું ફેલાઈ ગયું છે ? તે ય ધંધા-નોકરીના નામ હેઠળ કદાચ રાત્રે ભાણે બેસીને એક જ બેઠકે ખાઈ લેતા હોત તો તો હજી ય મનમાં ન છૂટકાનું માનતા હોત ને અફસોસી હોત, પણ એનાં ઓઠા હેઠળ રાત્રે ચા-પાણી-નાસ્તા અને રવિવારે રજા છતાં ય ખુશમિજાલ રાત્રિભોજન હોંશથી કરાતું હોય ત્યાં અફસોસી શાની ? ત્યારે જે પાપ પર અફસોસી જ નહિ. એ પાપ મિથ્યાત્વમાં જ લઈ જાય ને ? આમાં ય વિજ્ઞાન જવાબદાર છે. વિજ્ઞાને એવા ડેઝલિંગ લાઇટ, ઝગારા મારતા પ્રકાશ આપ્યા કે એમાં પછી મનને કાંઈ રાત્રિ જેવું કાંક અંધારા જેવું લાગે જ નહિ, તેથી કશો સંકોચ અરેકારો અફસોસ રહે નહિ.

ત્યારે ઠેઠ દારૂ અને ઇંડા વગેરે સુધીનાં અભક્ષ્યનાં-ભક્ષણ કેટલાં વધી ગયાં ? બટાટા એટલે તો જાણે સાધારણ વસ્તુ થઈ ગઈ ! વૈજ્ઞાનિક પદ્ધતિના કોલુ સ્ટોરેઈજ અને પેક ડબાઓમાં આવતા વાશી અભક્ષ્યનો વિચાર જ ન રહ્યો. આજે મોટી ચોરીઓ ધાડ વગેરે વૈજ્ઞાનિક સગવડ ઉપર ફાલીફૂલી.

વિજ્ઞાનને ખંભોળવાથી શું નીકળવાનું ? જગતને શું આપ્યું એણે ? અસત્ય, અનાચાર, હેવાનિયત, ભ્રષ્ટતા વગેરે જ ને ? કહે છે,-

**પ્ર.** - એમાં વિજ્ઞાનનો બિચારાનો શો દોષ ? વિજ્ઞાને તો સાધનો ઊભા કરી આપ્યા, હવે એનો કેવો ઉપયોગ કરવો એ તો માણસના વિવેકની વસ્તુ છે ને ?

**ઉ.** - ભળતાં સાધન- સગવડોની પ્રચુરતા-બહુલતાથી વિવેક કેવો ઠેકાણે પડી જાય એ તમને ખબર નહિ હોય ? સદાચારીનો મહોલ્લો બહુ વસ્તીવાળો ન હોય ને ત્યાં આવીને વેશ્યા-ગણિકાઓ રહેતી થઈ જાય તો એ સદાચારીઓનો સદાચાર કેટલો ટકે ? આજે એવા પહેરવેશમાં બાઈઓ ફરતી થઈ ગઈ પછી પુરુષોની દૃષ્ટિ અને એમના માનસની દશા જુઓ છો ને ? એમ ટ્રેન, મોટર, ટેલિફોન વગેરે સાધનો વધ્યા પછી એનો ઉપયોગ કરી કરી ભૌતિક પ્રવૃત્તિઓ વધ્યા વિના રહે ? ત્યારે એમાં પૂર્વના કાળના ગાડાં વગેરે સાધનો કરતાં સગવડ સરળતા વધુ દેખાય એટલે એનું આકર્ષણ થયા વિના રહે ? માટે સાવધાન રહેવાની આ વાત છે કે જેવી રીતે સુલસા ચમત્કાર તરફ ન આકર્ષાઈ એમ આજના વૈજ્ઞાનિક ચમત્કારો તરફ જરાય આકર્ષાવા જેવું નથી.

**જૈન શાસનના આશ્રવ-સંવર તત્ત્વ બરાબર નજર સામે રહે તો આ વિજ્ઞાનનાં આકર્ષણથી બચી શકાય, એને મહત્ત્વ ન દેવાય.**

વિજ્ઞાને આશ્રવોને ફાલ્યા-ફૂલ્યા કરી દીધા છે. ઇંદ્રિયોના વિષયોની લગન, કામ ક્રોધ-લોભ રાગદ્વેષ આદિ કષાયોની લાગણીઓ, અવ્રત-અવિરતિમાં નિરાંત અને આરંભ-સમારંભાદિ પાપ પ્રવૃત્તિઓ આ બધા આશ્રવો સારા વધી ગયા, નિઃસંકોચ નિર્ભયપણે સેવાતા થઈ ગયા. પરલોકના પરિણામનો વિચાર જ જાણે ઊડી ગયો. પણ આ જો ધ્યાનમાં લેવાય તો વૈજ્ઞાનિક શોધ-સગવડોને જરાય મહત્ત્વ દેવાનું મન ન થાય.

એક વસ્તુ ધ્યાનમાં રાખજો; વિજ્ઞાનની સિદ્ધિઓ બધી જૂઠી છે એમ આપણે નથી કહેવું, પ્રત્યક્ષ સાબિત થયું હોય એ જૂઠું છે એમ કહેવું મૂર્ખતામાં ખપે. પરંતુ કહેવું એ છે કે-

**સાચી પણ વિજ્ઞાનની સિદ્ધિ કર્યાનું પરિણામ શું ? જીવની વિષયવૃત્તિ અને કષાયવશતામાં વધારો કે ઘટાડો ?**

પરલોક તરફ દૃષ્ટિ અને પાપના ભય જાગતા થયા કે પ્રત્યક્ષસિદ્ધિના અંજામણમાં એનો વિચાર વાહિયાત લાગવા માંડ્યો ? આજે તો વિજ્ઞાનવાળાઓ જાતિસ્મરણ વિના ટેલીપથી કલેરવોયન્સ ઇન્ટયુઝન વગેરેથી આત્મતત્ત્વ જેવું કાંઈક હોવાનું માનવા તરફ જાય છે. પરંતુ એ માનીને ય પાપનો ભય અને જીવનમાં પરલોક દૃષ્ટિ ઊભી થઈ ? જ્યારે આ જીવનની પછી પણ આત્મા ઊભો જ છે. એને ભાવી અનંતો કાળ લેવાનો જોવાનો છે, તો અહીંનાં જીવન વખતે એ ભાવી અનંતકાળનો વિચાર મુખ્ય રાખવાનો ખરો ? એ હિસાબે નાશવંત પદાર્થોના

મોહ ઓછા કરવાની વાત ખરી ? એમ મોટા આરંભ-સમારંભ કતલખાના, વિલાસી રંગરાગ વગેરે પરલોકદૃષ્ટિએ ભયજનક લાગ્યા ખરા ?

વિજ્ઞાનની સિદ્ધિઓ ભલે જૂઠી ન હોય, પરંતુ એ કરવાના ઉદ્દેશમાં કે એ સિદ્ધિઓ થયાના પરિણામમાં જીવન જો (૧) પરલોકપ્રધાન (૨) પાપના ભયવાળું અને (૩) આરંભસમારંભાદિની ઘૃણાવાળું, તેમજ (૪) જડ વિષયોનાં ધીરે ધીરે પણ ત્યાગવાળું બનાવાનું ન દેખાતું હોય, તો એ વૈજ્ઞાનિક સિદ્ધિઓ પર શું મુગ્ધ થવું ?

જ્યાં ઉદ્દેશ શુદ્ધિ નથી એવા જ્ઞાનને જૈનશાસન મિથ્યાજ્ઞાન કહે છે 'સમકિત વિણ નવ પૂરવી અજ્ઞાની કહેવાય' બોલો છો ને ? એટલે શું ? મિથ્યાત્વીનાં ૯ પૂર્વનાં જ્ઞાનને બહુ નહિ માનવાનું ને ? એનાં પર મોહિત-આકર્ષિત નહિ થવાનું ને ? કેમ વારુ ? એનામાં સમ્યક્ત્વ નથી, ઉદ્દેશબુદ્ધિ નથી. એટલું બધું એ જ્ઞાન મેળવે છે તે લૌકિક-કીર્તિ-માનપાન કે સ્વર્ગાદિનાં સુખ લેવાના ઉદ્દેશથી.

**ઉદ્દેશ શુદ્ધ નહિ, પછી વિશાળ જ્ઞાનની ય કિંમત નહિ અને કડક ચારિત્ર્યની પણ કિંમત નહિ.**

આ માનો છો ને ? માન્યા વિના છૂટકો નથી. છોકરો કોલેજમાં આગળ આગળ વધતો જતો હોય, પરંતુ મનમાં એને જો એમ હોય કે 'મોટી ડીગ્રી મોટું સ્થાન મેળવી લઈને મારે માબાપની ગુલામીથી દૂર રહેવું છે,' ને એ રીતનાં એના લક્ષણ દેખાતાં હોય તેમ પછીથી એ રીતે માબાપથી તદ્દન જુઆરું લેતો હોય, તો માબાપ એના ઊંચા ભણતરની કેટલી કિંમત આંકે ? તમે જ એની કેટલી કિંમત આંકો ? અરે ! જુદો રહીને થોડો

ઘણો ત્યાગી અને સંયમી પણ બનતો હોય, તોય એની શી કિંમત આંકો ?

ગર્ભમાં આવ્યો ત્યારથી માંડીને આટલો તૈયાર થયો ત્યાં સુધી જે માબાપે એના પર અપરંપાર ઉપકાર કર્યા છે, બાળકની તો નાજુક અવસ્થા, એ અવસ્થામાં એના પર માબાપે જે કાળજી લીધી છે. ચિંતા રાખી છે, એવા માબાપને તરછોડવાના ઉદ્દેશવાળું વિશાળ ભણતર પણ મહત્ત્વનું નહિ. અને સંયમવાળો વર્તાવ પણ મહત્ત્વનો નહિ, એ શું સૂચવે છે ? આ જ ને કે ઉદ્દેશની શુદ્ધિ વિનાના જ્ઞાન-ચારિત્ર્યની કિંમત નહિ ? તો પછી ઉદ્દેશની શુદ્ધિ વિનાના વિજ્ઞાનની મોટેમોટી સિદ્ધિઓ પર શું મોહિત થવાનું ?

પરદેશીઓ અહીંથી ઘણું સાહિત્ય લઈ ગયા, એના પર અધ્યયન સંશોધન પણ કરે છે, કિન્તુ ઉદ્દેશની શુદ્ધિ કરી ?

નાશવંત વિષયોની કશી કિંમત નથી, અવિનાશી આત્મતત્ત્વની મોટી કિંમત છે. માટે વિષયો તરફ વિરક્ત બની સ્વાત્માની ચિંતા મુખ્ય હોય એવું જીવન જીવવું જોઈએ' આવો ઉદ્દેશ, આવો આશય, એ લોકોને આવ્યો ખરો ? તો એ ઉદ્દેશની આશયની શુદ્ધિ કરી ગણાય. પણ ના, 'બસ આગળ આગળ ખોજ કરો, શોધ કરો' એ જ એક ધૂન છે. થોડા પણ લાધેલા જ્ઞાનમાંથી વિષયોની નિર્ગુણતા-અનર્થકારિતા જોવી નથી, શીલ-સદાચાર-બ્રહ્મચર્યને આત્મોન્નતિકારક તરીકે અપનાવતા નથી, આત્મચિંતા મુખ્ય બનાવવી નથી ત્યાં ઉદ્દેશ શુદ્ધિ-આશયશુદ્ધિ ક્યાં રહી ? તો એ વિનાના ચમત્કારિક ઢગલો જ્ઞાનની કિંમત શી ?

卐

# આધુનિક વિજ્ઞાન એક તૂત

## ભૂલા પડતા નહિ જમાનાના તૂતમાં.

આજે સ્કૂલ-કોલેજોમાં અને છાપા-મેગેઝીનોના લેખોમાં આ મનઘડંત વિકાસવાદના સિદ્ધાંતનું જ સમર્થન થઈ રહ્યું છે કે આજે વિકાસયુગ આવ્યો છે. ડારવીનની થીયરી મુજબ 'શૂન્યમાંથી પૃથ્વી પાણી વગેરે, એમાંથી જંતુસૃષ્ટિ, એમાંથી પશુ, એમાંથી વાનર, એમાંથી માનવ... એમ ક્રમશઃ વિકાસ થતો આવ્યો છે ! પહેલાં લોકો જડ ને નાગા ફરતાં, પત્થરના શસ્ત્ર વાપરતા, પછી ઝાડની છાલ પહેરવા લાગ્યા, લાકડાના શસ્ત્ર બનાવવા માંડ્યા, પછી ઊનના પછી સુતરના વસ્ત્ર અને લોખંડના શસ્ત્ર બનાવતા થયા. ...વગેરે. આ બધો ગણતરીના છેલ્લા હજારો વર્ષમાં વિકાસ થતો આવ્યો, એમાં આજે અણુ, રોકેટ વગેરે સુધી વિકાસ થયો છે.' એવો વિકાસવાદ આજે ચાલી રહ્યો છે.

આ આધુનિક વિકાસવાદ એક તૂત છે; કારણ કે,-

પૂર્વના વિકાસ જુઓ :-

(૧) આજે તો શું છે, પણ ચૌદ પૂર્વ, અને બીજા જૈન શાસ્ત્રોમાં અપૂર્વ વિદ્યાઓ, મંત્રો, તંત્રો, યંત્રો, ચૂર્ણયોગો વગેરેનાં અદ્ભૂત વર્ણનો હતા ! ઉત્થાન શ્રુત સમુત્થાનશ્રુત વગેરે ભણે એટલે એકાએક ગામ ઊઠી જાય !

જંઘાચરણ-વિદ્યાચરણ લબ્ધિવાળા પળવારમાં હજારો યોજન આકાશમાં ઊડીને જાય, વિદ્યાધરો વિદ્યાથી વિમાન વિકુર્વી દે !

અમુક અમુક વસ્તુઓનું ચૂર્ણ સમુદ્ર-સરોવરમાં નાખે ત્યાં હજારો માછલાં એકાએક ઉત્પન્ન થઈ જાય !

અમુક વનસ્પતિ-રસાયણોથી સુવર્ણરસ બને તેના એકેક ટીપાંથી તાંબુ સોનું બની જાય !

વેદ, મહાભારત વગેરે શાસ્ત્રોમાં પણ તેવા મંત્રો, અગ્નિઅસ્ત્ર વગેરેના શસ્ત્રપ્રયોગોની વાતો આવે છે.

કળામાં કુશળ કારીગરો કાષ્ઠના એવા ઘોડા વગેરે બનાવે કે જે યાંત્રિક રચનાથી આકાશમાં ઊડીને જાય ! એવા તો મોટા કાષ્ઠમય કમળ બનાવે કે જેમાં વચ્ચે મકાન હોય અને સહેજ એક ચાંચ દબાવતાં કમળની વિકસિત પાંખડીઓ આંખના પલકારામાં બંધ થઈ જાય !

કહેવાય છે કે રાજા શ્રેણિક ધનાઢ્ય શાલિભદ્રના મહેલ પર ગયા, ત્યાં સ્નાનાગારમાં સ્નાન કરતાં આંગળી પરથી વીંટી ખસી ગઈ તે પાણી સાથે તણાતી ગઈ કૂવામાં ! રાજા વ્યાકુળ થઈ વીંટી માટે દૃષ્ટિ ફેરવવા મંડ્યા એટલે તરત શાલિભદ્રના સેવકોએ મેલા પાણીના કૂવામાંથી યાંત્રિક પ્રયોગે પાણી ખાલી કરી નાખી રાજાને કહ્યું. 'આમાં જોઈ બતાવો આપની વીંટી, અમે કાઢી આપીએ.' રાજા જોઈ ચકિત થઈ જાય છે, શરમાઈ જાય છે કે 'શું બતાવું ?' કેમ કે એમાં તો શાલિભદ્રના એઠવાડરૂપે કાઢી નાખેલા ઝગમગ-ચકમક ચળકતા દેવતાઈ ઝવેરાતની વચ્ચે મુદ્રારત્ન એક ઝાંખા પથ્થર જેવું લાગતું હતું ! આમાં કૂવાનું પાણી ક્ષણવારમાં યાંત્રિક રચનાથી ઊલેચી નાખવાનું કર્યું ? ત્યારે એ કાળે યંત્રકળા કેવી પ્રવર્તતી હશે !

એ વખતે રત્નકંબળો કેવી આવતી ? ભઠ્ઠીના સફેદ ઉંદરના

રૂવાડાની બનેલી. એટલે એને સાફ કરવી હોય તો અગ્નિમાં નાખવી પડે ! એ બળે-કરે નહિ, માત્ર મેલ બળીને ખાખ થઈ જાય, ને કંબળ ઉજ્જવળ થઈ નીકળે. શિયાળામાં એ ઓઢવાથી ગરમી મળે ! ને ઉનાળે ઓઢવાથી શીતળ ઠંડક મળે !

કહે છે ને ૨૦૦ વર્ષ પૂર્વે ઢાકાના કારીગર અંગૂઠાની કારીગરીથી એવી બારિક મલમલ વણતા, કે એનો તાકો મૂઠીમાં સમાઈ જાય !

ત્યારે ઔષધ પણ કેવા કેવા ચમત્કારિક હતા એના 'સાપ ગયા ને લીસોટા રહ્યા'ની જેમ આધુનિક કાળે પણ ક્યાંક ખૂણે ખાંચરે એના જાણકાર અને સફળ પ્રયોગ કરનાર સાંભળવા મળે છે.

હમણા હમણા થઈ ગયેલ મહમ્મદ છેલની વાતો સાંભળી છે ને ? ટ્રેનમાં વગર ટિકિટે બેસે, ટિકિટ ચેકર આવે અને ટિકિટ માગે તો ખીસામાંથી ઢગલો ટિકિટો કાઢી બતાવે ! કોઈને મિઠાઈ ખાવી હોય તો એમ જ કહે 'લે ધર થાળી.' પેલો થાળી ધરે એટલે અદૃશ્યપણે મિઠાઈ એમાં આવી પડે ! તે નજરબંધીની નહિ. સાચે સાચ પેલો મિઠાઈ ખાય અને પેટ ધરાય ! એક વાર ભિક્ષા લઈ જતાં એક ગોરજીની મહમ્મદે મશ્કરી કરી 'મહારાજ ! આ ઝોળીમાં શું લઈ જાઓ છો ? માંસ ? જુઓ જુઓ !' ગોરજી અંદર જુએ તો માંસ દેખ્યું ! પેલાને કહે છે 'અલ્યા સાધુનીય મશ્કરી ? લે ત્યારે ઊભો રહે તું.' બસ, ગોરજી કહીને ગયા, મહમ્મદ ત્યાંથી ન હાલી શકે ન ચાલી શકે ! શું કરે હવે ? ગોરજીને વિનંતિ કરી બોલાવવા પડ્યા, બજાર વચ્ચે માફી માગવી પડી, ત્યારે છૂટ્યો ! શું આ ? અતિ પ્રાચીન કાળથી

ચાલી આવતી વિદ્યામંત્રાદિસિદ્ધ વિકાસની આગળ આજનો વિકાસ કાંઈ વિસાતમાં નથી. છતાં એને જ વિકાસ કહી પ્રાચિન પર અંધેર પિછોડો કરવો એ વિકાસવાદ તૂત નહિ તો બીજું શું ?

(૨) શાસ્ત્રોમાં વિકસિત વિદ્યાઓ ભરી પડી છતાં ઋષિ મહર્ષિઓ જગતમાં એના પ્રચાર-પ્રકાશન નહોતા કરતા, તે એક જ શુભ ઉદ્દેશથી કે માનવ અને ઈતર પ્રાણીઓનું નિકંદન ન નીકળે. આજે અણુશસ્ત્રોનો ભય વ્યાપક બન્યો છે ને ?

**નિર્દોષ માનવપ્રજા ભયભીત થાય એ વિકાસ કે પીછેહઠ ?** આજની આ અણુબૉંબ, હાઈડ્રોજન બૉંબ અને કોબાલ્ટ વગેરેની શોધોના લીધે તો પરસ્પર રાષ્ટ્રો વચ્ચેનો ભય વધ્યો ! એથી પાર વિનાનો લશ્કરી ખર્ચ પણ વેડફાઈ રહ્યો છે ! એ ભય ન હોત તો એટલો ખર્ચ કેટલીય માનવ રાહત અને માનવ ઉદ્ધારમાં કામ લાગત, - એમ આજના જ શાંતિપ્રિય લોકો કહે છે !

**હિંસાના પ્લેગમાં વિકાસ કે વિનાશ ? :-**

આજે આ શોધો-આવિષ્કારો અને કહેવાતા વિજ્ઞાન-વિકાસમાં હિંસા કેટલી ભયંકર વધી ગઈ છે ! એમાં ય ભારત જેવા ઉચ્ચ સંસ્કૃતિવાળા દેશમાં પણ કેવો હિંસાનો પ્લેગ ફાટી નીકળ્યો છે ! ભયંકર કતલખાના, ઉંદર-માકણ-મચ્છર-વાંદરા-દેડકા વગેરેની જાલિમ હિંસા કેવી નિર્ઘૃણ-નિર્દય અને ક્રૂર હૃદયે થઈ રહી છે ! ઉંદરમાર-માખીમાર વગેરેના વ્યાપક સપ્તાહ ઊજવાય, એ કેટલી નિષ્ઠુર પિશાચી લીલા ? જંતુમારની દવાઓનો ધૂમ પ્રચાર ! જીવતા ઢોરોને મારી એ બિચારાના

ઉઝરડેલા ચામડાના કોમ લેધરના બૂટ-ચંપલ-પાકીટ વગેરેના ધૂમ પ્રચાર ! હિંસાભરી દવાઓનો અઢળક પ્રચાર ! ઇંડા-મચ્છી-માંસ વગેરેનાં ભક્ષણ તો જાણે સામાન્ય થઈ ગયા ! આ બધો વિકાસપંથ કે વિનાશપંથ ?

**ઇર્ષ્યા-ચોરી-ખૂન વગેરેમાં વિકાસ :-**

કહો જોઉં, આ વિકાસયુગ આવ્યો કે વિનાશયુગ ? લોકોમાં દયા-પરોપકાર-સહિષ્ણુતા-તૃપ્તિ વગેરે સાત્ત્વિકભાવ વધ્યા કે નિર્દયતા-સ્વાર્થાંધતા-ઇર્ષ્યા-તૃષ્ણાદિ તામસભાવ ફાલ્યાફૂલ્યા ? ચોરી-લૂંટફાટ, ખૂન, વ્યભિચાર અને બદમાશી કેટકેટલા વધી ગયા છે ! લાંચરુશ્વત અનીતિ અપ્રામાણિકતા કેવી જાલિમ વધી ગઈ છે ! નાની પ્રજામાં પણ કેટકેટલી બદીઓ ઊભી થઈ ગઈ છે ? સ્વચ્છંદવાદ, ઉદ્ધતાઈ, હડતાલો, હુલ્લડ, વગેરે કેવા સહજ જેવા ?

**પ્રગતિ કે અવનતિ ? :-**

આ બધું શું કહેશો ? માણસ પ્રગતિના પંથે કે અવનતિના ? પહેલાં રૂપિયાનું ચાર શેર ઘી મળતું, આજે ચાર રૂપિયે શેર મળે, બેમાં કયો વખત વિકાસનો ? ને કયો પીછેહટનો ? પહેલાં માણસનાં જીવનમાં બાહ્ય પ્રવૃત્તિ મર્યાદિત અને આધ્યાત્મિક પ્રવૃત્તિ ભરપૂર ! આજે બાહ્ય ભૌતિક ધાંધલે જ જીવનને ઘેરી લીધું છે. ક્યાં માનવી યુગ ને ક્યાં પાશવી યુગ ?

હવે એમ કહેવું કે 'પ્રાચિન-કાળ અલ્પ વિકાસનો હતો. પછાત હતો. અને આજે ખૂબ વિકાસ થઈ રહ્યો છે,' એ કહેવું કેવું આંખ મીંચીને વિચારશૂન્ય કથન છે ? એક આંધળો કૂવામાં પડ્યો, પાછળ બીજો આંધળો પડ્યો, ત્રીજો પડ્યો

ચોથો, પાંચમો... ચાલ્યું ! એમ એક બોલ્યો વિકાસયુગ, બીજો બોલ્યો... ત્રીજો બોલ્યો... ચાલી પડ્યું ! એમાંના કોઈને જરા ઊભા રહી, ઠરીને વિચાર કરવાની ઊંડી બુદ્ધિ લગાવવાની ફુરસદ નથી કે 'અલ્યાભાઈ ! જુઓ તો ખરા કે પ્રગતિમાંથી અવનતિમાં છીએ કે અવનતિમાંથી પ્રગતિમાં ? આમાં આજના કહેવાતા સાક્ષરોય બિચારા ફસી પડ્યા છે ! એટલે પાર્શ્વનાથ ભગવાન કરતાં મહાવીર ભગવાનના યુગને વધારે વિકાસવાળો અને પેલો અલ્પ વિકાસવાળો યુગ કહે છ ! સ્વર્ગને, દેવતાઓને, સર્વજ્ઞતાને હંબગ ગપોડું માને છે ! આચાર્યોના શાસ્ત્રોને કલ્પનાથી ઉપજાવી કાઢેલા અગર ઇતરોનું અનુકરણ કરનારા કહે છે ! સ્ત્રીઓની સ્વચ્છંદતા મર્યાદાહીનતાને સ્વતંત્રતા અને વિકાસ કહે છે ! ઘુંઘટ વગેરેની સ્વ-પર શીલના રક્ષાબુદ્ધિના પ્રાચિન રિવાજોને કુરૂઢિઓ ગણે છે ! પાપપ્રવૃત્તિ ઓછી કરી સ્વ-પર આત્મહિતકાર ધાર્મિક પ્રવૃત્તિ પુષ્કળ કરવાનું શીખવનાર જૈન ધર્મને નિવૃત્તિ-પ્રધાન એટલે કે નિષ્ક્રિય જેવો કહે છે ! અને બૌદ્ધ ધર્મે પ્રવૃત્તિ મુખ્ય કરી તેથી એનો અધિક ફેલાવો થયો એમ કહે છે... આવાં બધાં જૂઠા પ્રતિપાદન એ સાક્ષરતા ને ?'

卐

## વિજ્ઞાન પર દર્શનનો અપૂર્વ વિજય

(રશિયાએ એક પછી એક એમ બે ઉપગ્રહો અવકાશમાં છોડ્યા. અને તેમનું પરિભ્રમણ હજી પણ ચાલુ રહ્યું છે. તેથી બધા લોકો વિજ્ઞાનની શતમુખે પ્રશંસા કરવા લાગ્યા છે, અને હવે થોડા જ વખતમાં ચંદ્રલોકમાં પહોંચી જવાશે એમ માની

ત્યાંની જમીનના માલીક થવાનાં સ્વપ્નાં સેવવા લાગ્યા છે. પરંતુ વિજ્ઞાન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ ભારતીય દર્શનોની વધારે સમીપ આવતું જાયછે, એ વિજ્ઞાન પર દર્શનનો અપૂર્વ વિજય છે. પ્રસ્તુત લેખમાં આ વિષય પર સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે.)

આ અવસર્પિણી કાળમાં વીતરાગ સર્વજ્ઞ શ્રી ઋષભદેવ ભગવાને ધર્મની પહેલી સ્થાપના કરી અને જગતને જૈન દર્શન બતાવ્યું. તે અનેકાંતદર્શન હોવાથી તેમાં અનેક દૃષ્ટિબિંદુથી વસ્તુતત્ત્વની વિચારણા હતી. એમાં અકેક દૃષ્ટિબિંદુ લઈને બીજાઓએ અન્યાન્ય દર્શનો સર્જ્યા અને એની પરંપરાઓ ચાલી. આજે ભારતીય દર્શન મુખ્યત્વે જૈન, બૌદ્ધ અને વૈદિક એ ત્રણ પરંપરાઓનો ત્રિવેણીસંગમ ગણાય છે. આ ત્રણે પરંપરાઓનું મૂળ આત્મા છે. લોકાયતિક પણ એક દર્શન છે, પરંતુ એ આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ ધરાવતું નથી, એથી એને નાસ્તિક દર્શન પણ કહેવામાં આવે છે. એના પ્રણેતા આચાર્ય બૃહસ્પતિ છે. ષટ્દર્શનમાં એને મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું નથી.

કેટલાક લોકો કહ્યા કરતા અને આજે પણ કહે છે કે જૈન અને બૌદ્ધ દર્શન પણ નાસ્તિક છે. પણ તે યથાર્થ નથી. જૈન દર્શન ઈશ્વરમાં જગત કર્તૃત્વનો સ્વીકાર કરતું નથી, એટલા માટે જ એને નાસ્તિક દર્શન માની લેવું એ અજ્ઞાન છે. વૈદિક દર્શનમાં પણ કેટલાક ભેદ-પ્રભેદ એવા છે કે જે અનીશ્વરવાદી છે, પણ તેમને નાસ્તિક દર્શન માનવામાં આવ્યા નથી, જૈન દર્શન તો પુણ્ય-પાપ સ્વર્ગ-નરક, મોક્ષ આદિ વિષયોમાં ઉત્કૃષ્ટ આસ્થાવાળું છે.

બૌદ્ધ દર્શનમાં આત્મા, પુનર્જન્મ આદિ કેટલીક બાબતોની વ્યવસ્થા એવી છે કે જે તેને નાસ્તિક માનવાને પ્રેરે.

એકવાર **ગૌતમબુદ્ધ** શ્રાવસ્તી નગરીમાં અનાથપિંડકના આશ્રમમાં રહેલા હતા. ત્યારે માલુંક્ય પુત્ર ભિક્ષુ આવ્યા અને બોલ્યા "દેહ, આત્મા એક છે કે અનેક ? તથાગતને માટે મૃત્યુ બાદ જન્મ છે- કે નહીં ? આ પ્રશ્નોના આપ ઉત્તર આપી શકશો તો હું આપના પ્રત્યે શ્રદ્ધાશીલ રહી શકીશ અન્યથા નહીં !" ગૌતમબુદ્ધે કહ્યું : 'આ પ્રકારના પ્રશ્નો અજ્ઞાનપૂર્ણ હોય છે. કોઈ પુરુષના બાણનું શલ્ય શરીરમાં રહી ગયું હોય અને તે કહે કે આ શલ્ય ત્યાં સુધી કાઢવા નહીં દઉં કે જ્યાં સુધી તેનો મારનાર બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય હતો તેની મને ખબર ન પડે. તે કયા વર્ણનો હતો. શ્યામ કે ગૌર ? કેવા કદનો હતો લાંબો, ઠીંગણો કે મધ્યમ ? આદિ આદિ. ગૌતમબુદ્ધ કહે છે કે આ અજ્ઞાની પુરુષ આ પ્રશ્નોના ઉત્તર મેળવ્યા વિના એમ જ પીડા ભોગવીને મરી જવાનો. બસ, એવી જ રીતે હે માલુક્ય ? આ તમારા પ્રશ્નો છે. જ્યારે તમને એ ખબર છે કે દુ:ખરૂપી શલ્યનો ઉચ્છેદ થઈ શકે છે, ત્યારે તમે અન્યાન્ય પ્રશ્નોમાં પોતાની જાતને અસ્થિર કેમ બનાવી દો છો ?' તાત્પર્ય કે બુદ્ધ આત્મા અને પુન:ર્જન્મના વિષયમાં સદા ય અવ્યક્ત કહેતા હતા. આત્માના વિષયમાં તેમણે જે સ્પષ્ટતા કરી તે એ હતી કે વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ એ પાંચ તત્ત્વોનું સમવાયીરૂપ એ આત્મા છે. આ બધાં કારણોથી કેટલાક લોકો બૌદ્ધ દર્શનને લોકાયતિકની સમીપ માને છે, પરંતુ વસ્તુસ્થિતિ એ છે કે બુદ્ધ પાછા પુણ્ય-પાપ, નિર્વાણ આદિ બધી વાતોમાં વિશ્વાસ વ્યક્ત કરતા હતા, રસ્તે ચાલતાં એમના પગમાં કાંટો

વાગ્યો તો એમણે પોતાના સહચારી શ્રમણોને કહ્યું : 'હે ભિક્ષુઓ ! મેં આજથી એકાણુમાં ભવે પોતાનાં શક્તિ અસ્ત્રથી એક પુરુષને માર્યો, એ કર્મવિપાકના સંયોગથી મારા પગમાં કાંટો લાગ્યો છે.' આ ઘટનાથી સ્પષ્ટ થઈ જાય છે કે ગૌતમ બુદ્ધ પણ પુનર્જન્મ અને કર્મફળને માનનારા આસ્તિક હતા.

ચાર્વાક દર્શને (નાસ્તિક દર્શને) પોતાના પગ ફેલાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ તે આસ્તિક દર્શનોની સામે સદા ભયભીત રહ્યું. એણે કહ્યું : આત્મા નામના સ્વતંત્ર અને શાશ્વત પદાર્થ કોઈ જ નથી. એ તો પૃથ્વી, અપ, તેજ, વાયુ, આકાશ એ પાંચ ભૂતોનાં સંમિશ્રણનું એક યૌગિક પરિણામ માત્ર છે. તેની સામે આસ્તિક દર્શનોએ કહ્યું કે 'नासतो विद्यते भावो नाभावो विद्यते सतः' અસત્ કદી ઉત્પન્ન થતું નથી અને સત્યનો કદી વિનાશ થતો નથી.'

પૂર્વમાં પરાભૂત નાસ્તિક દર્શન પેદા થયું. સોક્રેટિસ, પ્લેટો અને એરિસ્ટોટલ આદિ પશ્ચિમી દાર્શનિક તો આત્માના અમરત્વમાં વિશ્વાસ કરતા હતા, પરંતુ વિજ્ઞાનના યુગમાં વિકાસવાદ (Theory of evolution) દ્વન્દ્વાત્મક ભૌતિકવાદ (Dialectical Meterialism) આદિ જે વિચારો આવ્યા, એનાથી નાસ્તિકતાને અપૂર્વ સમર્થન મળ્યું. વિકાસવાદે કહ્યું : 'સૂરજથી એક ટૂકડો છૂટો પડ્યો તે પૃથ્વી બની, પૃથ્વીથી ચંદ્રમા અને ધીરે ધીરે સૂક્ષ્મ પ્રાણીઓથી લઈને મોટા પ્રાણીઓ સુધી જીવનધારીઓનો વિકાસ થયો. અંતે વાનરોનો પરિષ્કાર આજ આપણે મનુષ્યના રૂપમાં જોઈ રહ્યા છીએ.' વિકાસવાદની આ માન્યતાના મૂળમાં કોઈ પ્રમાણ નથી કે ક્યારે કેવી રીતે

સૂરજમાંથી કણ છૂટો પડ્યો. વળી સૂરજ હતો જ એ સંબંધમાં પણ એ પ્રમાણ આપી શકતો નથી. પ્રમાણ વિના જ સૂરજ અનાદિ હોવાનું જો માન્ય છે તો પૃથ્વી પણ અનાદિની કેમ ન મનાય ? વગેરે અનેક વિચારણાઓથી વિકાસવાદ તર્કશુદ્ધ અને પ્રામાણિક ઠરતો નથી.

દ્વન્દ્વાત્મક ભૌતિકવાદે કહ્યું કે- આત્મા અને ચૈતન્ય જડની જ અંતિમ પરિણતિનું પરિણામ છે. વિરોધી સમાગમ, ગુણાત્મક પરિવર્તન અને પ્રતિબંધનો ક્રમશઃ આ ધારાઓમાં વહેતો પદાર્થ જ જીવનરૂપ તીર્થ બની જાય છે. ઉદાહરણાર્થ ઓક્સિજન એક પ્રાણપોષક તત્ત્વ છે અને હાઈડ્રોજન એક પ્રાણનાશક તત્ત્વ. આ બે વિરોધીઓના સમાગમથી જલ જેવા જીવનોપયોગી ભવનો આવિર્ભાવ થાય છે. આત્મા પણ આવી જ રીતે કોઈ પદાર્થ વિશેષોના સમાગમથી થનારું ગુણાત્મક પરિવર્તન છે. ભલે માર્ક્સવાદી એ માને, પણ ભારતીય ચિન્તન બતાવે છે કે એવું માની શકાતું નથી. જલ આદિનું પ્રયુક્ત ઉદાહરણ અસત્ ઉત્પતિનું દ્યોતક નથી. ઓક્સિજનને પ્રાણપોષક તત્ત્વ માનવામાં આવ્યું છે અને હાઇડ્રોજનના મળવાથી પ્રાણપોષક જલનો આવિર્ભાવ થયો છે. અર્થાત્ અહીં કોઈ ત્રીજો ગુણ આવ્યો નથી. એક પદાર્થમાં બીજા પદાર્થનો વિલીન થયો છે. બીજી વાત, એક ક્ષણભર એમ માની પણ લઈએ કે જલત્વ એ ત્રીજો ગુણ છે તો પણ જડથી આત્મા પેદા થનારી વાત સિદ્ધ થઈ શકતી નથી. વિજ્ઞાન અનુસાર ઓક્સિજન અને હાઈડ્રોજન પણ જડ છે અને પાણી પણ જડ છે. આવશ્યકતા તો એવા ઉદાહરણની હતી કે જ્યાં જડમાંથી ચૈતન્યની સૃષ્ટિ બની હોય.

વર્તમાન યુગમાં વિજ્ઞાનના સમુદ્રમાં ત્રણ મોટી ભરતીઓ આવી. (૧) મેક્સપૌંકનો ક્વન્ટમ સિદ્ધાંત (Quantam theory), (૨) પ્રો. આલ્બર્ટ આઇન્સ્ટાઈનનો સાપેક્ષવાદ (Theory of relativity), (૩) પરમાણુ વિભાજન (Disection of Atom)

આ ત્રણે ભરતીઓ પછી વૈજ્ઞાનિક વિચાર જગત એટલું બદલાઈ ગયું છે કે જાણે નવી સૃષ્ટિના શ્રી ગણેશ થયા હોય ઘણા પ્રાચિન મંતવ્યો આ ભરતીમાં ગળીને વિલીન થઈ ગયા છે. **વૈજ્ઞાનિકોને સહસા એ ભાન થયું કે અમે સમજી બેઠા હતા કે અમે સત્યની વાણી સમીપે પહોંચી ગયા છીએ. તે નર્યું અજ્ઞાન હતું. સર જેમ્સ જીન્સના** કથન અનુસાર આ યુગે સ્પષ્ટ કરી દીધું કે 'We are not yet in contact with ultimate reality.' **આપણે હજી સુધી અંતિમ સત્યના સંસર્ગમાં આવ્યા નથી.'** આ અવધિમાં સહુથી મહત્ત્વ પૂર્ણ વાત એ બની કે સંસારના સર્વોચ્ચ વૈજ્ઞાનિક પણ આત્મવાદની તરફ ઝૂક્યા. એમને એ લાગવા માંડ્યું કે આ વિશ્વ કેવલ પરમાણુઓનું સંઘટન માત્ર નથી, તેમાં ચેતના જેવી વસ્તુ પણ પોતાનું અસ્તિત્વ ધરાવે છે. **પ્રો. આલ્બર્ટ આઇન્સ્ટાઇન કહે છે :-**

I belive that intelligency is menifested throughout all nature હું વિશ્વાસ કરું છું કે સમસ્ત વિશ્વમાં ચેતના કામ કરી રહી છે. આ પ્રમાણે કેવળ આઇન્સ્ટાઇન જ નહિ પણ સર જેમ્સ જીન્સ, એ. એસ. ઍડીંગ્ટન, ડો. હર્બટ સ્પેન્સર, સર ઓલિવર લોજ આદિ અનેકાનેક વૈજ્ઞાનિકોનો વાણી પર આજે પશ્ચિમમાં આત્મવાદ પ્રસ્ફૂરિત થયો છે. માનવું જોઈએ કે **આ આધુનિક વિજ્ઞાન પર ભારતીય દર્શનનો અપૂર્વ વિજય**

**છે.** જો આવનાર યુગના વૈજ્ઞાનિકોનો વિશ્વાસ સુસ્થિર રહ્યો તો દર્શન અને વિજ્ઞાન જેવી બે પદ્ધતિઓ રહેશે નહિ. દરેક ભારતીયને આ વાતનું ગૌરવ હોવું જોઈએ.

卐

## વિજ્ઞાનનું દરેક વિધાન આખરી સત્ય નથી.

આજનો લોકમત વિજ્ઞાન તરફ ઢળ્યો છે, એટલે વિજ્ઞાનના નામે જે કંઈ કહેવામાં આવે છે તેનો તરત સ્વીકાર થાય છે અને તેમાં કંઈ ખોટું ન હોય એમ માની લઈને કામ ચલાવવામાં આવે છે, પણ આ રીતિ બરાબર નથી. વિજ્ઞાનના નામે પ્રસિદ્ધ થયેલાં અનેક વિધાનો પાછળથી અસત્ય પૂરવાર થયા છે અથવા તો તેમાં ધરખમ સુધારા થવા પામ્યા છે, એટલે તેનું દરેક વિધાન આખરી સત્ય છે એમ માની લેવાનું લેશ પણ કારણ નથી.

વૈજ્ઞાનિકો પોતે તો એમ જ કહે છે કે 'અમે જ્ઞાનમહાસાગરના કિનારે આંટા મારીએ છીએ ને તેમાંથી જે કંઈ શંખ-છીપલાં મળ્યાં તે આપની સમક્ષ રજૂ કરીએ છીએ, પણ આ મહાસાગરનાં અનંત પેટાળમાં ખરેખર શું ભર્યું છે, તેની તો કલ્પના પણ કરી શકતા નથી.' અને વાત સાચી છે કે હજી સુધી કોઈ વૈજ્ઞાનિક જગત અને જીવનનું અંતિમ રહસ્ય સમજી શક્યો નથી કે તે સંબંધી વાસ્તવિક ખુલાસો કરી શક્યો નથી, એટલે તેનાં નામે જે કંઈ કહેવામાં આવે છે, તે એમને એમ સ્વીકારી લેવામાં ડહાપણ નથી.

જન્મભૂમિ અને પ્રવાસી પત્ર પોતાનાં છેલ્લા પાને વિશ્વની અનેક રહસ્યમય વાતો રજૂ કરે છે. અને તેમાં વિજ્ઞાનની

મુખ્યતા હોય છે. તેમાં થોડા વખત પહેલાં 'તેઓ સૌ પૃથ્વી માટે લડે છે !' એ મથાળા નીચે એવી હકીકત પ્રકટ થઈ હતી કે—

"સૂર્યમાંથી પૃથ્વી છૂટી પડી, પૃથ્વીનો જન્મ થયો તેને અઢી અબજ વર્ષથી વધારે સમય થયો છે. અબજો વર્ષ સુધી આ ધરતી માનવ વિનાની રહી, કારણ કે મનુષ્ય ઉત્પન્ન થયો તેને પૂરા ૨૦ લાખ વર્ષ પણ નથી થયાં !"

"૨૦ ક્રોડ વર્ષ પહેલાં આ પૃથ્વી પર ડિનોસોર જાતનાં વિરાટકાય પણ બેવકૂફ પ્રાણીઓ ઉત્પન્ન થયાં. તેઓ ઇંડાં મૂકનાર સરિસૃપ વંશનાં પ્રાણીઓ હતાં. મગર, અજગર વગેરેને તેમના અર્વાચીન પ્રતિનિધિ ગણી શકાય. ૧૩ ક્રોડ વર્ષ સુધી તેમણે આ પૃથ્વી પર રાજ્ય કર્યું ! સાત ક્રોડ વર્ષ પહેલાં પૃથ્વી પર સ્તન્ય વંશનાં પ્રાણીઓનો જન્મ થતો ગયો અને ડિનોસાર રાક્ષસોનો નાશ થતો ગયો."

"સાત ક્રોડ વર્ષ પહેલાં સ્તન્ય વંશના પ્રાણીઓનો જન્મ થયો, પણ તેમાં મનુષ્ય જેવા વિકાસવાન પ્રાણીને વિકસતાં કેટલા કરોડ વર્ષ લાગ્યા ! વીસ લાખ વર્ષ પહેલાં મનુષ્યનો જે પૂર્વજ વિકસ્યો તે પણ વાનર જેવો-વાનર જ જોઈ લ્યો ! તેમાંથી આજની વિકાસકક્ષાએ પહોંચતાં આપણને ૨૦ લાખ વર્ષ લાગ્યાં. તેમાં પણ માનવ-ઇતિહાસ તો દશ હજાર વર્ષનો જ છે !"

"તેમ છતાં આ પૃથ્વીની માલિકી માટે મનુષ્ય કેવો લડે છે ! ૧૩ થી ૨૦ ક્રોડ વર્ષ પહેલાં રાક્ષસી ડિનોસાર પ્રાણીઓ પરસ્પર લડતાં હતાં, તે પછી ડિનોસાર અને સ્તન્ય પ્રાણીઓ લડતાં હતાં, તે પછી સ્તન્ય પ્રાણીઓ (હાથી, વાઘ, સિંહ વગેરે) અંદર અંદર લડતાં હતાં, તેઓ બધાં લડી મર્યા અને લડી મરે છે, પણ પૃથ્વી કોઈની થઈ નથી. ધરતી પોતાનાં એ મૂર્ખ બાળકોને

પોતાની ગોદમાં સમાવી લે છે. હવે માણસ પૃથ્વી માટે લડે છે. નાની નાની વસ્તુઓ અને વાતો માટે લડે છે !"

વર્તમાનપત્રની આ હકીકત પરથી શું સમજવું ? પૃથ્વી એ સૂર્યમાંથી છૂટો પડેલો એક ટૂકડો છે કે કોઈ સ્વતંત્ર વસ્તુ છે ? તે પૂરી વિચારણા માગે છે. તે આજથી ૨ા અબજ વર્ષ પહેલાં છૂટો પડેલો હોવો જોઈએ એવું કેટલાક વૈજ્ઞાનિકોએ અમુક કારણસર ભલે અનુમાન કર્યું, પણ એ ટૂકડો ૨ા અબજ વર્ષ પહેલાં જ શા માટે છૂટો પડ્યો ? અને તે પહેલાં છૂટો કેમ ન પડ્યો ? વળી સૂર્યમાંથી એ પ્રમાણે ટૂકડાઓ છૂટા જ પડતા હોય તો એક ટૂકડો જ શા માટે છૂટો પડ્યો અને પાંચ, પંદર, પચાસ, પાંચસો, પાંચ હજાર, પાંચ લાખ, પાંચ ક્રોડ કે પાંચ અબજ ટૂકડાઓ છૂટા શા માટે ન પડ્યા ? અને માની લ્યો કે એ રીતે ટૂકડાઓ છૂટા પડ્યા તો સૂર્યનું અસ્તિત્વ શી રીતે ટકી રહ્યું ? ઉપર્યુક્ત અનુમાન કરનારાઓ આ બાબતનો કોઈ સ્પષ્ટ ખુલાસો કરી શકતા નથી.

વળી તેઓ પૃથ્વીની રચના થયા પછી તેના પર જીવસૃષ્ટિ શી રીતે પેદા થઈ ? તેનો પણ કોઈ બુદ્ધિગમ્ય ખુલાસો કરી શકતા નથી. તેઓ તો માત્ર એટલું જ જણાવે છે કે તેના પર ૨૦ ક્રોડ વર્ષ પહેલાં ડિનોસાર જાતિનાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં. અમે તેમને પૂછીએ છીએ કે જડમાંથી જીવસૃષ્ટિનું નિર્માણ થાય ખરું ? જો એ પ્રકારે જીવસૃષ્ટિનું નિર્માણ થતું હોય તો આજે હાથી, ઘોડા, ઊંટ, માછલી, સાપ, કાગડા, કબૂતર, કોયલ, મયુર. રાજહંસ વગેરે પ્રાણીઓ શા માટે બનાવતાં નથી ? પણ સાચી હકીકત એ છે કે જડ એ જડ છે અને ચૈતન્ય એ ચૈતન્ય છે, એટલે જડમાંથી ચૈતન્યની ઉત્પતિ થઈ શકતી નથી. આ

સંયોગોમાં ચૈતન્યને મૂળ વસ્તુ જ માનવી પડે અને એ રીતે તેની અમુક સમયે ઉત્પતિ થઈ એમ કહેવું ખોટું જ ઠરે. વળી જડમાંથી જીવની ઉત્પતિ વગર કારણે થતી હોય તો અબજો વર્ષ પસાર થયા પછી શા માટે થાય ? એ તો પૃથ્વીની રચના થયા પછી તરત જ થવી જોઈએ. એ વખતે પૃથ્વીનાં પડો ગરમ હોય તો તેથી પણ શું ? જીવને ઉત્પન્ન થવા માટે ઠંડા પડો જ શા માટે જોઈએ ? ગરમ શા માટે ન ચાલે ? આ દૃષ્ટિએ જોઈએ તો ડિનોસાર પ્રાણીઓ એકાએક ઉત્પન્ન થવાનું તેમનું વિધાન રેતીની ભીંત જેવું લાગે છે.

જો પ્રથમ એક પ્રકારનાં જ પ્રાણીઓ બન્યાં તો આ વિશ્વમાં અનેક જાતનાં પ્રાણીઓ શી રીતે થયાં ? એના ખુલાસારૂપે તે વિકાસવાદનો સિદ્ધાંત આગળ ધરે છે અને જણાવે છે કે તે પ્રાણીઓમાં કાળાંતરે ફેરફાર થતો ગયો, તેમની અંગ રચનાઓ ફરતી ગઈ અને તેમાંથી જુદાં જુદાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં. પણ પ્રથમ એક જ જાતનાં પ્રાણીઓ હતાં તે વાત જ જ્યાં સિદ્ધ થતી નથી, ત્યાં તેમાંથી વિકાસ પામવાની આ વાત શી રીતે મંજૂર રખાય ? વળી આ વિશ્વમાં મનુષ્યજાતિ કરતાં અનેક ગણી વધારે શક્તિ ધરાવતા અને દિવ્ય સંપત્તિનો ઉપયોગ કરતા એવા દેવો પણ અસ્તિત્વ ધરાવે છે, તેને વિકાસવાદનાં ચોકઠામાં શી રીતે ગોઠવશો ? ઘણા પ્રાણીઓ અમુક બાબતમાં સમાન હોય, માટે જ તેઓ એકમાંથી બીજાં બન્યાં છે, એમ માની લેવું એ ખરેખર યુક્તિસંગત ગણાય ખરું ? મહાશય ડાર્વિને આ બાબતમાં જે દલીલો કરી છે, તે અમે બરાબર વાંચી છે, પણ તે અમારાં મનનું જરાયે સમાધાન કરી શકી નથી.

વળી મનુષ્યને ઉત્પન્ન થયા ૨૦ લાખ વર્ષ જ થયા અને

તેનો ઇતિહાસ તો માત્ર ૧૦ હજાર વર્ષનો જ છે, એ વિધાન પણ એટલું જ ભૂલભરેલું છે એ રીતે જે વૈજ્ઞાનિકો પાંચ યુગનો સિદ્ધાંત રજૂ કરે છે. તેનો મેળ શી રીતે બેસશે ? તેમની માન્યતા મુજબ પ્રથમ અને બીજા યુગમાં મનુષ્ય ઉત્તર-ધ્રુવ પ્રદેશમાં રહેતો હતો. ત્યાર પછી લેમુરિયા ખંડ અસ્તિત્વમાં આવ્યો કે જે પેસીફીક મહાસાગર, હિંદી મહાસાગર અને અરેબિયન સમુદ્ર પર પથરાયેલો હતો. આ ખંડને જલશાયી થતાં લાખો વર્ષ લાગ્યાં હશે એમ સહેજે માની શકાય પછી એટલાન્ટીસ ખંડ અસ્તિત્વમાં આવ્યો જે વેસ્ટઇન્ડીઝથી માંડીને ઉત્તર આફ્રિકા સુધી પથરાયેલો હતો. આ ખંડ પણ ધીમે ધીમે કરતાં લાખો વર્ષે દરિયામાં ડૂબી ગયો અને તેમાંના કેટલાક ભાગો બચી ગયા તથા કેટલાક પ્રદેશો નવા અસ્તિત્વમાં આવ્યા. આ રીતે આજે પાંચમા યુગે એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા તથા છઠ્ઠો આર્કિઆર્ટિક 'ખંડ અસ્તિત્વમાં આવેલ છે. તાત્પર્ય કે આ વિશ્વ પર મનુષ્યને આવ્યાં લાખો વર્ષ વ્યતીત થઈ ગયા અને તેની રહેણીકરણીમાં તથા વિચારોમાં ક્રમશઃ સુધારો થતો ગયો.

આ માન્યતા અમને મંજૂર નથી પણ વૈજ્ઞાનિકોની માન્યતામાં પરસ્પર કેટલી વિસંગતતા છે, તે દર્શાવવા જ અહીં રજૂ કરી છે, એટલે વિજ્ઞાનને નામે જે કંઈ વાતો થાય છે તેને ઊંધું ઘાલીને સ્વીકારી લેવામાં પણ ખૂબ જોખમ રહેલું છે એ વાત આપણે બરાબર સમજી લેવી જોઈએ અને તેના આધારે આપણાં ઋષિ-મહર્ષિઓનાં પવિત્ર ટંકશાળી વચનોમાં અશ્રદ્ધા કરવાની હદે જઈએ છીએ, તેનાથી સદંતર બચી જવું જોઈએ.

卐

## શિક્ષણ-શિખામણ કેમ અપાય ?

માણસનું મન કાંઈ ખાલી ઘડા જેવું, અને શિક્ષણ, શિખામણ કે સમજણ કાંઈ પાણી જેવું નથી, કે એ શિક્ષણાદિને આપણે સામાના મનમાં રેડીએ એટલે એ મન એનાથી ભરાઈ જાય ! મનમાં એ સંગ્રહીત થઈ જાય ! કારણ એ છે કે એ ત્રણેય વિષયો સામાને માત્ર એમ જ આપી દેવાય એવા નથી, પણ સામાને એ લેવા હોય તો જ અપાય એવા છે. એટલે તો મહાન વ્યાખ્યાનશક્તિવાળા પણ જોરદાર વ્યાખ્યાન આપે છતાં જેને લેવાની વૃત્તિ નથી અને એમ જ મજા માટે સાંભળવા આવ્યા છે એવા શ્રોતાના મનમાં એ વ્યાખ્યાન રેડાતું નથી, મન એને સંઘરતું નથી. આવું જ લેવાની જરીકે વૃત્તિવિનાના છોકરાને અપાતી માતાપિતાની શિખામણ કે શિક્ષકનાં શિક્ષણ સંબંધમાં બને છે.

આમ છતાં આપણને સામાના લેવા કરતાં આપણું આપવાનું વધારે ગમે છે, અને એથી એ લેવા તૈયાર હો કે ન હો, પણ આપણો ઉપદેશ આપણે એને આપ્યે જઈએ છીએ ! પછી સામો શિખતો-સમજતો નથી તેથી આપણા દિલને ખેદ થાય છે, આપણે કકળીય ઉઠીએ છીએ. મનને એમ થાય છે કે 'હું આટઆટલું શિખવું-સમજાવું છતાં એ કેમ શીખે નહિ સમજે નહિ ?'

પરંતુ વિચારવા જેવું છે કે આમાં આપણને સામાની દયા આવે છે કે આપણને અભિમાન છે ? 'મારું કહેવું ન માને ?' આમાં 'મારું' પર ભાર રહે છે એ આપણું અહંત્વ છે. જો આપણા હૈયે સામા પર નકરી દયા જ નીતરતી હોય, તો તો એમ વિચારાય કે 'બિચારો જીવ ! કર્મથી કેવો પીડાય છે કે

**એના હિતનું એના મગજમાં નથી ઉતરતું ! અથવા જરા જોવા તો દે કે મેં સીધું આપવાનો જ ધંધો કર્યો ? કે એને લેવાની વૃત્તિ થાય અને એ લે, એ ભૂમિકા પહેલી ઊભી કરી ?'**

સામો લેવાની વૃત્તિ વિના જ આવ્યો હોય છતાં એમ બને કે આપણી સૌમ્યતા અને પ્રેમભરી મુદ્રા તથા એવા શબ્દો,- અને તે પણ પહેલાં તો એનામાં ઉત્સાહ, આકર્ષણ ઊભાં કરે એવા શબ્દો- એનામાં લેવાની વૃત્તિ ખડી કરી શકે છે. એને એ મુદ્રા જોઈ તથા એ શબ્દો સાંભળી એમ થાય કે લાવ લાવ, આગળ સાંભળવા દે, આ મારા લાભનું દેખાય છે.'

શિક્ષણક્ષેત્રે, શિખામણક્ષેત્રે અને ઉપદેશક્ષેત્રમાં આ ખાસ ધ્યાન રાખવા જેવું છે કે આપણે આપીએ એના કરતાં સામો લે, લેવાને આતુર રહે, એવું કરવું પહેલું જરૂરી છે, કેમકે સામાન્ય રીતે એ શું કે બીજા, દરેકને પોતાને પોતાનો રસ હોય છે. એને આપણા વિષયની જિજ્ઞાસા જગાવીને અપાય તો જ એ ગ્રહણ કરે, અથવા એને વ્યાજબી ગણેલું એવું ઘણું મનમાં વસી ગયું હોય છે. એમાં એને કાંઈ અનુચિત લાગે, અને એનાથી એને પ્રતિપક્ષ વાત માટે રસ જાગે તો ત્યાં એને એ અપાતાં એ અંદરનું અનિચ્છનીય કાઢી નાખીને અપાયેલું ગ્રહણ કરશે. અંદરનું ફેંકી દેવા જેવું લાગે તો જ બહારથી મળતું મૂલ્યવાન અને ગ્રાહ્ય લાગશે. માટે તો સારું આપતાં પહેલાં એના દિલમાં રહેલું કેવું નરસું છે, નુકસાનકારી છે અને તેથી ત્યાજ્ય છે એ એને પહેલું સમજાવવું પડે છે, પછી જ સારું અપાય છે.

કેટલીક વાર એમ પણ બને છે કે શિક્ષણ શિખામણ એને સારી લાગતી ય હોય છતાં 'અમુક જણ એ કહે છે ને ?' માટે

જ એને ગ્રહણ નહિ કરે, ગ્રહણ કરવા તરફ બેદરકારી રાખશે. આનું કારણ એ સંભવિત છે કે (૧) બોલનારની તોછડી કે એવી ભાષા યા કથનપદ્ધતિ હોઈ એ સાંભળવામાં સામાને પોતાનું વ્યક્તિત્વ હણાતું લાગે છે, અથવા (૨) વર્તમાનમાં એને એનો રસ નથી ને સંભળાવવામાં આવે છે. આ સૂચવે છે કે શિક્ષણ-શિખામણ-સમજણ આપનારે (૧) સામાનાં વ્યક્તિત્વને તોડી પાડવાનું નહિ પણ ગૌરવ આપવાનું અને (૨) એની ભૂખ, એનો રસ ઓળખીને કહેવાનું જેથી એ અભિમુખ બન્યો રહે, ગ્રાહક જરૂર બને. અલબત્ત આવડત હોય તો શ્રોતાના દિલમાં રસ ન હોય તે પણ પેદા કરી દે. પછી એને અનુરૂપ કહેવામાં વાંધો નહિ.

આ બંને સાવચેતી રાખ્યા વિના જો શિક્ષણાદિ આપવાનું થાય તો તે ઊંધા કે ઢાંક્યા ઘડા પર વરસાદ વરસાવવા જેવું થાય. એમાં એ કાંઈ પામે નહિ, આપણી મહેનત વ્યર્થ જાય. કદાચ ઉલ્ટું એમ પણ બને કે સામાનું મન વધારે કલુષિત કરવાનું થાય. સામાને લેતો કરવાને બદલે આપણે આપતા રહેવાનું કરવાથી આ અનિષ્ટો ઊભાં થાય છે, એટલા માટે **શિક્ષણ, શિખામણ કે સમજણ આપતાં પહેલાં સામાને લેવાનું હૃદય બનાવવું જોઈએ.**

એ માટે,

**(૧) આપણું હૃદય અને મુખમુદ્રા સૌમ્ય અને પ્રેમભરી રાખવી;**

**(૨) આપણે શબ્દ સૌમ્ય, ઉત્સાહપ્રેરક અને મધુર બોલવા;**

**(૩) સામાનું વ્યક્તિત્વ-સ્વમાન ન હણાય એ જોવું;**

**(૪) સામામાં રસ, જિજ્ઞાસા-અભિમુખતા પેદા કરવી.**

આમાં પહેલી માન્યતા જાળવવા માટે આપણે આપણા આત્માનાં હિતનો ખાસ વિચાર રાખવો, તે એ કે જો સામાના વાંકે પણ આપણે હૈયું ઉકળાટ-આવેશ-દ્વેષવાળું કરશું તો આપણને કર્મબંધ થશે અને કષાયના સંસ્કાર દૃઢ થશે. ઉપકાર કરવા જઈએ અને પહેલી આપણી જ ખરાબી કરીએ એ કેવું ? માટે આપણું મન લેશ પણ ન બગડવા દેવું આ નિર્ધાર.

શબ્દ સૌમ્ય અને મધુર બોલવાથી પણ પહેલો તો આપણા જ દિલમાં ઉલ્લાસ રહે છે, તથા સામા પર એની અસર પડે છે, એને પ્રોત્સાહન થાય છે. કઠોર કડવા તીખા શબ્દ સ્વ-પર બંનેને ખોટા ઉશ્કેરે છે. આપણે કહેવા જઈએ સારી ભાવનાથી; ત્યારે બને ઉલ્ટું એવું કે શબ્દ એવાને લીધે સામાના દિલમાં આપણા માટે વિરોધ જાગૃત થાય. માટે શબ્દ સૌમ્ય અને મધુર વાપરવા.

**સામાનું વ્યક્તિત્વ-સ્વમાન ન હણાય એ ખ્યાલ રાખવા માટે** સામામાં જે કોઈ સારી વિશેષતા દેખાય તેની કદર કરવી, એનું ગૌરવ ગાવું અને પછી જે ત્રુટિ માટે કહેવું તે એમ કહીને કે જો આટલી પૂર્તિ થઈ જાય તો કેવો મહાન લાભ થાય !... વગેરે.

જગાડવા માટે સામાને જે રસ હોવાનું દેખાતું હોય તેની સાથે આપણે કહેવાની વસ્તુની કડી જોડી જેથી એને લાગે કે આપણા લાભની વાત લાગે છે.

**(૧-૨) દરેક શિક્ષક, ઉપદેશક તથા શિખામણ આપનારે આ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે કે આમેય સામાન્ય રીતે વાતચીત કરનારો પણ જો ઉકળી ઉઠીને વાત કરે, અગર વાત** કરતાં સામા પ્રત્યે દ્વેષ દેખાડે, તો એ ગમતો નથી; તો પછી આપણે તો બીજાને કાંઈક આપવું છે, તો ઉકળીએ, દ્વેષ બતાવીએ, મુખમુદ્રા બગાડીએ, તો સામાને આદરણીય ક્યાંથી બનવાના ? એ નહીં તો આપણું કહેલું ક્યાંથી ઝીલાવાનું ? નહિ જ. એટલા માટે સૌમ્ય દિલ, સૌમ્ય મુખાકૃતિ અને સૌમ્યતા-ભરેલા શબ્દ એ પહેલા જરૂરી છે. એ જાળવનાર શિક્ષક-ઉપદેશક-વડીલ સારા સફળ થાય છે.

પ્ર. એમ તો વિદ્યાર્થી ડાંડ કે ઉદ્ધત હોય કે બને, ત્યાં સૌમ્યતા શી રખાય ?

ઉ. એટલા જ માટે આ સૌમ્યતાનો એ અર્થ નથી કે આપણે નિસ્તેજ માયકાંગલા જેવા બનવાનું; આપણું ઓજસ તો દેખાડવું જ જોઈએ, જેથી ડાંડ તો ડરતા જ રહે. અવસર પર એ ઓજસનો એને કોક વાર પરચો બતાવવો ય પડે. પરંતુ એનો એ અર્થ નથી કે હર વખત તપીતપીને બોલવું. એમ બોલતાં તો સારા વિદ્યાર્થીને પણ આપણા પર આકર્ષણ નહિ ઊભું થાય; તેથી આપણે એને ધાર્યું નહિ આપી શકીએ. આપણા તરફ આકર્ષણ, સદ્ભાવ, આસ્થા તો પહેલા નંબરમાં ટકાવી રાખવાના છે. એ હશે તો સામાને સારું આપી શકીશું, એ લેવા એનું દિલ તૈયાર હશે. માટે જ સૌમ્યતાને હૃદય, મુદ્રા અને વાણીમાં બરાબર જાળવવી-ઉલસતી રાખવી જરૂરી છે.

આ માટે આપણા દિલમાં સામા પ્રત્યે ભાવદયાનો જ ઝરો

**વહેતો રાખવાનો. 'એ બિચારો કર્મપીડિત છે. ભૂલભાલ કરે તો તેવા કર્મે પ્રેર્યો કરે છે. એના એ કર્મ હટી, એને સદ્‌બુદ્ધિ મળો, સદ્‌બોધ મળો; — આ જ એક કરુણાભાવના ઝળહળતી રહે. જેથી દ્વેષ-ઉકળાટ-અસૂયા જરાય ન ઉઠે.**

(૨) સામાના વ્યક્તિત્વ-સ્વમાન પર પણ ઘા ન પડે એ ય ધ્યાન રાખવાનું છે; કેમકે એમ થવાથી એના હૈયે આઘાત લાગે છે, ને એમાંથી એક અવ્યક્ત વિરોધ ઊભો થાય છે. વિરોધ આપણું કહેલું ગ્રહણ કરવા આડે દિવાલનું કામ કરે છે. એ જોવા મળે છે કે પિતાએ પુત્રને વારંવાર ઉતારી પાડી એનું વ્યક્તિત્વ હણી નાખ્યું હોય અને માતાએ સમજાવી ઉત્સાહ પ્રેરી કામ લીધું હોય તો પુત્રના દિલમાં પિતા પ્રત્યે વિરોધ અને માતા પ્રત્યે સદ્‌ભાવ રહે છે. હવે જો અવસરે પિતા કાંક શિખામણ આપશે તો પુત્ર એને નહિ વધાવે; પણ માતા જો કહેશે તો તો એ ઝટ વધાવી લેશે.

માટે આ ધ્યાન રાખવાનું છે કે સામાનું વ્યક્તિત્વ હણાય એવી રીતે એને ઉતારી પાડવો નહિ. ખાસ કરીને બીજાઓની સમક્ષમાં એનું હલકું બોલ બોલ કરવાનું નહિ જ થવું જોઈએ. એની ભૂલ એકાંતમાં કહેવી; તે પણ એવી રીતે કે પહેલાં એની ચોક્કસ વિશેષતાઓનું ગૌરવ કરીને પછી પ્રેમભાવે એક સાચા સલાહકાર તરીકે સલાહ રૂપે એને કહેવું.

**વિલાયતમાં એક માણસને** એના છોકરાની ખાનગીમાં સીગારેટ પીવાની આદત છોડાવવી હતી. કેટલાક દિવસ એ કાંઈ જ એ માટે બોલ્યો નહિ અને પ્રેમાળ વ્યવહાર બરાબર જાળવ્યો. પછી અવસર પામીને એક વાર એ છોકરાને કહે છે

કે 'મેં સાંભળ્યું છે કે તું બહુ સારો સ્પોર્ટ્સમેન (રમતનો ખેલાડી) છે. મને આનંદ થયો. એ માટે તારે જે કાંઈ સારાં સાધન જોઈએ એ ખુશીથી વસાવી લેજે. હું ઇચ્છું છું કે તું દુનિયામાં પ્રસિદ્ધ સ્પોર્ટ્સમેન થા. એમાં એક વસ્તુ ખાસ ધ્યાન રાખજે કે શ્રેષ્ઠ સ્પોર્ટ્સમેન થવા માટે છાતી મજબૂત જોઈએ, અને ડાક્ટરો કહે છે કે સીગારેટ-ચીરુટ વગેરે એ હાર્ટ-ફેફ્સા-છાતીનું જોર હણી નાખે છે, માટે એમાં કદી ફસાતો નહિ.' – પિતાએ પુત્રના વ્યક્તિત્વને સાચવીને સૌમ્ય શબ્દોમાં કહેલી આ શિખામણ પર ત્યાં ને ત્યાં પુત્રે નિર્ધાર જાહેર કર્યો કે 'હું સીગારેટ વગેરેને બીલકુલ અડીશ નહિ,' અને જીવનભર એ પ્રમાણે વર્ત્યો.

શિક્ષકોને વર્ગમાં વિદ્યાર્થીઓને કહેવાનો પ્રસંગ આવે છે, ત્યાં એને ઉતારી ન પાડતાં કરેલી ભૂલના કેવા દીર્ઘ અનર્થ ઊભા થાય છે એ સમજાવ્યું હોય અને વિદ્યાર્થીની સાથે હમદર્દી બતાવી એના ભાવી ઉચ્ચ જીવન, ઉચ્ચ કારકિર્દી જોવાની ભારે લાગણીપૂર્વક આશા દેખાડી હોય તો એની એના પર સુંદર અસર થાય છે.

ઉપદેશક પણ શ્રોતાઓને વારે વારે માર્મિક કટાક્ષ, હલકા વિશેષણ અને એમની એકલી બદબોઈ-ઝાટકણી કરી ઉતારી પાડવાને બદલે એ આટલે ઊંચે આવવા કેવા ભાગ્યશાળી બન્યા છે, અને હવે એમાં અમુક તત્ત્વો ભળ્યા વિના મળેલી ઉચ્ચતા કેવી જોખમાઈ જાય છે, તો એ ખૂટતા તત્ત્વોની કેવી રીતે પૂર્તિ કરવી જોઈએ, એ કરવું કેવું સહેલું છે, અને છતાં ભારે ઉન્નતિદાયી છે, ઇત્યાદિ ઉત્સાહપ્રેરક સમજાવ્યું હોય તો શ્રોતાનો સદ્ભાવ, રુચિ, ધગશ તથા પુરુષાર્થ વધશે.

(૪) ચોથી વાત આપણે શિખામણ કે શિક્ષણ આપી દેવું છે એમ નહિ, પણ સામાને લેવું છે માટે આપીએ છીએ એ સ્થિતિ ઊભી કરવા સામામાં ઉર્મિ, રસ, આતુરતા જગાડવી જોઈએ. રસ જાગ્યો હશે તો એ સન્મુખ-અભિમુખ થશે, નહિતર પરાઙ્મુખ રહેશે અને આપણું કહેવું બહેરા કાન પર અથડાવા જેવું થશે. માટે વિદ્યાર્થીને સૂત્રની ગાથામાત્ર પણ આપવી હોય તો ય એનામાં રસ પહેલો ઊભો કરવો જોઈએ. આ માટે કેટલાક ઉપાય છે, દા.ત.

(૧) (i) વિદ્યાર્થીને પહેલાં કોઈ કથા કે કથાનો ટૂચકો યા કોઈ પ્રસંગ કહેવો, અને એમાં ખાસ કરીને વચમાં યા સરવાળે એને સહજભાવે એવું બતાવવું કે આ કૂતરાનું જીવન નથી પણ આ માનવ-જીવન છે. એમાં વડાઈ જ્ઞાનથી છે. એના સુસંસ્કારની મૂડી એ પરલોક અજવાળે છે. માટે જ્ઞાન ખૂબ પ્રાપ્ત કરો.

(ii) અથવા એ બતાવવું કે 'જ્ઞાનસમો કોઈ ધન નહિ' દુનિયામાં પૈસા ટકા વગેરે ગમે તેટલું ધન મેળવો પણ તેથી કાંઈ ભવના ફેરા નહિ ટળે; પાપ નહિ અટકે. ગમે તેટલું એ ધનગણો કે જાતમાં વાપરો, પુણ્ય ન મળે. ત્યારે જ્ઞાનથી પુણ્ય મળે છે, પાપ અટકે છે, ભવના ફેરા ટળે છે.

(iii) અથવા એ બતાવવું કે જીવને મિથ્યાત્વ, કષાય વગેરે કેટકેટલી જગાએથી પ્રતિસમય કર્મના તીર ભોંકાય છે. જ્ઞાનધ્યાનમાં રહીએ તો મહાન બચાવ મળે છે.

(iv) અથવા બતાવવું કે આપણે મહાવીર પ્રભુના સંતાન છીએ. આપણને આ અનુપમ મનુષ્યભવ-ઇન્દ્રિયો-મન-બુદ્ધિશક્તિ અને બીજી પુણ્યાઈ તથા તત્ત્વ અને મોક્ષમાર્ગનો

**ઉપદેશ મળવામાં એમનો આપણા પર અનહદ ઉપકાર છે; માટે આપણે એમની સાથે સંબંધ રાખવો જોઈએ, એ સંબંધ એમનું જ્ઞાન રટવાથી થાય.**

(v) અથવા બતાવી શકાય કે અહીં આપણને પશુને કે દેવને પણ ન મળે એવો અને મનુષ્યોમાં પણ બહુ થોડાને મળે એવો મહાદુર્લભ પુરુષાર્થકાળ મળ્યો છે. એનો ઉપયોગ આપણા આત્માના ઉદ્ધારક અને પવિત્ર જ્ઞાનધ્યાન તથા ધર્મસાધનામાં નહિ કરીએ અને જનાવર કે કીડામંકોડા પણ જે ખાનપાન-રંગ-રાગમાં કરે એમાં જ કરતાં રહીશું તો એક તો આપણા ઉચ્ચ બુદ્ધિ શક્તિવાળા મનુષ્યભવને કલંક લાગશે અને બીજું આ મોંઘેરા પુરુષાર્થકાળની મહામૂડી બરબાદ જશે ! માટે એનો જ્ઞાનધ્યાનાદિમાં સદુપયોગ અવશ્ય કરવો જોઈએ.

(vi) જગતમાં તે તે સંસ્થાનાં શિક્ષણ માણસો લે છે. તો આપણી ધર્મસંસ્થાનું શિક્ષણ આપણે લેવું જ જોઈએ, જો આપણને આ સંસ્થા પામ્યાનું ગૌરવ હોય. એનાથી બુદ્ધિ સ્વચ્છ બને છે, તેથી જીવન ઉમદા બને છે અને ઘણા પાપવિચારો વગેરેથી બચી જવાય છે.

આવી આવી પ્રેરણામાંથી ગમે તે પ્રેરણા આપી વિદ્યાર્થીમાં રસ જગાડી શકાય.

(૨) એમ, વિદ્યાર્થીઓને સમૂહજ્ઞાન (chorus) તરીકે પહેલાં જુદા જુદા રાગમાં નવકાર મંત્ર, ચત્તારિ મંગલં, કોઈ સ્તવન-સજ્ઝાય ગવરાવવાથી પણ એમનામાં સ્ફુર્તિ આવે છે. એ રીતે રસ જાગ્રત કરી શકાય.

(૩) અથવા વિદ્યાર્થીઓમાં અરસપરસ પ્રશ્નોત્તરી કરાવવાથી પણ સ્ફુર્તિ આવે છે.

(૪) એમ, કોઈ યોજના મૂકવાથી — દા.ત. આ સપ્તાહમાં કે આજે યા ૨-૩ દિવસમાં આટલી ગાથા કરી આપશે, અથવા ભણાવેલું યાદ રાખી લેશે તેની પરીક્ષા લઈ ગુણાંક (માર્ક્સ) આપવામાં આવશે અને એના પર ઈનામો અપાશે; — આવી યોજનાથી પણ રસ પેદા થાય છે. અહીં કદાચ એમ પ્રશ્ન થાય કે 'એમ લાલચથી ભણેલાનો શો અર્થ ? પણ એનો ઉત્તર એ છે કે એક વાર એને રસ જગાડી ભણવામાં પ્રવૃત્તિ કરવા દો, પછી આપણી કૂનેહથી વચમાં કોઈ કથા કે સજ્ઝાયાદિ દ્વારા એવો વૈરાગ્યરસ પોષીએ કે એને તુચ્છ લાલચ પર ઘૃણા થશે. પરંતુ પહેલાં તો ભણવામાં જોડીએ પછી જ આ સંભવિત ને ? એ આઘો ને આઘો હશે તો એને શું કહી શકાશે ?

(૫) રસ જગાડવા વિદ્યાર્થીઓને કોઈ સમૂહ-સ્નાત્ર, સંગીત, નજીકના તીર્થની યાત્રા કે નાસ્તારૂપ નાના સાધાર્મિકવાત્સલ્ય વગેરેના કાર્યક્રમમાં જોડવાની પણ આવશ્યકતા છે.

શિક્ષણ માટેના રસની જેમ પુત્રાદિ કે શિષ્યાદિને શિખામણ સાંભળવાનો રસ રહે એ માટે વિશેષ કરીને એ પણ જરૂરનું છે કે એની બીજી ચિંતાઓમાં આપણે રસ રાખીએ, એની જરૂરિયાતો સંભાળી લઈએ; એના રોગ આદિમાં સારી સરભરા કરીએ. એને એમ સચોટ બેસી જાય કે આ મારા પિતા કે ગુરુ પોતાની કાળજી કરતાં મારી કાળજી વિશેષ રાખે છે; મારા પર અથાગ વાત્સલ્ય ધરાવે છે.

ઉપદેશકે ઉપદેશમાં શ્રોતાને રસ જાગે અને ટક્યો રહે એ

માટે પહેલાં પોતાનું જીવન ત્યાગ અને નિસ્વાર્થભાવનાથી ઝગમગતું રાખવાની જરૂર છે. વળી પ્રતિપાદનો દૃષ્ટાન્ત, ઉપમા, તર્કભર્યા જોઈએ. તેય શ્રોતાની કક્ષાને યોગ્ય જોઈએ. તેમ આદ્ય વક્તા પરમાત્મા પર ભરપૂર ભક્તિ રાગ જમાવવો જોઈએ. કહેવાતું પાપત્યાગ અને ધર્મસાધના તથા ગુણોપાર્જનનું કહેવાનું છે, માટે શ્રોતાને પરલોક દૃષ્ટિ જ્વલંત બનાવી આપવી જોઈએ. એમાં એને ભવભ્રમણનો ભારે ભય અને આત્મ કચરામણનો ભારે ખેદ જાગે તથા કર્મ તેમજ રાગદ્વેષ તૃષ્ણા-અહંકારાદિ આંતર શત્રુઓ પ્રત્યે નફરતની પગથી માથા સુધી ઝાળ લાગે એવું કરવું જોઈએ... વગેરે.

શિક્ષણ-શિખામણ-ઊપદેશ સામો ઇચ્છે અને આપણે આપીએ એવું કરવા ઉપરોક્ત ચાર મુદ્દા બરાબર સાચવવાની જરૂર છે.

卐

# પ.પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ.સા.એ
# પૂજ્યશ્રીનાં સંકલિત કરેલ પુસ્તકોની યાદી

- ● યોગદૃષ્ટિ ભા. ૧
- ● પ્રીતમકેરો પંથ નિરાળો
- ● પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા
- ● સૂરિ પુરંદર
- ★ યતિ હિતશિક્ષા
- ★ સ્વાધ્યાયનો સ્વાધ્યાય
- ● વાચના પ્રસાદી
- ★ ભવ અનંતમાં દરિશન દીઠું
- ★ મીઠાં ફળ માનવભવના (દ્વિતિય આવૃત્તિ)
- ★ મનને મનાવી લે
- ● દરિસણ તરસીએ...
- ● વાચનાનો ખજાનો
- ★ ધર્મનો રંગ વધે ઉમંગ
- ★ ધર્મ કીયે સુખ હોય
- ● મળે જિન ચરણા, ટળે ભવ ભ્રમણા
- ★ મનને સંભાળી લે
- ● વાચનાનો ધોધ, કરે આત્મપ્રબોધ
- ★ વાચના વૈભવ
- ★ પ્રભુ નામે સંતાપ શમે
- ★ સમાધિનો ખજાનો
- ★ દિલ અટકો તોરા ચરણ કમલ મેં
- ★ જીવનની ઔષધિ, મનની સમાધિ
- ★ ભક્તિની ભીનાશ, હૃદયની સુવાસ
- ★ જીવન બને ઉપવન
- ★ સંકલ્પ ભળે, સિદ્ધિ મળે
- ★ પ્રભુના ધ્યાને, પ્રભુતા પામે
- ★ સમતાની લ્હાણી, જીવનની કમાણી
- ● તું તારું સંભાળ
- ★ બાંધો પ્રભુ સાથે પ્રીત
- ★ રહો નિત્ય પ્રસન્ન
- ★ વિરાગના ઉપવનમાં
- ★ જિન શાસનનું ઝવેરાત
- ★ બાંધો પ્રભુસે પ્રીત
- ★ ગુપ્ત ભંડારની ચાવી ૧-૨ આ...
- ★ અરિહંતનું નામ વિશ્રામનું...
- ★ કંટાળશો નહિ જીવનથી...
- ★ નવરસમય નવકાર
- ★ કામ ક્રોધાદિ અટકે, ભ... ૧-૨ આવૃત્તિ
- ★ તપનો મહિમા ભારી, ઉધ...
- ★ માનવજીવનની જડીબુટ્ટી
- ★ ઉન્નતિની ચાવી
- ★ કરીએ પાપ વિરામ, મેળવી... ઝવેરાત
- ★ લઈએ શરણ અરિહંતનું
- ★ પ્રભુને મળીએ, પ્રભુમાં ભળીએ
- ★ પર્યુષણાનું આલંબન, દૂર કરે ભવના બંધન
- ★ પ્રભુનું નામ, શીતલતાનું ધામ
- ● સુખ લહું ઠામોઠામ
- ★ સુખ અને સાત્ત્વિકતાની અનુપમ ચાવી
- ★ પ્રભુનો પ્રસાદ, સુખનો આસ્વાદ
- ★ સદ્‌વિચારોની અનેક ચાવીઓ
- ★ પ્રતિક્રમણ મહાયોગ
- ★ કરીએ નિર્મલ ચિત્ત, મેળવીએ પ્રભુ પ્રીત
- ★ કરીએ મનનું જતન, પામીએ મનોરતન
- ★ ગુપ્ત ભંડારકી ચાવી
- ★ જીવન વિકાસની અનેક ચાવીઓ
- ★ સાધનાનો રંગ, અપાવે મુક્તિ અભંગ
- ★ જિંદગી જીવવા જેવી લાગે છે ?
- ★ સ્વામી તુમે કાંઈ કામણ કીધું
- ★ વાતે વાતે આમ કેમ?
- ★ દૃષ્ટિ બદલો – સૃષ્ટિ બદલે
- ★ પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે, સેવકના દુઃખ શમાવે
- ★ ચાલો પાવન થઈએ
- ★ બ્રહ્મચર્યના તેજ લિસોટા
- ★ વધે ધર્મ તેજ, ઘટે મોહ તેજ
- ★ રોટલાની રામાયણ, કાંકરાએ સુધારી (વાર્તાઓ)
- ★ પ્રભુનું દર્શન, કરે પાપ વિસર્જન
- ★ આરાધનાની વાત ચાર, હૈયે હર્ષ અપાર
- ★ દરેક પ્રશ્ન આમ કેમ?
- ★ તમને શું દુઃખ છે ?
- ★ ગુપ્ત ભંડારની ચાવી
- ★ વાર્તા વિહાર
- ● આત્મ વિકાસનો માર્ગ
- ● ચોમાસી આરાધના, કરીએ ભાવે ઉપાસના
- ● ભાગ્યશાળીને ભૂત રળે (વાર્તાઓ)
- ● ...ઃખ છે ? ...ય કરીએ
- ● ...ારની ચાવી ...શો?
- ...હાર
- ...સનો માર્ગ
- ...રાધના, કરીએ ભ...
- ... ભૂત રળે (વાર્તા... બનાવે વીતરાગ
- ...રીએ ... ો મુક્તિ મેવા
- ...ાલંબન
- ... (વાર્તા)
- ... વિજ્ઞાન
- ...ો... ...માં નવિ ભટકો... (પ્રેસમાં)

આજના કાળે ઊભરાતા અશુભ સંકલ્પો-વિકલ્પોથી બચવા અને શુભ અધ્યવસાયોમાં મનને ઝીલતું રાખવા તથા જીવનમાં ઉદ્‌ભવતી જટિલ સમસ્યાનો ઉકેલ પામવા વૈરાગ્ય અને અધ્યાત્મનો બોધ મેળવવા, આરાધનામાં જોમ પૂરવા, દિવ્ય જ્યોતિર્ધરોનો પરિચય કરવાને જૈન તત્ત્વોની વિશદ તાર્કિક અને તાત્ત્વિક સમજણ તથા આત્મશુદ્ધિ અને શુભ ભાવોનું સતત સાતત્ય જાળવવા ઇચ્છતા હો -- તો આજે જ દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પૂજ્યપાદશ્રીના હસ્તે લખાયેલાં પુસ્તકોને મેળવી જીવનને સફળ બનાવો.

દિવ્યદર્શન ટ્રસ્ટ C/o. કુમારપાળ વી. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી, ધોલકા -- ૩૮૭૮૧૦. જિલ્લો : અમદાવાદ. ગુજરાત.

(★ આ નિશાની અપ્રાપ્ય પુસ્તકોની છે.)